**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૦૮ |
| પાઉન્ડ | ૧૦૮.૯૯ |
| યુરો | ૯૦.૯૪ |
| સઉદી રિયાલ | ૨૨.૩૯ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૮૦,૬૧૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૧૦,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ઈન્શાઅલ્લાહ
Member of IATA
ACTIVE MEMBER
AIHUTOA
ઉમરાહ વિઝા
દુબઈ વિઝા
દિવાળી વેકેશન ઉમરાહ
Rs.1,05,000/-
રવા.તા.૨૫/૧૦/૨૦૨૪
જુજ સીટો બાકી છે
અમદાવાદ - જિદ્દાહ - અમદાવાદ
ડાયરેક્ટ ફ્લાઈટ
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
Email : info@hajindia.com

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૮૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# બહરાઈચમાં આરોપીના મકાનનું ડિમોલિશન એક દિવસ અટકાવતી સુપ્રીમ

(એજન્સી) તા.૨૨

સુપ્રીમ કોર્ટે મંગળવારે યોગી આદિત્યનાથ સરકારને આડકતરી રીતે બહરાઈચના અમુક રહેવાસીઓની ઈમારતોને બુલડોઝ કરવા સામે ચેતવણી આપી હતી. કોર્ટે કહ્યું કે, જો સરકાર ઉચ્ચ અદાલતના નિર્દેશોનું ઉલ્લંઘન કરવાનું જોખમ લેવા માંગતી હોય તો તે રાજ્ય સરકારની પસંદગી છે. કોર્ટે નોંધ્યું હતું કે, 'બુલડોઝર જસ્ટિસ' કેસમાં તેના આદેશો સ્પષ્ટ કરે છે કે, જો આ બાંધકામો ગેરકાયદેસર હોય તો તે દરમિયાનગીરી કરશે નહીં. જસ્ટિસ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે



## જે ૨૩ લોકોની સામે નોટિસ ફટકારવામાં આવી છે તેમાં ટોળાની હિંસાના મુખ્ય આરોપી અબ્દુલ હમીદનો સમાવેશ થાય છે

ઉત્તરપ્રદેશ સરકારને આવતીકાલની આગામી સુનાવણી પહેલાં કોઈ પગલાં ન લેવા જણાવ્યું છે. ઉત્તરપ્રદેશ રાજ્યે મંગળવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, સત્તાવાળાઓ આવતીકાલ સુધી બહરાઈચના અમુક રહેવાસીઓની ઈમારતો સામે જારી કરવામાં આવેલી ડિમોલિશન નોટિસ પર કાર્યવાહી કરશે નહીં. વધારાના સોલિસિટર જનરલ કે.એમ. નટરાજે રાજ્ય વતી આ રજૂઆત જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ કરી હતી, જેમની સમક્ષ સૂચિત તોડી પાડવા સામે રક્ષણ મેળવવાની અરજીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ૧૩ ઓક્ટોબરના રોજ દુર્ગા મૂર્તિઓના વિસર્જન માટેની વાર્ષિક શોભાયાત્રા દરમિયાન બહરાઈચના મહાસી વિસ્તારમાં કોમી હિંસા પછી ટોળાની હિંસા ફાટી નીકળી હતી. હિંદુ યુવક રામગોપાલ મિશ્રાના મૃત્યુ બાદ ટોળાએ મુસ્લિમો વિરુદ્ધ હિંસા ફેલાવી અને તેમના ઘરો, દુકાનો, બાઈક, ટ્રેક્ટર અને કારને આગ ચાંપી અને તોડફોડ કરી હતી. ૨૩ ઘરો અને દુકાનોને સરકારી જમીનના હિસ્સાને ખાલી કરવા માટે નોટિસ આપવામાં આવી હતી, જે ૨૩ લોકોની સામે નોટિસ ફટકારવામાં આવી છે તેમાં ટોળાની હિંસાના મુખ્ય આરોપી અબ્દુલ હમીદનો સમાવેશ થાય છે.

## બહરાઈચ હિંસા : ઉત્તરપ્રદેશ સરકારની ડિમોલિશન નોટિસ વિરુદ્ધ ત્રણ આરોપીઓની અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે

**અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહે જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણીની માગણી કરતા આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો**



(એજન્સી) તા.૨૨

સુપ્રીમ કોર્ટ બુધવાર, ૨૩ ઓક્ટોબરે ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા જારી કરવામાં આવેલી ડિમોલિશન નોટિસ વિરુદ્ધ બહરાઈચ કોમી હિંસા ઘટનામાં ત્રણ આરોપીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરવા સંમત થઈ હતી. અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહે જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણીની માગણી કરતા આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. સિંઘે બેન્ચને જણાવ્યું હતું કે, આ ત્રણ વ્યક્તિઓની અરજી છે જેઓને ડિમોલિશન નોટિસ આપવામાં આવી છે. રાજ્ય સરકારે નોટિસનો જવાબ આપવા માટે માત્ર ત્રણ દિવસનો સમય આપ્યો છે. જાહેર બાંધકામ વિભાગે બહરાઈચ જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરવાની સૂચના જારી કર્યા પછી સ્થાનિકોએ તેમની દુકાનો ખાલી કરી દીધી છે.

સિંઘે રજૂઆત કરી હતી કે, અરજદાર નં.૧ના પિતા અને ભાઈઓએ આત્મસમર્પણ કર્યું હતું અને નોટિસ કથિત રીતે ૧૭ ઓક્ટોબરના રોજ જારી કરવામાં આવી હતી અને ૧૮મી સાંજે પેસ્ટ કરવામાં આવી હતી. ઉત્તરપ્રદેશ સરકાર તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ. નટરાજે કોર્ટને જણાવ્યું કે, અલ્હાબાદ હાઈકોર્ટે આ બાબતની નોંધ લીધી છે અને નોટિસનો જવાબ આપવા માટે ૧૫ દિવસનો સમય આપ્યો છે. ત્યારબાદ બેન્ચે કહ્યું કે, જો યુપી સરકાર અમારા આદેશનો ભંગ કરવાનું જોખમ લેવા માંગે છે તો તે તેમની પસંદગી છે. અરજદારોના વકીલે કહ્યું કે, હાઈકોર્ટે કોઈ રક્ષણ આપ્યું નથી. ત્યારપછી સર્વોચ્ચ અદાલતે એએસજીને બુધવાર સુધી કોઈ કાર્યવાહી ન કરવા માટે મૌખિક રીતે કહ્યું અને કેસને સુનાવણી માટે મુલતવી રાખ્યો હતો. રામગોપાલ મિશ્રા (૨૨)નું રવિવારે મહારાજગંજમાં પૂજા સ્થળની બહાર મોટા અવાજે સંગીત વગાડવામાં આવતા વિવાદ થયા બાદ ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. આ ઘટનાથી સાંપ્રદાયિક હિંસા ભડકી હતી, જેના કારણે આ વિસ્તારમાં આગ તોડફોડ થઈ હતી અને ચાર દિવસ માટે ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યું હતું.

## મમતા બેનરજી સાથે વાટાઘાટો બાદ ભૂખ હડતાળનો અંત લાવતા કોલકાતાના જુનિયર ડોક્ટર

### પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી સાથેની બેઠક મળી ત્યારે મમતા બેનરજીએ ડોક્ટરોને એમની ભૂખ હડતાળનો અંત લાવી દેવા અપીલ કરી હતી અને કહ્યું હતું કે, મોટાભાગની અમારી માગણીઓ સરકારે સ્વીકારી લીધી જ છે, જો કે આરોગ્ય સચિવને દૂર કરવાની એમની માંગણી મુખ્યમંત્રીએ નકારી કાઢી છે

(એજન્સી) કોલકાતા, તા.૨૨

છેલ્લા લાંબા સમયથી ભૂખ હડતાળ પર ઉતરેલા કોલકાતાના જુનિયર ડોક્ટરો સાથે સોમવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની બેઠક સફળ રહી હતી અને મુખ્યમંત્રી સાથે વાતચીત કર્યા બાદ જુનિયર ડોક્ટરોએ ભૂખ હડતાળનો અંત લાવવાની જાહેરાત કરી હતી. ૧૭ જેટલા જુનિયર ડોક્ટરોના ડેલિગેશનને મુખ્યમંત્રી સાથે ચર્ચા વિચારણા કરી હતી. સીએમ અને જુનિયર ડોક્ટરો વચ્ચેની બેઠક લગભગ બે કલાક ચાલી હતી અને વિવિધ મુદ્દાઓ



પર વિચારોની આપ-લે થઈ હતી અને જુનિયર ડોક્ટરોએ વ્યક્ત કરેલી ચિંતાઓ અંગે પણ મુખ્યમંત્રીએ પ્રતિસાદ આપ્યો હતો. ભય અને જોખમની સંસ્કૃતિ તથા રાજ્ય સંચાલિત હોસ્પિટલોમાં દહેશતના વાતાવરણ સહિતની ચિંતાઓ જુનિયર ડોક્ટર વ્યક્ત કરી હતી. આ બેઠક બાદ જુનિયર ડોક્ટરોએ ભૂખ હડતાળ પૂરી કરી હતી. આ રીતે વાટાઘાટો અત્યંત સફળ રહી હતી. જુનિયર ડોક્ટરોએ બેઠક બાદ જણાવ્યું હતું કે આજની મંગળવારની સીએમ સાથેની બેઠકમાં અમને ચોક્કસ દિશાની કેટલીક ખાતરીઓ જરૂર મળી છે પરંતુ રાજ્ય સરકારનો જે હાવભાવ છે એ સારો દેખાયો નથી. આમ જનતાએ અમને દિલથી ટેકો આપ્યો છે. આમ જનતા અને અમારી મૃતક બહેન ડોક્ટરના માતા-પિતાએ પણ અમને ટેકો આપ્યો છે અને અમને ભૂખ હડતાળ પૂરી કરવાની વિનંતી કરી છે. ડોક્ટરોની બગડતી જતી તબિયતને ધ્યાનમાં રાખીને અમને વિનંતી કરવામાં આવી છે. ભૂખ હડતાળના ૧૭મા દિવસે મુખ્યમંત્રી સાથે ફરી આવી એક બેઠક થઈ હતી અને રાજ્યના સચિવાલયમાંથી બેઠકનું જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ભૂખ હડતાળનો અંત લાવવા ડોક્ટરોને અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તમારી મોટાભાગની માંગણીઓ અમે સ્વીકારી લીધી છે પણ મુખ્યમંત્રીએ રાજ્યના ગૃહ સચિવને હટાવવાની માંગણી સ્વીકારી નહોતી. મુખ્યમંત્રીએ ઘણા બધા સવાલો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે યોગ્ય પ્રક્રિયા અને નીતિ નિયમોનું પાલન કર્યા વિના જ સંખ્યાબંધ જુનિયર ડોક્ટર અને મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને માત્ર ફરિયાદના આધારે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. આવું કઈ રીતે કરી શકાય? રાજ્ય સરકારને જાણ ના કરી આવા પગલા લેવાની સત્તા કોલેજના સત્તાવાળાઓને કોણે આપી? કોલેજ સત્તાવાળાઓને આવો અધિકાર કોણે આપ્યો ? રાજ્ય સરકારની હોસ્પિટલોમાં હિંસાના વાતાવરણ અંગે જુનિયર ડોક્ટરોએ બેઠકમાં ચિંતા દર્શાવી હતી અને જે કોઈ જવાબદાર હોય તેમની સામે પગલાં લેવા માટે અનુરોધ કર્યો હતો. જુનિયર ડોક્ટરોનું કહેવું હતું કે ભય અને ધાક ધમકીની સંસ્કૃતિ જોવા મળી રહી છે. આ માટે અનેક નામો બહાર આવે છે એ લોકો જુનિયર ડોક્ટરોને ધમકાવતા હોય છે અને સત્તાનો દુરુપયોગ કરે છે અને એમના રજીસ્ટ્રેશન રદ કરાવવાની ધમકીઓ પણ આપે છે એટલે હોસ્પિટલોમાં સારૂં અને તંદુરસ્ત વાતાવરણ ઊભું થવું જોઈએ એવી લાગણી જુનિયર ડોક્ટરોએ વ્યક્ત કરી હતી. તેમણે રજૂઆત કરી હતી કે આવા ગુંડાઓને કારણે જ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના કેમ્પસનું વાતાવરણ દૂષિત બન્યું છે. વિદ્યાર્થીઓના ઓઠા હેઠળ એટલે કે વિદ્યાર્થીઓ બનીને વિદ્યાર્થીઓ આવા ગુંડાઓ આવે છે. એટલે રાજ્ય સરકાર ખરેખર આ અંગે તમામની ચકાસણી કરે અને પછી નિર્ણય લે તો એ જરૂરી છે. જો તમે આવા વિદ્યાર્થીઓની જવાબની વહી તપાસો અને એમના જવાબ જુઓ તો તમને ખ્યાલ આવી જશે કે આ લોકોને તો પાસ થવા જેટલા થોડા ઘણા ગુણ પણ આપી શકાય એવા જવાબો નથી એમના દેખાવ પરથી રાજ્ય સરકાર નક્કી કરી શકે છે. બેઠકમાં નક્કી થયેલા મુદ્દા મુજબ અને સમજૂતી મુજબ હવે રાજ્ય સરકાર ૨૨મી ઓક્ટોબરે ચોક્કસ આદેશો બહાર પાડી શકે છે. ડોક્ટરોની ૧૭ દિવસની ભૂખ હડતાળનો આ રીતે હવે અંત આવ્યો છે અને ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. ન્યાય માટે અને સમગ્ર રાજ્યના આરોગ્ય માળખા અને પદ્ધતિમાં સુધારા લાવવા માટેની માંગણી સાથે આંદોલન કરી રહ્યા છે. ભૂખ હડતાળ પર બેઠેલા ૬ ડોક્ટરોને અત્યાર સુધી સારવાર આપવામાં આવી છે.

CELEBRATING EXCELLENCE 34 years GT

**ક્યા બાત હૈ ?!**

**સાહેબ, લાશ પાસેથી આ ચીઠ્ઠી મળી છે ! લખ્યું છે ભ્રષ્ટાચારને રાતોરાત ખતમ ન કરી શકાય, ભ્રષ્ટાચારીને તો કરી શકાય ને !**




## વકફ સુધારા ખરડા અંગેની JPCની એક વધુ બેઠક ફારસ રૂપ બની TMCના સાંસદ કલ્યાણ બેનરજીએ ગુસ્સામાં અને ભાજપના સાંસદ સાથે ચડભડ થયા બાદ કાચની બોટલ ફોડતાં હાથમાં વાગ્યું



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

વકફ સુધારા ખરડા અંગે ચર્ચા વિચારણા કરવા રચવામાં આવેલી સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસીની એક વધુ બેઠક ધાંધલ ધમાલ ભરી અને ફારસ રૂપ બની રહી હતી. આ બેઠકમાં કોઈ મુદ્દા પર ભાજપના સાંસદ અભિજીત ગંગોપાધ્યાય સાથે ટીએમસીના સાંસદ અને નેતા કલ્યાણ બેનરજીને ગરમાગરમ જીભાજોડી થઈ પડી હતી એ પછી ગુસ્સામાં કલ્યાણ બેનરજીએ કાચની બાટલી ફોડી નાખતા એમને હાથના અંગૂઠા અને આંગળી પર ઈજા થઈ હતી જેના કારણે એમને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવી પડી હતી તેવું જાણવા મળ્યું છે. જેપીસીની બેઠક જ્યારે પણ મળે છે ત્યારે વિપક્ષના સભ્યો સાથે શાસક ભાજપના સભ્યો દલીલબાજી પર ઉતરી આવે છે અને આક્ષેપબાજીઓ થવા લાગે છે. જેના કારણે બેઠકમાં ગરમાગરમી થાય છે અને ચર્ચા-વિચારણાનો મૂળ હેતુ પાર પડતો નથી. આવું દરેક બેઠકમાં થઈ રહ્યું છે. મંગળવારે પણ બેઠકમાં ભાજપના સાંસદ સાથે ગરમાગરમ વિવાદ થયા બાદ કલ્યાણ બેનરજીએ કાચની બોટલ ફોડી નાખતા એમને ઈજા થઈ હતી અને એક તબક્કે અસદુદ્દીન ઓવૈસી તથા આપના નેતા સંજયસિંહ કલ્યાણ બેનરજીને દોરીને બેઠક રૂમની બહાર લઈ જતા દેખાયા હતા. જેપીસી ચેરમેન જગદંબિકા પાલના અધ્યક્ષસ્થાને મળેલી ખરડા અંગે નિવૃત્ત જજ અને ધારાશાસ્ત્રીઓનું એક ડેલિગેશન એમના મંતવ્ય વ્યક્ત કરી રહ્યું હતું ત્યારે વિપક્ષના સભ્યોએ આ ખરડા અંગે તેમના હિત અને એમના વિચારો શું છે એ વિશે સવાલો કર્યા હતા એ પછી ગરમાગરમી થઈ પડી હતી. જેપીસીની બેઠકોમાં વિપક્ષના સભ્યો અને ભાજપ તરફથી હાજર રહેલા પ્રતિનિધિઓ તથા ભાજપના સાથી પક્ષોના સભ્યો વચ્ચ દલીલબાજીઓ અને ગરમાગરમ જીભાજોડી થતી રહે છે. મંગળવારે પણ જ્યારે આ ખરડા અંગે સલાહ સૂચના લેવાની પ્રક્રિયા અંગે વિપક્ષના સભ્યોએ સવાલો ઉઠાવ્યા હતા ત્યારે ભાજપના સભ્યોએ વાંધો લીધો હતો અને વળતા પ્રહારો કરવા લાગ્યા હતા. વિપક્ષના કેટલાક સભ્યોએ રાજકીય કારણોસર સરકાર આ ખરડો લાવતી હોવાનો સરકાર પર આક્ષેપ કર્યો હતો અને એવો આક્ષેપ પણ કર્યો હતો કે મુસ્લિમ સમાજની વિરુદ્ધ આ ખરડો છે એટલે આ ખરડો લાવવાની ઉતાવળ વિશે પણ તેમણે પ્રશ્નો ઉઠાવ્યા હતા. સુત્રોએ જણાવ્યું હતું કે જેપીસી સમક્ષ એઆઈએમઆઈએમના નેતા અસદુદ્દીન ઓવૈસીએ લગભગ એક કલાક સુધી જેપીસી સમક્ષ રજૂઆતો કરી હતી અને ખરડામાં રહેલી ખામીઓ બતાવી હતી એ સમયે એમની અને ભાજપના સભ્યોની વચ્ચે જીભાજોડી જામી પડી હતી. દરમિયાન જાણવા મળ્યું છે કે ગેરશિસ્તભર્યું વર્તન બેઠકમાં કરવા બદલ ટીએમસીના સાંસદ બેનરજીને સસ્પેન્ડ કરવાનું જેપીસી વિચારી રહી છે.

## જેપીસીની બેઠકમાં બોટલ તોડવા બદલ ટીએમસીના સભ્ય કલ્યાણ બેનરજીને એક સત્ર માટે સસ્પેન્ડ કરતાં ચેરમેન

### ભાજપના સભ્ય સામે કોઈ પગલાં ન લેવાયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

જેપીસીની બેઠકમાં ભાજપના સભ્ય સાથે બોલાચાલી થયા બાદ ગુસ્સામાં કાચની બોટલ તોડી નાખનાર ટીએમસીના સભ્ય કલ્યાણ બેનરજીને એક સત્ર માટે સસ્પેન્ડ કરવાનો જેપીસીના ચેરમેન જગદંબિકા પાલે નિર્ણય લીધો છે. બેનરજી સાથે જીભાજોડી કરનાર ભાજપના સભ્ય સામે ચેરમેન દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

જેબીસીની બેઠકમાં કેટલાક મુદ્દાઓને લઈને બેનરજી અને ભાજપના સભ્ય અભિજીત ગંગોપાધ્યાય વચ્ચે ભારે વિવાદ થયો હતો અને એ તબક્કે ગરમાગરમ બોલાચાલી થઈ પડી હતી. આથી બેનરજીએ ત્યાં પડેલી કાચની બોટલ તોડી નાંખતા એમને હાથ પર ઈજા થઈ હતી. ચેરમેન જગદંબિકા પાલે ઘટનાની ગંભીર નોંધ લીધી હતી અને લોકસભાના સ્પીકર ઓમ બિરલાને ઘટનાની જાણ કરી હતી. ચેરમેન દ્વારા એક નિવેદનમાં જાહેર કરવામાં આવ્યું હતું કે આ બહુ મોટી ઘટના હતી અને પહેલી વખત અમારે જેપીસીની બેઠક મોકૂફ રાખી દેવી પડી હતી. ટીએમસીએ પણ એમના સભ્યોની વર્તણૂક અંગે ધ્યાન આપવું જોઈએ અને પગલાં લેવા જોઈએ. લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન નથી. હું દરેકને બોલવાની તક આપું છું અને કોઈને અટકાવ્યા નથી. જો કોઈ સભ્યને એવું લાગતું હોય કે હું એમને બોલવા દેતો નથી તો હું રાજીનામું આપવા તૈયાર છું. તેમણે ઉમેર્યું હતું કે જેપીસીની બેઠકમાં આવું કશું બનશે એવી તો કલ્પના પણ નહોતી. બેનરજી એમનો વારો નહોતો છતાં બોલવા માંગતા હતા જેના કારણે ભાજપના સભ્ય સાથે બોલાચાલી થઈ હતી.

ટીએમસી દ્વારા કલ્યાણ બેનરજીનો બચાવ કરવામાં આવ્યો છે. ટીએમસીએ જણાવ્યું છે કે ભાજપના સભ્ય અભિજીત ગંગોપાધ્યાય સારો સ્વભાવ ધરાવતા નથી અને ગેરવર્તન કરવા માટે કુખ્યાત છે જ્યારે અમારા સભ્ય કલ્યાણ બેનરજી ચાર ચાર ટર્મથી સંસદસભ્ય રહ્યા છે અને પોતાની કાબેલિયત પુરવાર કરી છે જ્યારે અભિજીત નવાસવા સંસદસભ્ય છે. સભ્ય ટીમમાં જે બન્યું તેમ અમને પણ દુઃખ છે આવું થવું ન જોઈએ. કઈ બાબતે બોલાચાલી થઈ છે અને કલ્યાણ જેવા શાંત સ્વભાવના સભ્યને શું કામ પિત્તો ગુમાવવો પડ્યો એ કારણ પણ સમજવું જોઈએ. જેપીસી ચેરમેન પણ યોગ્ય તપાસ કરે એ જરૂરી છે. તેમણે માત્ર એક સભ્ય સામે પગલાં લીધા છે. કેટલાક વિપક્ષી સભ્યોએ પણ એવો આક્ષેપ કર્યો છે કે જેપીસીની બેઠકમાં ભાજપના સભ્યો વ્યક્તિગત આક્ષેપો કરે છે.

# ભાજપની બમ્પર મેમ્બરશીપ ડ્રાઈવ : બોગસ સભ્યો અને સદસ્યતા અભિયાનમાં છેતરપિંડીના આક્ષેપો સાથે બે મહિનામાં '૧૦ કરોડ નવા સભ્યો'

**૨૦૧૪ની સરખામણીએ ભાજપે આ ટાર્ગેટ વધુ ઝડપથી હાંસલ કર્યો છે, આ મેમ્બરશીપ ડ્રાઈવ ૧૧ કરોડ સભ્યો સુધી પહોંચવા માટે ઘણા મહિનાઓ ચાલી હતી, આ વખતે સૌથી વધુ યોગદાન સાથે યુપી અને મધ્યપ્રદેશમાં બે કરોડ નવા સભ્યો બન્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ભાજપે દાવો કર્યો છે કે, તેણે તેના ચાલુ સભ્યપદ અભિયાનમાં બે મહિનાથી ઓછા સમયમાં ૧૦ કરોડ નવા સભ્યોને સામેલ કર્યા છે. આનો અર્થ એ છે કે, તેણે ૨૦૧૫માં ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીને હટાવીને મેળવેલ 'વિશ્વની સૌથી મોટી પાર્ટી' ટેગને જાળવી રાખ્યો છે. ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશના રાજ્યોએ તાજેતરની ડ્રાઈવમાં સૌથી વધુ સંખ્યામાં નવા ભાજપના સભ્યોને સામેલ કર્યા છે. રાજસ્થાનમાં સદસ્યતા અભિયાનના ભાજપના પ્રભારી અરૂણ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, પાર્ટીએ તેના ૧૦ કરોડ સભ્યોનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે અને આગામી થોડા દિવસોમાં તે ૧૧ કરોડથી વધુ થઈ જશે. હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર જેવા બાકી રહેલા કેટલાક રાજ્યોમાં આ અભિયાન શરૂ થયું છે અને કુલ સંખ્યામાં વધારો થશે. ભાજપે ૨૦૧૪ની સરખામણીએ વધુ ઝડપથી લક્ષ્ય હાંસલ કર્યું છે, જ્યારે પાર્ટીની સદસ્યતાની ઝુંબેશ ૧૧ કરોડના લક્ષ્ય સુધી પહોંચવા માટે ઘણા મહિનાઓ સુધી ચાલી હતી. વર્તમાન સભ્યપદ અભિયાન સપ્ટેમ્બરમાં શરૂ થયું હતું અને ઓક્ટોબરના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. તાજેતરનો તબક્કો, જે ૧૧ ઓક્ટોબરે શરૂ થયો હતો, તે મહિનાના અંત સુધી ચાલુ રહેશે, ત્યારબાદ ૧થી ૫ નવેમ્બર સુધી ચકાસણીનો સમયગાળો રહેશે. સભ્યોને રૂ.૧૦૦ દાન કર્યા પછી પ્રમાણપત્રો પ્રાપ્ત થશે અને જો તેઓ તેમના વિધાનસભા મતવિસ્તારમાં અથવા એક જ બૂથ પર ૫૦ નવા સભ્યોને સામેલ કરે તો તે સક્રિય સભ્ય બનશે.

ઉત્તરપ્રદેશમાં પાર્ટીના સભ્યપદના પ્રભારીએ જણાવ્યું હતું કે, આ મહિને ડ્રાઈવ સમાપ્ત થાય તે પછી આ સંખ્યા ૧૧ કરોડને પાર કરી શકે છે. બે રાજ્યો - ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ, બે કરોડથી વધુ સભ્યોને સામેલ કરીને નં.૧ અને નં.૨ રાજ્યો બન્યા છે. હવે અંતિમ તબક્કામાં સભ્યપદની ઝુંબેશ સાથે પાર્ટી સ્થાનિક સમિતિઓમાં પક્ષના નેતાઓને પસંદ કરવા માટે રાષ્ટ્રવ્યાપી સંગઠનાત્મક ચૂંટણીઓ યોજશે, ત્યારબાદ મંડલ, જિલ્લા, પ્રાદેશિક અને રાજ્ય સમિતિઓ જેવા દરેક સ્તરે પ્રમુખ પદાધિકારીઓની ટીમને નિયુક્ત કરશે. અડધા રાજ્યોમાં મતદાન પૂર્ણ થયા પછી રાષ્ટ્રીય અધ્યક્ષ માટે ચૂંટણી યોજાશે, જેના માટે સોમવારે ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી. ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાએ સોમવારે દિલ્હીમાં તમામ ચૂંટણી પ્રભારીઓ અને સભ્યપદ અભિયાનના વડાઓ તેમજ પ્રદેશ પ્રમુખોની બેઠક યોજી હતી. યુપીમાં અભિયાનનો ભાગ રહેલા ભાજપના એક નેતાએ કહ્યું કે, ઉત્તરપ્રદેશ ટોચનું રાજ્ય બની ગયું છે. તેણે અત્યાર સુધીમાં રાજ્યમાંથી ૨.૫ કરોડ સભ્યોને સામેલ કર્યા છે : ૨.૨૫ કરોડ ઓનલાઈન અને અન્ય ૨૫ લાખ ઓફલાઈન. આ રીતે ઉત્તરપ્રદેશ એકમ ભાજપની કુલ સદસ્યતાના ૨૫ ટકા હિસ્સો ધરાવે છે. શરૂઆતમાં પ્રગતિ ધીમી હોવા છતાં સંગઠનના જનરલ સેક્રેટરી અને પ્રદેશ પ્રમુખની ઊર્જાએ લક્ષ્યાંક હાંસલ કરવામાં મદદ કરી. અમારો ઉદ્દેશ ભાજપના ૭૫ ટકા મતદારોને સભ્યો તરીકે નોંધણી કરવાનો હતો, જે સિદ્ધ થયો છે.

યુપી બીજેપી નેતાના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક અને ઊર્જા મંત્રી અરવિંદ શર્માએ ૫૦,૦૦૦ સભ્યોને સામેલ કર્યા છે, જ્યારે નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યે ટોચના ૨૦માં સામેલ છે. મૌર્યએ ૨૦,૦૦૦થી વધુ સભ્યોને સામેલ કર્યા છે. રક્ષા મંત્રી રાજનાથસિંહના પુત્ર અને નોઈડાના ધારાસભ્ય પંકજસિંહે ૩૦,૦૦૦થી વધુ સભ્યોને સામેલ કર્યા છે.

૨ સપ્ટેમ્બરના રોજ ભાજપે સક્રિય સદસ્યતા અભિયાન ૨૦૨૪ની શરૂઆત કરી, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય નેતાઓએ 'પ્રાથમિક સભ્યો' તરીકે નોંધણી કરીને તેમની પાર્ટીની સદસ્યતાને નવીકરણ કર્યું હતું. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરની ઝુંબેશના પ્રથમ દિવસે ૪૭ લાખ સભ્યપદ નોંધાયા હતા. પ્રથમ તબક્કામાં ૧થી ૨૫ સપ્ટેમ્બર સુધીમાં ૬ કરોડ સભ્યો નોંધાયા હતા. ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં પ્રત્યેક ૧ કરોડથી વધુ સભ્યો નોંધાયા છે, જ્યારે ગુજરાત અને આસામે અનુક્રમે ૮૫ લાખ અને ૫૦ લાખ સભ્યોની નોંધણી કરી છે. હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ, અરૂણાચલપ્રદેશ અને ત્રિપુરા જેવા નાના રાજ્યોએ પણ સભ્ય નોંધણીમાં સારી ગતિ દર્શાવી છે. પાર્ટીના એક કેન્દ્રીય નેતાએ જણાવ્યું કે, આ વખતે યુવા, દલિત અને મહિલા સભ્યોની નોંધણી જેવી ગુણવત્તા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, તેથી યુવા મોરચાને યુવાનોની નોંધણી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તમામ મોરચાઓને ટાર્ગેટ આપવામાં આવ્યા હતા. ૨ સપ્ટેમ્બરના રોજ ભાજપની સદસ્યતા ઝુંબેશ દરમિયાન પક્ષના પ્રથમ સભ્ય તરીકે નોંધણી કરાવતી વખતે મોદીએ પક્ષના નેતાઓને યાદ અપાવ્યું હતું કે, આ સભ્યપદ ઝુંબેશ કોઈ 'કર્મકાંડ' અથવા 'સંખ્યાની રમત' ન હોવી જોઈએ, પરંતુ નવા સભ્યોની ઉજવણીમાં નવા સભ્યો સામેલ હોવા જોઈએ અને તે પાર્ટીનું ભાવનાત્મક અને વૈચારિક વિસ્તરણ હોવું જોઈએ. પરંતુ વાસ્તવિક રીતે બીજેપી એકમોને સંખ્યાત્મક લક્ષ્ય હાંસલ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. પક્ષને નવા સભ્યોના કપટપૂર્ણ ઈન્ડક્શનને રોકવા માટે રેફરલ કોડ અને વન ટાઈમ પાસવર્ડ (OTP)ની જરૂર હોય છે, ત્યારે ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓએ અમુક એજન્સીઓને હાયર કરી હતી જેમને નવા સભ્યો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરોથી લઈને દુર્ગા પૂજા ભંડારો (તહેવારો) સુધી ભાજપના નેતાઓએ લોકોને પક્ષમાં નોંધણી કરાવવા માટે ઘણી અયોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે. ઉત્તરપ્રદેશમાં ભાજપના એક મંત્રીએ જણાવ્યું હતું કે, તેમણે આરોગ્ય, વીજળી અને પરિવહન વિભાગના કર્મચારીઓને ભાજપના સભ્યો તરીકે નોંધણી કરવા કહ્યું હતું અને આઉટસોર્સિંગ એજન્સીઓને નવા સભ્યોની નોંધણી કરવા માટે તેમની ડેટા બેંક અને નંબરોનો ઉપયોગ કરવા કહ્યું હતું.

સપ્ટેમ્બરમાં પાર્ટી સદસ્યતા અભિયાનની શરૂઆત કરતી વખતે ભાજપ અધ્યક્ષ નડ્ડાએ ૧૦ કરોડ સભ્યોનો લક્ષ્યાંક રાખ્યો હતો. ત્યારથી તેમણે પાવર મેમ્બરશીપ ડ્રાઈવ માટે એક રાજ્યથી બીજા રાજ્યમાં પ્રવાસ કર્યો છે. તેવી જ રીતે ભાજપના સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષે ઘણા રાજ્યોની મુલાકાત લીધી છે જ્યાં સભ્યપદની ઝુંબેશ ધીમી હતી.

ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં ધીમી ગતિએ ચાલી રહેલી પ્રગતિથી સંતોષ નારાજ હતા અને નવા પ્રદેશ પ્રમુખ મદન રાઠોડને કહ્યું હતું કે, આ પ્રગતિ સંતોષકારક નથી. ભાજપના રાજ્ય એકમોએ નવા સભ્યો ઉમેરવાના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તમામ પ્રયાસો કર્યા છે અને મધ્યપ્રદેશ એકમે ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે, તેણે તેના ૧.૫ કરોડ નવા સભ્યોનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે.

વડાપ્રધાને વધુ વસ્તી ધરાવતા રાજ્યો કરતાં આટલા વધુ સભ્યોની નોંધણી કરવા માટે યુનિટની પ્રશંસા કરી હતી અને રાજ્યના ભાજપના ધારાસભ્ય અને પૂર્વ પ્રધાન અજય વિશ્નોઈ દ્વારા આ સિદ્ધિ પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. એક પોસ્ટમાં વિશ્નોઈએ જણાવ્યું હતું કે, તેમને એક એજન્સી તરફથી તેમના એકાઉન્ટમાંથી પાર્ટીની સદસ્યતા વધારવાની ઓફર કરતો સંદેશ મળ્યો હતો અને તેમણે આ પદ્ધતિનો ઉપયોગ કરીને પાર્ટીની રેન્કમાં વધારો કરવાનો પ્રયાસ કરી રહેલા લોકો પર નિશાન સાધ્યું હતું. વિશ્નોઈના દાવાને રાજ્યના વિરોધ પક્ષના નેતા ઉમંગસિંઘર સહિત કોંગ્રેસના ઘણા ધારાસભ્યો દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેમણે કહ્યું હતું કે, તેમને પણ અલગ પક્ષના હોવા છતાં આવા સંદેશા મળ્યા હતા. કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો પણ ભાજપના સભ્યો તરીકે નોંધાયા બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. પ્રદેશ ભાજપ પ્રમુખ બી.ડી. શર્માએ કોંગ્રેસના આરોપોને નકારી કાઢ્યા હતા અને દાવો કર્યો હતો કે, તે કોઈપણ માહિતી શેર કરીને તેના દાવાઓને સમર્થન આપી શકતા નથી. જો કે, છેતરપિંડી સાથે આ સદસ્યતા ડ્રાઈવના ઘણા કિસ્સા નોંધાયા છે. મધ્યપ્રદેશમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી), RSS સાથે સંકળાયેલ વિદ્યાર્થી સંગઠને હોલકર સાયન્સ કોલેજના આચાર્ય સામે વિરોધ કર્યો હતો જેમાં ભાજપના નેતાઓને કેમ્પસમાં સભ્યપદ અભિયાન ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી, જેના કારણે ભાજપે આ ડ્રાઈવને રદ કરી હતી. આવા આક્ષેપોનો બચાવ કરતાં ઉત્તરપ્રદેશના પક્ષના સભ્યપદ પ્રભારીએ જણાવ્યું કે, તમામ સભ્યપદની ચકાસણી કરવામાં આવશે અને ત્યારબાદ જ સક્રિય સભ્યપદ આપવામાં આવશે. આટલી મોટી કવાયતમાં કેટલીક વિસંગતતાઓ હોઈ શકે છે પરંતુ પક્ષ આવી વિસંગતતાઓને દૂર કરવા માટે ચકાસણી કરશે.

# બહરાઈચની હિંસામાં તોફાનીઓને છૂટો દૌર અપાયો; ભાજપના નેતાઓ સામેલ

### અખિલેશ યાદવના આક્ષેપો : હિટલરના સમયમાં થતા એવા જ તોફાનો યુપીના મહારાજગંજમાં જોવા મળ્યા

(એજન્સી) લખનૌ, તા.૨૨

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે બહેરાઈચની હિંસામાં ભાજપના કાર્યકરોને હિંસા કરવાનો છૂટો દૌર આપવામાં આવ્યો હતો અને ભાજપના નેતાઓ પણ તોફાનોમાં સંડોવાયેલા હતા.

સપાના વડાએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે હિટલરના સમયમાં આવું જોવા મળતુ હતું. જર્મનીમાં હિટલરના રાજમાં તોફાનીઓને પોલીસના ગણવેશ પહેરાવીને ચોક્કસ વિસ્તારોમાં તોફાન કરવા અને તોડફોડ કરવા



માટે મોકલવામાં આવતા હતા. એમના ખુદના એટલે કે ભાજપના ધારાસભ્ય હિંસાના કાવતરાં બદલ એમના પક્ષના જ કાર્યકરો સામે એફઆઈઆર દાખલ કરાવી રહ્યા છે. હિંસાના વીડિયો જો વાયરલ થયા છે તેમાં પણ સ્પષ્ટ દેખાય છે કે પોલીસની ક્યાંય હાજરી જોવા મળતી નથી અને કલાકો સુધી તોફાનીઓને મોકળું મેદાન પૂરૂં પાડવામાં આવ્યું હતું. જર્મન તાનાશાહ હિટલર પણ આવી જ રીતે કામ કરતો હતો. અખિલેશ યાદવે એવો પણ આક્ષેપ કર્યો હતો કે તોફાનીઓ સામે પગલાં લેનાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવે છે. યોગીના રાજમાં કાયદો અને વ્યવસ્થા સાવ ખતમ થઈ ગયા છે અને જંગલરાજ જેવું વાતાવરણ છે. સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા શૂન્યસ્તરે છે. કેટલાક સિનિયર પોલીસ અધિકારીઓએ મને કહ્યું છે કે જો અમે તોફાનીઓ સામે પગલાં લઈએ તો સરકાર અમને સસ્પેન્ડ કરી દેશે એટલે એવું લાગે છે કે યોગી સરકારે અને ભાજપે પોલીસના પણ હાથ બાંધી દીધા છે.

# 'મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ ચૂંટણી જીતવા માટે દરેક ધારાસભ્યને રૂા.૫૦ કરોડનું વચન આપ્યું છે' : શિવસેના-UBT નેતા સંજય રાઉતનો દાવો

**મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં શિવસેના (UBT)ના નેતા રાઉતે જણાવ્યું હતું કે, ગઈકાલે બે વાહનો હતા જેમાં લગભગ ૧૫ કરોડ રૂપિયા હતા, જેમ કે મેં અગાઉ કહ્યું હતું તેમ એકનાથ શિંદેએ તેમના લોકોને વચન આપ્યું છે કે, ચૂંટણી જીતવા માટે તેઓએ દરેકને ૫૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે અને આ રૂા.૧૫ કરોડનો પ્રથમ હપ્તો હતો**

(એજન્સી) મુંબઈ, તા.૨૨

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે સોમવારે આરોપ લગાવ્યો હતો કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ચૂંટણીમાં જીત મેળવવા માટે દરેક ધારાસભ્યને ૫૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. મુંબઈમાં એક પ્રેસ કોન્ફરન્સમાં શિવસેના (UBT)ના નેતા રાઉતે જણાવ્યું હતું કે, ગઈકાલે બે વાહનો હતા જેમાં લગભગ ૧૫ કરોડ રૂપિયા હતા. જેમ કે મેં અગાઉ કહ્યું હતું તેમ એકનાથ શિંદેએ તેમના લોકોને વચન આપ્યું છે કે, ચૂંટણી જીતવા માટે તેઓએ દરેકને ૫૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે અને આ રૂા.૧૫ કરોડનો પ્રથમ હપ્તો હતો.

રાઉતે આક્ષેપ કર્યો હતો કે, ત્યાં બે વાહનો આવ્યા હતા, કોલ આવ્યા બાદ તેઓએ એકને છોડી દીધું કારણ કે, ત્યાં ફરજ પર રહેલા નિરીક્ષક અગાઉ ધારાસભ્યની સેવામાં હતા. રાજ્યના લગભગ ૧૫૦ ધારાસભ્યોને અત્યાર સુધીમાં ૧૫-૧૫ કરોડ રૂપિયા મળ્યા છે. દરમિયાન પુણે ગ્રામીણ પોલીસે ખેડશિવાપુર ટોલ બૂથ પરથી રૂા.પાંચ કરોડની રોકડ જપ્ત કરી છે. પુણે ગ્રામીણ પોલીસે ૨૧ ઓક્ટોબરે મોડી સાંજે નાકાબંધી દરમિયાન ખેડશિવાપુર ટોલ બૂથ પર પાંચ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કર્યા પછી તેમનું આ નિવેદન આવ્યું છે.

પુણે ગ્રામીણ પોલીસને ખેડશિવાપુર ટોલ નાકા પર નાકાબંધી દરમિયાન કારમાંથી કુલ રૂા.પાંચ કરોડની રોકડ મળી આવી હતી. ડ્રાઈવર સહિત કારમાં મુસાફરી કરી રહેલા ચાર લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. પુણે ગ્રામીણ એસ.પી. પંકજ દેશમુખે જણાવ્યું હતું કે, વધુ તપાસ માટે આવકવેરા વિભાગના અધિકારીઓને રોકડ સોંપવામાં આવી છે. મહારાષ્ટ્ર ૨૦ નવેમ્બરે એક તબક્કામાં ચૂંટણી છે અને ૨૩ નવેમ્બરે મતગણતરી નક્કી કરવામાં આવી છે.

શાસક મહાયુતિ ગઠબંધન અને વિપક્ષ મહાવિકાસ અઘાડી (MVA) જેમાં શિવસેના (UBT), NCP (શરદ પવાર જૂથ) અને કોંગ્રેસનો સમાવેશ થાય છે આ બંનેએ રાજ્યની ૨૮૮ વિધાનસભા બેઠકો પર આગામી ચૂંટણી માટે તેમની તૈયારીઓ તેજ કરી દીધી છે. ભાજપ શિવસેના (એકનાથ શિંદે જૂથ) અને અજિત પવારની આગેવાની હેઠળની NCP સાથે સત્તાધારી મહાયુતિ ગઠબંધનનો ભાગ છે. ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૦૫ બેઠકો, શિવસેનાએ ૫૬ અને કોંગ્રેસે ૪૪ બેઠકો જીતી હતી. ૨૦૧૪માં ભાજપે ૧૨૨ સીટો, શિવસેનાને ૬૩ અને કોંગ્રેસે ૪૨ સીટો જીતી હતી.

### મધ્યપ્રદેશના જબલપુરમાં ઓર્ડનન્સ ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં એક ડઝનથી વધુ કામદારો ઘાયલ થયા

(એજન્સી) ભોપાલ, તા.૨૨

એક અધિકારીએ જણાવ્યું કે, મધ્યપ્રદેશના જબલપુર જિલ્લામાં મંગળવારની સવારે ઓર્ડનન્સ ફેક્ટરી ખમરિયામાં થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં ડઝનથી વધુ કામદારો ઘાયલ થયા છે. સંસ્થાના અધિકારીએ જણાવ્યું હતું, આ વિસ્ફોટ સવારે લગભગ ૯.૪૫ વાગ્યે થયો હતો જ્યારે ફેક્ટરીના રિફિલિંગ વિભાગમાં બોમ્બમાં વિસ્ફોટક સામગ્રી ભરવામાં આવી રહી હતી. ઘાયલ લોકોમાં બેની હાલત ગંભીર છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અન્ય એક કાર્યકર ગુમ હતો અને સંભવતઃ તે વિભાગના કાટમાળ નીચે ફસાઈ ગયો હતો જેમાં વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, તે થોડાં કિલોમીટર દૂરના લોકોએ પણ સાંભળ્યો હતો.

ઓર્ડનન્સ ફેક્ટરી ખમરિયા ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ પ્રોડક્શન હેઠળના મુખ્ય દારૂગોળો ઉત્પાદન એકમ છે. અધિકારીએ જણાવ્યું હતું, આ વિસ્ફોટમાં એક ડઝનથી વધુ કામદારોને ઈજાઓ પહોંચી હતી અને ગુમ થયેલા કામદારને શોધવાના પ્રયત્નો ચાલુ હતા, જે સંભવતઃ ઈમારતના કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે, ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને વિસ્ફોટ પાછળનું ચોક્કસ કારણ તપાસ પૂર્ણ થયા બાદ જાણી શકાશે. ફાયર બ્રિગેડ અને ફેક્ટરીના સુરક્ષા કર્મચારીઓએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી.

# પુણેમાં રૂા.પાંચ કરોડ જપ્ત કરવામાં આવ્યા : સંજય રાઉતે શિવસેના ધારાસભ્યની સંડોવણીનો આક્ષેપ કરતા દાવો કર્યો કે, દરેક ઉમેદવારોને પૈસા આપવાનું વચન આપવામાં આવ્યું છે

**સફેદ ઈનોવામાં સવાર આ વ્યક્તિ શાહજી નલાવડે હતો જે શિવસેનાના ધારાસભ્ય શાહજીબાપુ પાટીલના સહયોગી હોવાનું કહેવાય છે**

(એજન્સી) તા.૨૨

૨૦ નવેમ્બરની વિધાનસભાની ચૂંટણી પહેલા મહારાષ્ટ્રમાં આદર્શ આચારસંહિતા લાગુ થયા પછી પ્રથમ મોટી રોકડ જપ્તીમાં પુણે ગ્રામીણ પોલીસે એક કારમાંથી રૂા.પાંચ કરોડ રિકવર કર્યા હતા. સોમવારે રાત્રે ખેડશિવાપુર ટોલ પ્લાઝા પર પોલીસ નાકાબંધી દરમિયાન પુણે તરફ જતી સતારા તરફ જતી સફેદ ઈનોવાને અટકાવવામાં આવી હતી અને તેમાં બિનહિસાબી રોકડ મળી આવી હતી. કારમાં સવાર ચાર વ્યક્તિઓ પાસેથી કુલ પાંચ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. તેમાં એક વ્યક્તિ શાહજી નલાવડે હતો જે શિવસેનાના ધારાસભ્ય શાહજીબાપુ પાટીલના સહાયક હોવાનું કહેવાય છે.

શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે એકનાથ શિંદેની નિંદા કરતા કહ્યું કે, ઈનોવા તેમની પાર્ટીના ધારાસભ્યની છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, પોલીસ દ્વારા ૧૫ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. જો કે, પૈસાની ગણતરી કરનારા પોલીસ અને જિલ્લા ચૂંટણી અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે, કારમાંથી પાંચ કરોડ રૂપિયા મળી આવ્યા હતા. રાઉતે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ચૂંટણી પહેલા દરેક ઉમેદવારને રૂા.૭૫ કરોડનું વચન આપવામાં આવ્યું હતું અને તાજેતરની જપ્તીની રકમ એ પ્રથમ હપ્તાનો ભાગ હતો.

# જયપુરમાં સર સૈયદ હાઉસનું નિર્માણ કરવામાં આવશે, આંતરરાષ્ટ્રીય અલીગઢ સમિટનું આયોજન ૨૦૨૫માં કરવામાં આવશે

(એજન્સી) જયપુર, તા.૨૨

૧૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સર સૈયદ દિવસની ઉજવણી માટે હજ હાઉસ કરબલા જયપુર ખાતે રાજ્ય સ્તરીય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એસોસિએશનના પ્રમુખ ડૉ.આઝમ બેગે આ સમારોહમાં ઉપસ્થિત અન્ય તમામ બિરાદરો અને બૌદ્ધિકોની સલાહ અને સંમતિ લીધા બાદ જાહેરાત કરી હતી કે, AMU ઓલ્ડ બોયઝ એસોસિએશન દ્વારા જયપુરમાં એક ભવ્ય સર સૈયદ હાઉસ બાંધવામાં આવશે. વર્ષ ૨૦૨૫માં AMU ઓલ્ડ બોયઝ એસોસિએશન રાજસ્થાન વતી જયપુરમાં આંતરરાષ્ટ્રીય સમિટનું પણ આયોજન કરવામાં આવશે. ડિસેમ્બરમાં આયોજન સમિતિની રચના કરવામાં આવશે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી ઓલ્ડ બોયઝ એસોસિએશન રાજસ્થાન હેઠળ ૧૭મી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સાંજે ૬ વાગ્યે હજ હાઉસ, રામગઢ કરબલા ખાતે રાજ્ય સ્તરીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યભરમાંથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના જૂના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજસ્થાનમાં સરકારમાં મોટા હોદ્દા પર રહેલા લોકો પણ હાજર હતા અને જેઓ ખાનગી ક્ષેત્રમાં કામ કરતા હતા તે તમામ લોકો, પછી ભલે તે સરકારી હોય કે ખાનગી વ્યવસાય કરતા હોય, બધાએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને તેઓ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહી હતા.

સમારંભના મુખ્ય અતિથિ રાજસ્થાન લઘુમતી આયોગના રાજ્ય અધ્યક્ષ, આદર્શ નગર, જયપુરના ધારાસભ્ય અને રાજસ્થાન વિધાનસભા, જયપુરના મુખ્ય દંડક રફીક ખાન હતા અને સમારોહની અધ્યક્ષતા AMU OBAના પ્રમુખ અને AMUSUના પૂર્વ પ્રમુખ ડૉ.આઝમ બેગે કરી હતી.

તેમના પ્રમુખપદના ભાષણમાં તેમણે જાહેરાત કરી હતી કે, વર્ષ ૨૦૨૫માં જયપુરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સર સૈયદ દિવસનું આયોજન કરવામાં આવશે. તેમણે કહ્યું કે, આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ માટે ડિસેમ્બર ૨૦૨૪થી જ આંતરરાષ્ટ્રીય સ્તરે એક સમિતિની રચના કરવામાં આવશે અને તેની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. ડૉ.બેગે કહ્યું કે, અલીગઢ તહરીકની ઘણી ઐતિહાસિક વિશેષતાઓ અને કાર્યોની વિગતવાર ચર્ચા કરી શકાય છે પરંતુ આ ચળવળની સૌથી મોટી વિશેષતા એ છે કે, સંસાધનોની અછત હોવા છતાં શૈક્ષણિક અને સામાજિક વાતાવરણ અનુકૂળ ન હોવા છતાં તે સમાજના દરેક વર્ગના આધુનિકીકરણનો પાયો છે. ભારતમાં શિક્ષણની સ્થાપના દરેક વર્ગને સાથે લઈને કરવામાં આવી હતી, તે અવિસ્મરણીય છે અને તે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી છે અને તેના વિદ્યાર્થીઓ અને અન્ય સમુદાયના તમામ આદરણીય સભ્યો માટે આભારને પાત્ર છે જેઓ હજુ પણ શિક્ષણ, સભ્યતા, આત્મીયતા, સમાજ સેવા સાથે સંકળાયેલા છે અને આ સંસ્કૃતિ સાચવવામાં આવી રહી છે. સમારોહના મુખ્ય અતિથિ રફીક ખાને સમગ્ર વિશ્વમાં અલીગઢ બિરાદરોની અને તેમના કાર્યક્ષમ વર્તનની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ઓલ્ડ બોયઝ એસોસિએશન રાજસ્થાન દ્વારા જયપુરમાં ડૉ.આઝમ બેગ દ્વારા જે પણ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે, અમે પણ તેનો ભાગ બનીશું અને અમે અમારા સાથીદારોને આમાં શક્ય તમામ સહકાર આપવા વિનંતી કરીશું. આ સંસ્થાના જનરલ સેક્રેટરી ડૉ.શૌકત અલીએ તમામ મુલાકાતીઓને આવકારતા છેલ્લા ૩૦ વર્ષથી આયોજિત થતાં કાર્યક્રમોની વિસ્તૃત ચર્ચા કરી હતી અને આગામી કાર્ય આયોજન અંગે પણ ચર્ચા કરી હતી. આ પ્રસંગે જ્યારે તેમને યુનાની વિભાગના ડાયરેક્ટર બનાવવામાં આવ્યા ત્યારે સૌએ તેમને અભિનંદન પાઠવ્યા હતા અને તેમને હાર પહેરાવીને ભવ્ય સ્વાગત કર્યું હતું. હંમેશની જેમ આ વર્ષે પણ સામાજિક કાર્ય, પત્રકારત્વ અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાના ઉપપ્રમુખ ડૉ.નાસીર ખાને સર સૈયદની શિક્ષણનીતિ અને વર્તમાન સંજોગોની ચર્ચા કરતાં રાષ્ટ્રના વિકાસમાં અલીગઢ સમાજની મહત્ત્વની ભૂમિકા પર વાત કરી હતી. આયોજક સમિતિના અધ્યક્ષ ડૉ.ફરહત અલી ચૌધરી અને ડૉ.મકબૂલે તમામ મહેમાનોનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ સમારંભમાં રાજસ્થાન સરકારના વરિષ્ઠ અધિકારીઓ, અમલદારો, જયપુરના વહીવટી અધિકારીઓ અને વરિષ્ઠો, જનપ્રતિનિધિઓ, રાજસ્થાનના વરિષ્ઠ વિદ્વાનો અને બૌદ્ધિકોએ પણ ભાગ લીધો હતો. ખજાનચી પ્રો. સેરાજુલ હક, મીડિયા ઈન્ચાર્જ પ્રો. સના ખુર્શીદ, કાર્યકારી સભ્ય અને સચિવ ડૉ.સના, ડૉ.પ્રદીપ, ઉપપ્રમુખ જમિયત ઉલ ઉલમા રાજસ્થાન હાફિઝ મંજૂર અલી ખાન, ડૉ.ફિરોઝ, ડૉ.શમીમ કોટા, ડૉ.અલીમ, ડૉ.શમસુલ હસન, ડૉ. સના, ઉદયપુર, પ્રો. ફૌઝિયા, જેએનયુ યુનિવર્સિટી, જયપુર, પ્રો. એમ.એસ. આઝમી, ડૉ.નિસાર દિલ્હી, ડૉ.સરફરાઝ, ડૉ.અકમલ ટોંક વગેરેએ પણ આ પ્રસંગે સંબોધન કર્યું હતું અને ડૉ.આફતાબ નકવીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**પ્રો. સના ખુર્શીદ, મીડિયા ઈન્ચાર્જ**
**AMU OBA રાજસ્થાન**

### યુપી : બુલંદશહરમાં સિલિન્ડર ફાટતાં છના મોત; મૃતકમાં ૩ મહિલા, અન્ય કેટલાકને ઈજા, સહાય દળનું બચાવ કાર્ય ચાલુ

### દિલ્હીના ન્યુ અશોકનગરમાં પૂરપાટ જતી સ્વિફ્ટ કારની હડફેટે પીસીઆર વાન અડી જતાં બે પોલીસ અધિકારીઓ ઘાયલ...

### મહારાષ્ટ્ર ચૂંટણી : ભાજપ સાંસદ નારાયણ રાણેનો પુત્ર નિલેશ આવતીકાલે મુખ્યમંત્રી એકનાથ શિંદેની હાજરીમાં શિવસેનામાં જોડાશે

### અમેરિકામાં એક જ પરિવારના પાંચની હત્યા કરવાના આરોપસર ૧૫ વર્ષીય તરૂણની ધરપકડ કરતી પોલીસ

### હરિયાણાના પરિવહન મંત્રી અનિલ વિજ જરાય નબળું ચલાવી લેવા તૈયાર નથી; ગંદા ટોઈલેટ અને અવ્યવસ્થા બદલ સ્થળ પર કેટલાયને કર્યા સસ્પેન્ડ

### મહારાષ્ટ્ર ચૂંટણીઓ : પૂણેના ખેડ શિવપુર ટોલનાકા પર ઈનોવામાંથી રૂા. ૫ કરોડની બિનહિસાબી રોકડ જપ્ત, શિંદે શિવસેનાના ધારાસભ્યના નાણા હોવાનો આક્ષેપ

### બિહાર : બેગુસરાઈમાં જ્વેલરી સ્ટોરના માલિક અને લૂંટારૂઓ વચ્ચે ગોળીબારમાં ૩ લોકો ઘાયલ; નાટકીય વીડિયો સામે આવ્યો

(એજન્સી) તા.૨૨

સોમવારે ગુનેગારોએ બેગુસરાઈમાં એક જ્વેલરીની દુકાનને નિર્ભયતાથી નિશાન બનાવીને લૂંટ ચલાવી હતી. પીપી જ્વેલર્સમાં એક ભયંકર લૂંટ થઈ હતી. ટોળાએ બે બદમાશોને પકડીને પોલીસને હવાલે કર્યા હતા, જ્યારે બે બદમાશો નાસી છૂટ્યા હતા. આ ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. માહિતી મળતા જ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ગુનેગારો લગ્નના નામે દાગીના ખરીદવા દુકાનમાં ઘુસ્યા હતા. જો કે ગુનેગારો સાથે લડીને બે ગુનેગારોને ઠાર કરવામાં સફળતા મેળવનાર જ્વેલરી બિઝનેસમેનની હિંમતની પણ ચર્ચા થઈ રહી છે. ઘણા ગ્રાહકો પીપી જ્વેલર્સમાં દિવસના ૧ વાગ્યે ઘરેણાંની ખરીદી કરી રહ્યા હતા. આ દરમિયાન બે શખ્સો દુકાનમાં ઘુસ્યા હતા અને પહેલા માળે ગયા હતા અને દુકાનના કર્મચારીને કહ્યું હતું કે તેઓ લગ્ન માટેના દાગીના જોવા માગે છે. દુકાનના કર્મચારીએ તેને ઘરેણાં બતાવવાનું શરૂ કર્યું. પરંતુ અચાનક વધુ બે લોકો ત્યાં પહોંચી ગયા અને હથિયારો બતાવ્યા. તેઓએ લૂંટફાટ શરૂ કરી. દુકાનના માલિક પ્રમોદ પોદ્દારને આ અંગેની માહિતી મળતા તેઓ તુરંત દુકાને પહોંચ્યા હતા. પ્રમોદ પોદ્દારની ગુનેગારો સાથે અથડામણ થઈ હતી. જ્યારે ગુનેગારોએ જોયું કે તેઓ લૂંટ કર્યા પછી મુશ્કેલીમાં છે, ત્યારે તેઓ ભાગવા લાગ્યા. પરંતુ દુકાનના માલિક પ્રમોદ પોદ્દારે પોતાની લાઈસન્સવાળી પિસ્તોલ કાઢી અને અંધાધૂંધ ફાયરિંગ શરૂ કર્યું.

# NIA કોર્ટે આસામના ધારાસભ્ય અખિલ ગોગોઈ વિરુદ્ધ CAA વિરોધી પ્રદર્શન માટે UAPA હેઠળ આરોપો ઘડ્યા

**NIA ડિસેમ્બર ૨૦૧૯માં રાજ્યમાં હિંસક નાગરિકત્વ વિરોધી (સુધારા) અધિનિયમ હલચલમાં તેમની કથિત ભૂમિકા માટે ગોગોઈ અને તેના ત્રણ સહયોગીઓ વિરુદ્ધ બે કેસની તપાસ કરી રહી હતી**

(એજન્સી) ગુવાહાટી, તા.૨૨

વિશેષ NIA કોર્ટે મંગળવારે આસામના ધારાસભ્ય અખિલ ગોગોઈ અને તેના ત્રણ સહયોગીઓ વિરુદ્ધ CAA વિરોધી આંદોલનમાં તેમની કથિત ભૂમિકા માટે કડક UAPA અને IPCની કલમો હેઠળ આરોપો મૂક્યા છે. સ્પેશિયલ NIA જજ એસ.કે. શર્માએ ગોગોઈ વિરુદ્ધ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમની કલમ હેઠળ આરોપો ઘડ્યા છે. બીજી તરફ ધૈજ્ય કોંવર, બિટ્ટુ સોનોવાલ અને મનશ કોંવર સામે UAPAની કલમ ૧૮ અને IPCની ૧૨૦-બી હેઠળ આરોપો ઘડવામાં આવ્યા હતા. કોર્ટે UAPAની કલમ ૩૯ને ફગાવી દીધી હતી જે આતંકવાદી સંગઠનને આપવામાં આવેલા સમર્થનને લગતા અપરાધ અને IPC કલમ ૧૨૪-એ (રાજદ્રોહ)ને તેની ચાર્જશીટમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા સૂચવવામાં આવેલ છે. તેના પર પ્રતિક્રિયા આપતા ગોગોઈએ પીટીઆઈને કહ્યું કે, આ ફરીથી સાબિત કરે છે કે, અમે લોકો સાથે છીએ અને આ સરકાર અમને જેલમાં રાખવા માંગે છે. ફાસીવાદી અને સાંપ્રદાયિક સરકાર સામેની લડાઈ ખૂબ જ મુશ્કેલીભરી છે. તેમણે કહ્યું કે, આ ચારેય તેમની સામે આરોપો ઘડવા સામે ગુવાહાટી હાઈકોર્ટનો સંપર્ક કરશે. એનઆઈએ ડિસેમ્બર ૨૦૧૯માં રાજ્યમાં હિંસક નાગરિકતા વિરોધી (સુધારા) અધિનિયમમાં તેમની કથિત ભૂમિકા માટે ગોગોઈ અને તેના ત્રણ સહયોગીઓ વિરુદ્ધ બે કેસની તપાસ કરી રહી હતી.

# મહારાષ્ટ્રની ચૂંટણીઓ, પ્રકાશ આંબેડકરના વંચિત બહુજન અઘાડી સંગઠન દ્વારા મુંબઈના પરા વિસ્તારમાં સાત ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવ્યા; પાંચમી યાદી જાહેર

(એજન્સી) મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓ માટે પ્રકાશ આંબેડકરના નેતૃત્વવાળા વંચિત બહુજન અઘાડી સંગઠન દ્વારા ઉમેદવારોના નામની પાંચમી યાદી જાહેર કરવામાં આવી છે. સોળ ઉમેદવારોની યાદીમાં મુંબઈના પરા વિસ્તારની સાત વિધાનસભા મતવિસ્તારોની બેઠકો માટેના સાત ઉમેદવારોના નામ પણ સામેલ છે. ડેપ્યુટી સીએમ અજીત જ્યાં ધારાસભ્ય છે એ બારામતી વિસ્તારની બેઠક ઉપરથી લડવાનું પણ વીબીએ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ બેઠક પરથી અજીત પવાર જ ફરીથી લડશે એવું લાગે છે. બારામતીમાંથી પ્રકાશ આંબેડકરની પાર્ટીએ મંગલદાસ નિખાળજેને મેદાનમાં ઉતાર્યા છે. તેઓ અજીત પવારની ટક્કર લેશે. મહાવિકાસ અઘાડી સાથે બેઠક સમજૂતી કરવાની ચર્ચા મંત્રણા લોકસભાની ચૂંટણી સમયે જ નિષ્ફળ રહી હતી એટલે વિધાનસભામાં અલગ લડવાનું આંબેડકરની પાર્ટીએ નક્કી કર્યું છે. હવે આ પાર્ટી એકલા હાથે કોની સાથે જોડાયા વિના ચૂંટણીઓ લડી રહી છે.

# હૈદરાબાદ : KTRએ મંત્રી કોંડા સુરેખા વિરુદ્ધ ૧૦૦ કરોડનો માનહાનિનો કેસ દાખલ કર્યો

**બદનક્ષીનો દાવાનો સામનો કરી રહેલા મંત્રીએ આરોપ લગાવ્યો છે કે, BRSના કાર્યકારી પ્રમુખ અભિનેતા નાગા ચૈતન્ય અને સામંથાના છૂટાછેડા માટે જવાબદાર હતા**

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૨

ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના કાર્યકારી પ્રમુખ કે.ટી. રામા રાવ (KTR)એ મંગળવાર, ૨૨ ઓક્ટોબરે તેલંગાણાના પર્યાવરણ મંત્રી કોંડા સુરેખા વિરુદ્ધ ૧૦૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કર્યો છે. અભિનેતા નાગા ચૈતન્ય અને સામંથાના છૂટાછેડા માટે મંત્રી કેટીઆર જવાબદાર હોવાનો આક્ષેપ કરવામાં આવ્યા પછી માનહાનિનો આ દાવો કરવામાં આવ્યો છે. X પરની એક પોસ્ટમાં KTRએ કહ્યું કે, ઘણા લાંબા સમયથી આ હુમલાઓ અને ઝુંબેશ અને સોશિયલ મીડિયા પર ચાલી રહી છે અને તેમાં ચારિત્ર્યહનન કરવાના પ્રયાસો થયા છે. હું આશા રાખું છું કે, આ મુકદ્દમો તે લોકો માટે બોધપાઠ છે જેઓ વિચારે છે કે, તેઓ રાજકીય ટીકાના નામે સસ્તી પ્રસિદ્ધિ મેળવી શકે છે.

૩ ઓક્ટોબરના રોજ કોંડા સુરેખાએ KTR વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. તેણીએ આરોપ લગાવ્યો હતો કે, સરસિલ્લાના ધારાસભ્ય ફિલ્મી હસ્તીઓને બ્લેકમેઈલ કરી રહ્યા છે. આ મુકદ્દમો દાખલ કરતા પહેલા KTRએ કોંડા સુરેખાને માફી માંગવા અને તેણીની ટિપ્પણી પાછી ખેંચવા માટે કાનૂની નોટિસ મોકલી હતી. જો કે, આ મંત્રીએ બીઆરએસ નેતાની વધુ નિંદા કરી હતી.

આ અગાઉ અભિનેતા નાગાર્જુન જે નાગા ચૈતન્યના પિતા પણ છે, તેમણે હૈદરાબાદ સિટી સિવિલ કોર્ટમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૫૬ (બદનક્ષી) હેઠળ મંત્રી વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. આ મંત્રીએ સામંથાની માફી માંગી અને છૂટાછેડા પાછળના કારણોનું અનુમાન કરતી તેણીની ટિપ્પણી પાછી ખેંચી લીધી પણ તેણીએ કેટીઆર અને નાગાર્જુન સામેના તેના નિવેદનો પાછા ખેંચ્યા નથી અને માફી માંગી નથી.

# દિલ્હી ચૂંટણી પહેલાં નેતાઓની મુક્તિ સાથે AAPના હાથમાં મુદ્દો

(એજન્સી) તા.૨૨

તાજેતરના દિલ્હીના પૂર્વ પ્રધાન સત્યેન્દ્ર જૈન સહિત જેઓ કથિત ભ્રષ્ટાચાર માટે જેલમાં હતા તેવા આમ આદમી પાર્ટીના તમામ ટોચના નેતાઓની જામીન પર મુક્તિએ રાષ્ટ્રીય રાજધાનીમાં વિધાનસભાની ચૂંટણીના મહિનાઓ પહેલા પાર્ટી માટે હાથમાં મુદ્દો આપી દીધો છે. આ મુદ્દો ચૂંટણીમાં એક મહત્વપૂર્ણ મુદ્દો બનાવીને પાર્ટી તેના નેતાઓને જામીન પર મુક્ત કરવાની યોજના બનાવી રહી છે



## કેજરીવાલે વારંવાર કહ્યું છે કે, ભારતના રાજકીય ઈતિહાસમાં સૌથી વધુ સતાવેલી પાર્ટી AAP છે

**ન્યુઝ પોઈન્ટ:** શું કોંગ્રેસ જોડે ગઠબંધન નહીં કરવાની કોઈ શરતે તો નહીં મુક્ત કર્યા હોય ને ?

જેમાં પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા અને પક્ષના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહ સહિત અન્યનો સમાવેશ થાય છે. જેલમાંથી તેના નેતાઓની મુક્તિના સંદર્ભમાં પાર્ટી દ્વારા લેવામાં આવેલી લાઈન એ છે કે તે તેના દાવાઓને સમર્થન આપે છે કે ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના કેન્દ્રએ નિરાશાને ખતમ કરવાના પ્રયાસમાં AAP અને તેના અગ્રણી કાર્યકર્તાઓ સામે તપાસ એજન્સીઓને છુટ્ટી મૂકી દીધી છે. કેજરીવાલે અવારનવાર AAPને ભારતના રાજકારણના ઈતિહાસમાં સૌથી વધુ સતામણીનો ભોગ બનેલ પાર્ટી ગણાવી છે. પાર્ટીએ કેજરીવાલની આગેવાની હેઠળની કવાયત તરીકે રાષ્ટ્રીય રાજધાનીમાં એક સઘન જન સંપર્ક કાર્યક્રમ શરૂ કર્યો છે,. પૂર્વ મુખ્ય પ્રધાને હકીકતમાં તેમના એ સ્ટેન્ડના આધારે લોકો પાસે ગયા છે કે તેઓ તેમના પરના ભ્રષ્ટાચારના આક્ષેપો, મુખ્યત્વે એક્સાઈઝ પોલિસી કેસ સાથે સંબંધિત લોકો પાસેથી 'પ્રામાણિકતાનું પ્રમાણપત્ર' મેળવ્યા પછી જ આ પદ સંભાળશે.. લોકોને તેમની વિનંતી છે કે તેઓ તેમને અને તેમની પાર્ટીને મત આપીને તેમના માટે સમર્થન વ્યક્ત કરે અને પછી જ તેઓ ફરીથી મુખ્ય પ્રધાન પદ પર બેસસે. જેલમાંથી છૂટ્યા પછી, સિસોદિયાએ અગાઉ રાષ્ટ્રીય રાજધાનીમાં પદયાત્રાની શરૂઆત કરી હતી, આ કવાયત પાછળનો વિચાર લોકોને એવો સંદેશ આપવાનો હતો કે તેઓ અને AAPના અન્ય નેતાઓને ભાજપ સારા કામ માટે નિશાન બનાવી રહ્યો છે અને કારણ કે ભગવા પાર્ટીને લાગ્યું કે દિલ્હીમાં ચૂંટણી જીતવાનો એકમાત્ર રસ્તો તેના નેતાઓને જેલના સળિયા પાછળ મૂકવાનો છે. ૧૬ ઓક્ટોબરના રોજ શરૂ કરાયેલ અને ૨૯ ઓક્ટોબર સુધી ચાલનાર જનસંપર્ક કાર્યક્રમનું એક મહત્ત્વનું પાસું લોકોને એ વિચાર પહોંચાડવાનું છે કે AAP નેતાઓએ નાગરિકોની સેવામાં ભાજપના હાથે ભોગ બનવું પડ્યું છે અને આમ કરીને તેઓ લોકોની સહાનુભૂતિ જીતવા માંગે છે. કેજરીવાલે આઉટરીચ પ્રોગ્રામના લોન્ચિંગ સમયે કહ્યું કે, "મેં એક પત્ર તૈયાર કર્યો છે. અમારા કાર્યકરો પત્ર સાથે ઘરે ઘરે જશે જેમાં મારી ધરપકડ શા માટે કરવામાં આવી તે વિશે સત્ય જણાવશે. તે ભ્રષ્ટાચારને કારણે નથી. અમે દિલ્હીના લોકો માટે જે કામ કરી રહ્યા હતા તે અટકાવવા માટે આમ કરવામાં આવ્યું હતું,"

# ઝારખંડ ચૂંટણી : આદિવાસી રાજ્યમાં પુનરાગમન માટે સંઘર્ષ વચ્ચે ભાજપમાં અસંતોષ વધ્યો, ધડાધડ રાજીનામા પડ્યા

(એજન્સી) તા.૨૨

ઝારખંડમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ભાજપે ચૂંટણી માટે ૬૬ ઉમેદવારોની યાદી જાહેર કરી છે, પરંતુ આ યાદી આવતાં જ રાજ્યમાં પાર્ટીના કાર્યકરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. અહેવાલ મુજબ, આ અસંતોષને કારણે ભાજપના ઘણા નેતાઓએ તાજેતરમાં પાર્ટી છોડી દીધી છે, જેમાં એક વર્તમાન ધારાસભ્ય અને ત્રણ પૂર્વ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. ભાજપથી નારાજ નેતાઓની ફરિયાદ છે કે પાર્ટી પોતાના લોકોને મહત્ત્વ નથી આપી રહી અને વિધાનસભાની ચૂંટણી પહેલા અન્ય પક્ષોના વધુ લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે. પાર્ટીની યાદી પર નારાજગી વ્યક્ત કરતા ભાજપના એક નેતા કહે છે, "અમે દુઃખી છીએ. જો તમે યાદી જોશો, તો તમને ખબર પડશે કે પાર્ટીએ તેના સમર્પિત કાર્યકરોની અવગણના કરી છે અને અન્ય પક્ષોમાંથી ભાજપમાં આવેલા નેતાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અત્યાર સુધી જાહેર કરાયેલા ૬૬ ઉમેદવારોમાંથી અડધાથી વધુ અન્ય પક્ષોમાંથી આવ્યા છે." જે લોકો અન્ય પક્ષોમાંથી ભાજપમાં આવ્યા હતા અને ભાજપ દ્વારા મેદાનમાં ઉતારવામાં આવ્યા છે તેમાં પૂર્વ સીએમ ચંપાઈ સોરેન, તેમના પુત્ર બાબુલાલ સોરેન, લોબીન હેમબ્રોમ, ગંગા નારાયણ, મંજુ દેવી, ગીતા કોરા, સીતા સોરેન અને રામચંદ્ર ચંદ્રવંશીનો સમાવેશ થાય છે. જો કે, હિમંતા બિસ્વા સરમા દ્વારા અસંતોષના પ્રશ્નોને નકારી કાઢવામાં આવ્યા હતા. હિમંતને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે. તેમનું માનવું છે કે ઉમેદવારોની યાદી જાહેર થયા બાદ થોડી નારાજગી સ્વાભાવિક હતી, કારણ કે ભાજપ એક મોટી રાજકીય પાર્ટી છે. હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે તેઓ નારાજ નેતાઓને મળશે. સત્તાધારી ઝારખંડ મુક્તિ મોરચામાં સામેલ થયેલા નેતાઓમાં પૂર્વ ધારાસભ્યો લુઈસ મરાંડી, કુણાલ સારંગી અને લક્ષ્મણ ટુડુનો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયે, બીજેપી ધારાસભ્ય કેદાર હજારા અને બીજેપીના સહયોગી AJSUના રમાકાંત રજકે પણ પાર્ટી બદલી. પીટીઆઈ સાથે વાત કરતા કુણાલ સારંગીએ કહ્યું કે, "ભાજપના કોઈ નેતાએ મને બોલાવવાની જરૂર પણ અનુભવી નથી. તેઓએ લોકસભા ચૂંટણી દરમિયાન જમશેદપુર લોકસભા સીટ માટે મારું નામ પસંદ કર્યું હતું પરંતુ ટિકિટ આપવામાં આવી ન હતી. તે મૂળભૂત સૌજન્ય છે કે તેઓ મને તે કહે છે. મને આ વર્તનથી ખૂબ જ દુઃખ થયું હતું, ખાસ કરીને કારણ કે મેં ભારત આવવા માટે વિદેશમાં સારી નોકરી છોડી દીધી હતી. મેં તમામ મહત્ત્વપૂર્ણ લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઈએ ધ્યાન આપ્યું નહીં કે શું ખોટું છે તે શોધવાનો પ્રયાસ પણ કર્યો નહીં. તેમણે જુલાઈમાં ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. લુઈસ મરાંડીએ પણ ભાજપ સાથે સંબંધ તોડી નાખ્યા હતા. તેમણે કહ્યું કે ૨૪ વર્ષ બાદ ભાજપથી અલગ થવું દુઃખદાયક છે. તેમણે કહ્યું કે ૨૦૧૪માં ભાજપે દુમકામાં ઐતિહાસિક જીત નોંધાવી હતી. આ વિસ્તાર જેએમએમનો ગઢ માનવામાં આવતો હતો. પરંતુ આમાં, તે મહિલાઓને સન્માન આપવામાં આવ્યું હતું જેમને બહારથી પાર્ટીમાં લાવવામાં આવી હતી અને તે મહિલાઓને નહીં જેમણે પોતાનું આખું જીવન તેના માટે સમર્પિત કર્યું હતું."



# વિશ્વની સૌથી ધનિક મહિલા, જેણે ૧૦૦ અબજ US ડોલર ક્લબમાં પ્રવેશ કર્યો છે, ૫૩,૫૫,૩૦૦ કરોડ રૂપિયાની કંપની ચલાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

આશ્ચર્યજનક નસીબની દુનિયામાં, એલિસ વોલ્ટન ટોચ પર છે. હમણાં જ અઠવાડિયા પહેલાં, તેણે વૈશ્વિક સ્તરે સૌથી ધનિક મહિલા તરીકેનું પોતાનું બિરૂદ ફરીથી મેળવ્યું હતું, આ સ્થાન જાળવી રાખવા માટે તેણે સખત સંઘર્ષ કર્યો હતો. ૭,૫૩,૬૩૧ કરોડ રૂપિયા (અંદાજે ૮૯.૧ અબજ ડોલર) ની આશ્ચર્યજનક સંપત્તિ સાથે, એલિસે ફ્રાક્રોઈઝ બેટનકોર્ટ મેયર્સને પાછળ છોડી દીધા છે, જેની સંપત્તિ ઘટીને ૭,૩૫,૨૦૮ કરોડ રૂપિયા થઈ છે. તેમ છતાં, આ પ્રભાવશાળી સંખ્યા પાછળ માત્ર વ્યક્તિગત સિદ્ધિઓની જ નહીં પરંતુ કુટુંબના વારસાની વાર્તા છે જેણે રીટેલ દૃષ્ટિકોણને પુનઃ આકાર આપ્યો છે. પ્રખ્યાત વોલ્ટન પરિવારમાં જન્મેલી, ૭૪ વર્ષીય એલિસ, વોલમાર્ટના સ્વપ્રદૃષ્ટા સ્થાપક સેમ વોલ્ટનની પુત્રી છે. ૧૯૪૫માં સ્થપાયેલ, વોલમાર્ટ ૫,૩૫૫,૩૦૦ કરોડ રૂપિયાની બજાર મૂડી સાથે વિશ્વની સૌથી મોટી રિટેલર બની છે.વોલ્ટન પરિવાર, તેમની હોલ્ડિંગ કંપનીઓ દ્વારા ૨,૨૩,૩૨,૮૫ કરોડ રૂપિયાની આશ્ચર્યજનક સંયુક્ત સંપત્તિ ધરાવે છે, જે



અંબાણી પરિવારની ૩,૭૪,૭૨૩ કરોડ રૂપિયાની પ્રભાવશાળી સંપત્તિને પણ ઓછી કરે છે. આ અસાધારણ નાણાંકીય સફળતા વોલમાર્ટ બ્રાન્ડની અપ્રતિમ શક્તિ દર્શાવે છે, જે એક દાયકાથી વધુ સમયથી ફોર્ચ્યુન ૫૦૦ રેન્કિંગમાં પ્રભુત્વ ધરાવે છે. એલિસની પ્રગતિ તેના કુટુંબના વારસાનું પ્રતીક છે, કારણ કે તે વોલ્ટન એન્ટરપ્રાઈઝનું સહ-સંચાલન કરે છે, જે કુટુંબની હોલ્ડિંગ કંપની છે જેણે તેના નસીબમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. માત્ર આ જ વર્ષમાં, તેની કુલ સંપત્તિ ૨૫,૩૬૮ કરોડ રૂપિયા જેટલી વધી ગઈ છે.તેના ભાઈ-બહેનો, રોબ અને જિમ વોલ્ટને પણ ૧,૦૨,૦૦૦ કરોડ રૂપિયા અને ૧,૦૪,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ સાથે સેન્ટી-અબજોપતિઓના ચુનંદા જૂથમાં જોડાઈને સફળતાની ઉજવણી કરી હતી. વોલમાર્ટના શેરના ભાવમાં તાજેતરના ઉછાળાએ વિશ્વની સૌથી ધનિક વ્યક્તિઓમાં વોલ્ટન ભાઈ-બહેનોની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે, તેમને એલોન મસ્ક અને જેફ બેઝોસ જેવા ઉદ્યોગના દિગ્ગજોની હરોળમાં સ્થાન અપાવ્યું છે. એલિસ હવે વૈશ્વિક સ્તરે ૧૮માં સૌથી ધનિક વ્યક્તિ તરીકે સ્થાન ધરાવે છે, જ્યારે તેના ભાઈઓ ૧૬માં અને ૧૭માં સ્થાને છે. અબજોપતિઓની આ વિશિષ્ટ ક્લબ વૈશ્વિક સંપત્તિ સંચયની સ્પર્ધાત્મક પ્રકૃતિને પ્રકાશિત કરે છે, જ્યાં એલિસ વોલ્ટન સૌથી ધનિક મહિલા તરીકે ચમકે છે, જે જુલિયા ફ્લેશર કોચ અને મેલિન્ડા ફ્રેન્ચ ગેટ્સ જેવી અન્ય અગ્રણી વારસદારોને ઢાંકી દે છે. એલિસ વોલ્ટન આ વિશાળ સામ્રાજ્યમાં તેની ભૂમિકા ભજવવાનું ચાલુ રાખેલ છે. દરેક વીતતા વર્ષ સાથે, તેણી માત્ર તેની સ્થિતિને મજબૂત બનાવતી નથી, પરંતુ વ્યવસાયમાં મહિલાઓ માટે એક ઉદાહરણ પણ સ્થાપિત કરે છે, તે સાબિત કરે છે કે સંપત્તિ તરફની સફર દૃઢતા, વારસા અને તક માટે તીક્ષ્ણ નજરથી વધુ છે.

# મમતા બેનરજીએ આવશ્યક જીવન રક્ષક દવાઓના ભાવ વધારા અંગે પીએમ મોદીને પત્ર લખ્યો

## બે પેજના પત્રમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ એ વાત પર ભાર મૂક્યો કે, નાગરિકોનું કલ્યાણ સર્વોચ્ચ અગ્રતાને પાત્ર છે

(એજન્સી) કોલકાતા, તા.૨૨

આઠ જેટલી જીવન રક્ષક અને આવશ્યક દવાઓના ભાવમાં વધારો કરવાના નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીના નિર્ણયને પગલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ પત્ર પાઠવી ભાવ વધારાના નિર્ણયની તાત્કાલિક ફેર વિચારણા કરવા માટે સંબંધિત મંત્રાલયને સૂચના આપવા અનુરોધ કર્યો હતો. બે પેજના લેટરમાં મમતાએ ભારપૂર્વક કહ્યું હતું કે નાગરિકોના કલ્યાણને સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ એટલે દેશના આ નિર્ધારને સાકાર કરવા માટે દરેક હિતધારક વિભાગો એમની નીતિઓમાં આ નિર્ધારનું પ્રતિબિંબ પાડે એ જરૂરી છે. હું આ નવો ભાવ વધારો આરોગ્યના હિતમાં અને આમ આદમીના કલ્યાણના હિત ખાતર તાત્કાલિક પાછો ખેંચવા માટે જે તે મંત્રાલયને સૂચના આપવા વડાપ્રધાનને વિનંતી કરૂં છું. મમતા એ ઉમેર્યું હતું કે વ્યાપારિક ક્ષમતા ની સાથે સાથે પરવડી શકે તેવી આરોગ્ય સેવાઓ મેળવવાના નાગરિકના અધિકાર વચ્ચે સંતુલન જાળવવામાં આવે અને તેનું સન્માન કરવામાં આવે એવું આપણું લક્ષ્ય હોવું જોઈએ કેમ કે નાગરિકોના કલ્યાણને જ સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ અને દરેક હિતધારકોની નીતિઓમાં તેનું પ્રતિબિંબ પડવું જોઈએ હું આપના સહકારની અપેક્ષા રાખું છું. તાજેતરમાં એનપીપીએ દ્વારા ૮ જેટલી



જરૂરી દવાઓના ભાવમાં ૫૦% જેવો આકરો ભાવ વધારો જાહેર કરી દેવામાં આવ્યો છે અને કારણ એવો અપાયું છે કે કંપનીઓએ દબાણ કર્યું હતું અને એમનું કહેવું એમ હતું કે રો મટીરીયલ ના ભાવ વધ્યા છે એટલે ઉત્પાદન ખર્ચ વધ્યો છે અને જો ભાવ નહીં વધારવામાં આવે તો ઉત્પાદન બંધ કરવું પડશે એવું કંપનીઓએ દબાણ કર્યું હતું તેમ સરકારની પ્રાઈસીંગ ઓથોરિટી કહે છે.

# 'હું કલાઈનારનો પૌત્ર છું, માફી માંગતો નથી'; સનાતન ધર્મના વિવાદ અંગે ઉદયનિધિ સ્ટાલિનની સાફ વાત

**સનાતન ધર્મ અંગેના પોતાના વિધાનો બદલ માફી માંગવાનો ઉદયનિધિનો ઈન્કાર અને કહ્યું કે મારા એ ઉચ્ચારણો મહિલાઓ ઉપર સનાતન ધર્મની દમનકારીઓ તરફનો ઈશારો હતો**

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૨

| **Equirus Capital Private Limited**<br>12th Floor, C Wing, Marathon Futurex, N.M. Joshi Marg, Lower Parel<br>Mumbai – 400 013, Maharashtra<br>**Telephone no.:** +91 22 4332 0736<br>**Email:** godavari.ipo@equirus.com<br>**Investor grievance email:** investorsgrievance@equirus.com<br>**Website:** www.equirus.com<br>**Contact person:** Malay Shah/Mrunal Jadhav<br>**SEBI Registration Number:** INM000011286 | **SBI Capital Markets Limited**<br>1501, 15th Floor, A & B Wing, G Block, Parinee Crescenzo, Bandra Kurla Complex<br>Bandra (East), Mumbai - 400051, Maharashtra<br>**Telephone:** +91 22 4006 9807<br>**Email:** godavari.ipo@sbicaps.com<br>**Investor grievance email:** investor.relations@sbicaps.com<br>**Website**: www.sbicaps.com<br>**Contact person:** Janardhan Wagle/Krithika Shetty<br>**SEBI registration no:** INM000003531 | **Link Intime India Private Limited**<br>C 101, 1st Floor, 247 Park, L.B.S Marg, Vikhroli West, Mumbai – 400 083, Maharashtra<br>**Telephone no.:** +91 810 811 4949<br>**Email:** godavari.ipo@linkintime.co.in<br>**Investor grievance email:** godavari.ipo@linkintime.co.in<br>**Website:** www.linkintime.co.in<br>**Contact person:** Shanti Gopalkrishnan<br>**SEBI Registration Number:** INR000004058 | Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer related queries and for redressal of complaints, Investors may also write to the BRLMs. |

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP and the section titled *"Risk Factors"* on page 32 of the RHP, before applying in the Offer. A copy of the RHP shall be available on website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of the Company at www.godavaribiorefineries.com and on the website of the BRLM, i.e. Equirus Capital Private Limited and SBI Capital Markets Limited at www.equirus.com and www.sbicaps.com, respectively.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the abridged prospectus shall be available on the website of the Company, the BRLM and the Registrar to the Offer at www.godavaribiorefineries.com, www.equirus.com, www.sbicaps.com and www.linkintime.co.in, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the Registered Office of **GODAVARI BIOREFINERIES LIMITED**, **Tel:** +91 22 6170 2177; **BRLMs**: Equirus Capital Private Limited, **Telephone no.:** +91 22 4332 0736 and SBI Capital Markets Limited, **Telephone:** +91 22 4006 9807 and at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. ASBA Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Sub-Syndicate Members:** Almondz Global Securities Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Asit C. Mehta Investment Interrmediates Limited, Axis Capital Limited, Centrum Broking Limited, Finwizard Technology Private Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, IIFL Securities Limited, JM Financial Services Limited, Kantilal Chhaganlal Securities Pvt.Ltd. Keynote Capitals Limited. KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Motilal Oswal Financial Services Limited, Nuvama Wealth and Investment Limited (Edelweiss Broking Limited), Prabhudas Lilladher Pvt Ltd, Pravin Ratilal Share and Stock Brokers Ltd, RR Equity Brokers Pvt. Ltd, Sharekhan Limited, SMC Global Securities Limited and Yes Securities (India) Limited.

**Syndicate Members:** Equirus Securities Private Limited, SBICAP Securities Limited and Investec Capital Services (India) Private Limited.

**Escrow Collection Bank and Refund Bank :** Axis Bank Limited

**Public Offer Account Bank :** HDFC Bank Limited • **Sponsor Banks:** Axis Bank Limited and HDFC Bank Limited

**UPI:** UPI bidders can also Bid through UPI Mechanism.

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **GODAVARI BIOREFINERIES LIMITED**
**On behalf of the Board of Directors**
*Sd/-*
**Manoj Jain**
**Company Secretary and Compliance Officer**

**Place:** Mumbai
**Date:** October 22, 2024

**GODAVARI BIOREFINERIES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated October 17, 2024 with RoC. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.godavaribiorefineries.com and the websites of the BRLMs i.e. Equirus Capital Private Limited and SBI Capital Markets Limited at www.equirus.com and www.sbicaps.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled *"Risk Factors"* on page 32 of the RHP. Potential investors should not rely on the Draft Red Herring Prospectus filed with SEBI for making any investment decisions and instead should place reliance on the RHP.

The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U. S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made.

Adfactors 383

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# વાસ્તવિકતા જુઓ પછી વિકસિત રાષ્ટ્રની વાત કરો

દેશમાં ગરીબી-મોંઘવારી ભયંકર સપાટીએ છે. લોકો હેરાન પરેશાન છે છતાં આપણા શાસકો જાતજાતની આંબલી-પીપળીઓ બતાવીને ભારત જાણે વિકસિત રાષ્ટ્રના દ્વારે જ ઊભું હોય તેવી પ્રચારની પિપૂડીઓ વગાડે છે. પણ સમયાંતરે વૈશ્વિક પરિસ્થિતિના જે આંકડાઓ બહાર આવી રહ્યા છે અને એમાં ભારતનું જે સ્થાન છે તે વિકસિત રાષ્ટ્ર તો બહુ દૂરની વાત રહી પરંતુ વિકાસશીલ રાષ્ટ્રમાંય તેનું સ્થાન પ્રમાણમાં ઘણું પાછળ છે. જ્યારે આપણે ત્યાં આત્મશ્લાઘામાં રાચતા શાસકો પોતે જ પોતાની આભાસી સિદ્ધિઓના વખાણ કરે છે અને દેશના લોકોને જાતજાતના સપનાં દેખાડે છે જે વાસ્તવિકતાથી ખૂબ જ દૂર હોય છે.

દેશની અર્થવ્યવસ્થાના આંકડાની ચમકતી માયાજાળ રચીને ભારત હવે ટૂંક સમયમાં વિકસિત દેશોની કક્ષામાં પહોંચી જ જશે એવો આભાસ ઊભો કરાય છે પણ બરાબર એની સમાંતર જ એવા સમાચારો પણ આવે છે કે જેમાં એવું દર્શાવાય છે કે ભારતનો વિશ્વના એ પાંચ દેશોમાં સમાવેશ થાય છે કે જેમાં સૌથી વધુ સંખ્યામાં અત્યંત ગરીબ લોકો વસે છે...!!! શું આ સમગ્ર દેશ માટે આઘાતજનક હકીકત નથી ?? યુનો એટલે કે સંયુક્ત રાષ્ટ્રે હાલમાં જ બહાર પાડેલા તાજા અહેવાલમાં આપણો દેશ ગરીબીના કેવા દુષ્ચક્રમાં ફસાયો છે એ દર્શાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર વિકસિત પ્રોજેક્ટ અને ઓક્સફર્ડ યુનિવર્સિટીના ગરીબી તેમજ માનવવિકાસ પહેલ દ્વારા તૈયાર કરાયેલા આ અહેવાલમાં જણાવાયું છે કે દુનિયાભરમાં ૧૦૦ કરોડથી વધુ લોકો અત્યંત ગરીબીની દારૂણ અવસ્થામાં જીવી રહ્યા છે. જે પૈકી ૪૦ કરોડ જેટલા લોકો યુદ્ધ અથવા તો અન્ય કોઈ કારણોસર આવી ખરાબ સ્થિતિમાં અથવા તો એવા દેશોમાં વસી રહ્યા છે કે જ્યાં હિંસા અને અંધાધૂંધીની આશંકા હંમેશા રહે છે. આ અહેવાલના આંકડાઓ મુજબ ભારતમાં ૨૩.૪ કરોડ લોકો અત્યંત ગરીબીમાં જીવન વીતાવી રહ્યા છે અને તેનાથીય ચોંકાવનારી વાત તો એ છે કે ભારતનો એ પાંચ દેશોમાં સમાવેશ થાય છે કે જેમાં ઘોર ગરીબીમાં જીવનનિર્વાહ કરનારા લોકોની સંખ્યા સૌથી વધુ છે. આ કક્ષામાં અન્ય જે ચાર દેશો છે એમાં પાકિસ્તાન અને ઈથિયોપિયા, નાઈજિરિયા અને કોંગો જેવા આફ્રિકન દેશો છે. હવે વિચાર કરો કે આપણા શાસકો આપણને કેટલી હદે છેતરી રહ્યા છે કે તેમના આંકડાઓમાં ક્યારેય આટલી દારૂણ-કરૂણ અને શરમજનક ગરીબ લોકોના આંકડા દેખાતા જ નથી.... વાતો વિશ્વ ગુરૂની પણ વાસ્તવિકતા કંગાળ આફ્રિકન અને પાકિસ્તાન જેવા દેશોની જમાતમાં સામેલ હોવાની અને એમાંયે પાછા સૌથી વધુ ગરીબો તો આપણા જ દેશમાં...!!! ભવ્ય પ્રતિમાઓ, વિકસિત રાષ્ટ્રો ના કરે એવા જલસાઓ પાછળ અબજો રૂપિયાનો ધૂમાડો, દેશમાં ગણ્યા-ગાંઠ્યા અમીરોની ભવ્યાતિભવ્ય જીવનશૈલી, સરકારી કાર્યક્રમો અને તેના પ્રચાર પાછળ પણ પ્રજાના પરસેવાની કમાણીને પાણીની જેમ વહાવવી વગેરે જેવા તિકડમો કરીને પ્રજાને વાસ્તવિકતાથી અંધારામાં રાખવાના પ્રયાસો જારી જ છે ત્યારે સચ્ચાઈ એ છે કે તાજા વૈશ્વિક ભૂખ સૂચકાંક (વર્લ્ડ હંગર ઈન્ડેક્સ) મુજબ પણ ભારતને ભૂખની 'ગંભીર' સમસ્યાવાળા દેશમાં ગણાવાયું છે. ત્યારે પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે છાશવારે સરકાર દેશમાં અર્થતંત્રનું જે ફૂલગુલાબી ચિત્ર રજૂ કરે છે અને વિકાસના દાવા કરે છે તો પછી આ ગરીબી અને ભૂખમરાની સ્થિતિ આટલી ગંભીર કેમ છે ?? એક તરફ આ સરકાર કહે છે કે આગામી થોડા દાયકામાં વિકસિત ભારત બનાવી દઈશું અને બીજી તરફ આ જ સરકાર કહે છે કે તે દેશના ૮૦ કરોડ લોકોના પેટ ભરવા માટે મફત અનાજ આપી રહી છે!!! અર્થાત દેશની અડધાથી વધારે વસ્તી બે ટંકનું પેટભરી શકે એટલું અનાજ કમાવા માટે સક્ષમ નથી એવું ખુદ સરકાર કબૂલે છે ત્યારે જે દેશમાં અધધધ... ૮૦ કરોડ લોકો મફતના અનાજ પર નભતા હોય ત્યાં તમે ટૂંક સમયમાં વિકસિત બની જવાની વાતો કરો તો શું એ છળ નથી ? અને જો ભારતની હાલત અત્યારે પણ ગરીબીની શ્રેણીમાં આવતા સૌથી નીચલી કક્ષાના દેશો સાથે છે તો પછી કયા આધારે આપણા શાસકો દેશને વિકસિત રાષ્ટ્રોની શ્રેણીમાં ઊભો કરી દેવાના દાવા કરે છે ?

સરકાર આ પ્રકારના અલગ અલગ સંસ્થાઓ દ્વારા સમયાંતરે રજૂ કરાતા ગરીબી-ભૂખમરાના આંકડા જુદા જુદા હોવાનું કહે છે પરંતુ તે પોતે ક્યાં આ અંગેના સાચા આંકડા બહાર પાડે છે ? માની લઈએ કે આ આંકડાઓમાં તફાવત અને ક્યાંક ક્ષતિઓ પણ હશે જ છતાં એનો મતલબ એ તો નથી જ કે આ વૈશ્વિક આંકડાઓ સદંતર ખોટા છે. મતલબ કે તેમાં પ્રમાણ વત્તુ-ઓછું હોઈ શકે છે પણ સાવ પાયાવિહોણા આંકડા તો નથી જ... અને આમેય જ્યાં સરકાર પોતે જ ૮૦ કરોડ ગરીબોને મફત અનાજ આપવાની બાબતને 'સિદ્ધિ' તરીકે ખપાવતી હોય એની પાસેથી વાસ્તવિકતા સ્વીકારવાની અપેક્ષા રાખવી વ્યર્થ જ રહેશે.

# વિદેશી ધરતી પર ખર્ચાળ સાહસવાદ




**ભારતની સુરક્ષા સંસ્થાનના ટોચના અધિકારીઓ પર રાજ્ય પ્રાયોજિત અતિસતર્કતાનો આરોપ લાગ્યો હોવાથી આપણાં રણનીતિક હિતસંબંધ સંકટમાં છે**

વોશિંગ્ટન પોસ્ટ અનુસાર, કેનેડિયન અધિકારીઓએ દાવો કર્યો છે કે, કેનેડામાં ખાલિસ્તાન તરફી શીખો પર હુમલાં અને દેખરેખના તેમની પાસે પુરતા પુરાવા છે. જેને જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારથી તેમના જમણા હાથ સમાન રહેલા, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા સીધી અધિકૃત કરવામાં આવી હતી.

૧૪ ઓક્ટોબરના રોજ, પોસ્ટમાં લખવામાં આવ્યું તે પ્રમાણે : '૧૨ ઓક્ટોબર શનિવારે સિંગાપોરમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર [NSA], અજીત ડોભાલ અને શાહ વચ્ચે યોજાયેલી એક ગુપ્ત બેઠકમાં થયેલા સંદર્ભો અને અન્ય પુરાવાઓ વિશેની વિગતો કેનેડિયન અધિકારીઓએ શેર કરી હતી.'

ન્યૂ યોર્ક ટાઈમ્સે ઉમેર્યું હતુ કે, કેનેડિયન NSA દ્વારા કહેવામાં આવ્યું છે કે, ભારતીય રાજદ્વારીઓ કેનેડામાં ભારત વિરોધી શીખો વિશેની માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.આ માહિતી તેઓ યા તો બાતમીદારોને કિંમત આપીને અથવા સમુદાયોની અંદરની વ્યક્તિઓની ગેરવસૂલી કરીને અને ધમકીઓ આપીને' મેળવવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. આ માહિતી તેમણે ભારતની બાહ્ય જાસૂસી એજન્સી RAW (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) સાથે શેર કરી હતી. એવું કહેવાય છે કે, ભારતની બાહ્ય જાસૂસી એજન્સી RAW (રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ) કહેવાતી લોરેન્સ બિશ્નોઈ ગેંગનો ઉપયોગ કરી રહ્યા હતા. લોરેન્સ બિશ્નોઈ ગેંગનું નામ હાલમાં મહારાષ્ટ્રના રાજકારણી બાબા સિદ્દીકની હત્યામાં સંભવિત હાથ હોવાના સમાચારમાં ઉછળ્યું છે.

પોસ્ટે વધુમાં અહેવાલ આપ્યો છે કે, ડોભાલે એમ કહીને પ્રતિક્રિયા આપી હતી કે, ભારત નિજ્જર હત્યા અને કેનેડામાં અન્ય કોઈપણ હિંસા સંબંધિત લિંક કે આરોપને નકારી કાઢશે, પછી ભલે ને તેમની પાસે ગમે તેવા પુરાવા હોય.'

જેમ બધા જાણે છે તેમ, ગુરપતવંત સિંઘ પન્નુનની ફરિયાદના આધારે, ડોભાલને ન્યૂયોર્કની કોર્ટ દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે. ખાલિસ્તાની એવા ગુરપતવંત સિંઘ પન્નુનની ગયા વર્ષે ભારતીય સત્તાવાળાઓ દ્વારા અમેરિકન ધરતી પર હત્યાના પ્રયાસ લક્ષ્ય કરવામાં આવ્યો હતો.

કેનેડિયન અધિકારીને ટાંકીને NYT વધુમાં અહેવાલ આપે છે કે, બિશ્નોઈ ગેંગ દ્વારા એક અન્ય હત્યાને અંજામ આપવામાં આવ્યો હતો. આ હત્યા વિનીપેગ સ્થિત શીખ સુખદૂલ સિંહ ગિલની કરવામાં આવી હતી. જોકે, આ અંગે હજુ સુધી કોઈની અટકાયત કરવામાં આવી નથી.

તે યાદ કરવું જોઈએ કે શાહ જ્યારે ગુજરાતના ગૃહમંત્રી હતા ત્યારે તેમની ઉપર ત્રણ હત્યાનો આરોપ હતો અને થોડા મહિનાઓ માટે તેમની અટકાયત કરવામાં આવી હતી. જોકે અપેક્ષિત ટ્રાયલ શરૂ થાય તે પહેલા તેમને જામીન મળી ગયા હતા. જો કે, ૨૦૧૪માં કેન્દ્રમાં ભાજપ સત્તામાં આવ્યા બાદ આ કેસ વિવાદાસ્પદ રીતે પડતો મૂકવામાં આવ્યો હતો.

શાહ ભારતના ગૃહ પ્રધાન હોવાથી તેમના અધિકારક્ષેત્રમાં ગૃહ બાબતો આવે છે. તે આશ્ચર્યજનક રીતે ઓછું કહીએ તો, સામાન્ય રીતે બાહ્ય જાસૂસી એજન્સીઓના ડોમેનના વિદેશી ઓપરેશનમાં તેમનો હાથ હોવાની શંકા છે. પરંતુ જો ભારત સરકાર ખરેખર ગુજરાતની ઉચ્ચ સુરક્ષાવાળી જેલમાં બંધ ગેંગ લીડર લોરેન્સ બિશ્નોઈ અને તેની ગેંગ સાથે અપ્રમાણિકતા આચરી રહી હોય તો આ બધુ શાહની જાણ અને સંમતિ વિના થાય તેવી શક્યતા નથી.

દેખીતી રીતે, શાહે ૨૦૦૯ પછી ક્યારેય વિદેશ પ્રવાસ કર્યો નથી. બ્રિટનના 'સાર્વત્રિક અધિકારક્ષેત્ર' કાયદા હેઠળ, શાહ જ્યારે ગુજરાત સરકારના મંત્રી હતા ત્યારે તેમના કથિત ગુનાઓ અંગે જો શાહ ક્યારેય યુનાઈટેડ કિંગડમની મુલાકાત લે છે તો આ કાયદો તેમની ઉપર કેસ ચલાવવા માટે જવાબદાર છે.

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ૧૩ મહિના પહેલા વિવાદ સર્જાયો હતો જ્યારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે, તેમની પાસે વેનકુવરમાં થયેલી ખાલિસ્તાની કાર્યકર્તા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોને જોડતાં પુરાવા છે. ૧૪ ઓક્ટોબરના રોજ, તેમણે જણાવ્યું હતું કે, RCMP (રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ) પાસે સ્પષ્ટ અને અનિવાર્ય પુરાવા છે કે ભારત સરકારના એજન્ટોએ કેનેડામાં જાહેર સલામતી માટે નોંધપાત્ર ખતરો ઊભી કરતી પ્રવૃત્તિઓમાં જોડાયા છે અને તે હજુ પણ ચાલુ રાખ્યું છે. RCMP દ્વારા પ્રકાશમાં લાવવામાં આવેલા પુરાવાઓની અવગણના કરી શકાય તેમ નથી. આ એક નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે કેનેડામાં જાહેર સલામતી માટે સતત જોખમ ઊભું કરતી ગુનાહિત પ્રવૃત્તિઓને વિક્ષેપિત કરવી જરૂરી છે. ટ્રુડોએ કહ્યું કે, કેનેડિયન કાયદાના અમલીકરણે ભારતમાં વિરૂદ્ધ સંખ્યા સાથે કામ કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે પરંતુ ભારત દ્વારા વારંવાર ઈનકાર કરવામાં આવ્યો હતો. તેમણે ભારતને સહકાર આપવા હાકલ કરી હતી. ઉલ્ટાનું ભારતીય વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા આપી હતી કે, ટ્રુડો, કેનેડિયન શીખોને ખુશ કરવાના તેમના રાજકીય એજન્ડાને અનુસરીને આવનારી ચૂંટણીમાં લાભ મેળવી લેવા માટે ભારતને બદનામ કરી રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લાં સાડા દસ વર્ષમાં, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં વીટો-વિલ્ડિંગ પરમેનન્ટ ફાઈવ સાથે ભારતની પહોંચ એસ. જયશંકર દ્વારા ગોઠવવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, આઉટરીચ પ્રથમ યુએસ તરફ નમેલું હતું; પછી રશિયા તરફ વળ્યુ હતું, જ્યારે રશિયાએ તેના હાથ વાંકા વાળી દીધા; તે પછી તેણે ફ્રેન્ચની ખુશામત શરૂ કરી દીધી હતી. તેણે અંગ્રેજો વિશે કશું વિચાર્યું નહીં; અને ચીનના અનિયંત્રિત આર્થિક અને સૈન્ય લાભોને મેળવવા વળગી પડ્યા હતા. જો કેનેડાને ઓછું આંકીને અને તેના સાર્વભૌમ અધિકારો સાથે સ્વતંત્રતા લઈને આ બધું પહેલેથી જ એટલું ખરાબ ન હતું, તો ભારતની રાજ્ય પ્રાયોજિત જાગ્રતતા તેના પોતાના વ્યૂહાત્મક હિતોને નોંધપાત્ર રીતે જોખમમાં મૂકી રહી છે. ધ વાયર માટે કરણ થાપરને આપેલા એક ઈન્ટરવ્યુમાં, પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારી ચિન્મય ખરેખાને જણાવ્યું હતું કે, "ભારતે કેનેડા સામે ખૂબ જ મજબૂત નિવેદન આપ્યું છે. તેનું એક કારણ છે, જેમાં વડાપ્રધાન ટ્રુડો સામે વ્યક્તિગત આક્ષેપો મૂકવામાં આવ્યા છે, પરંતુ વધુ સમજદારીથી જવાબ આપ્યો છે અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ઉઠાવવામાં આવેલા પન્નુન આરોપોના કિસ્સામાં સહકારી રીતે, કેનેડાને નબળું માનવામાં આવે છે જ્યારે અમેરિકા એક શક્તિશાળી દેશ છે અને ભારતે તેની સાથે સહકાર દર્શાવવાની જરૂર છે. આ વાત આપણા માટે સારી નથી અને સરકારે આ વાતને દબાવી દેવા માટે શક્ય તેટલી વહેલી તકે તમામ પ્રયાસો કરવા જોઈએ... અન્યથા ભારતની પ્રતિષ્ઠા, સન્માન અને વિશ્વસનીયતાને નુકસાન થશે."

ભારતના વ્યૂહરચનાકારોને સમજાયું નથી અને એવું લાગે છે કે, યુએસ અને કેનેડા ઉત્તર અમેરિકાની ધરતી પર મોદી સરકારની સાહસિકતાના વિષય પર સંલગ્ન છે. એનવાયટીએ સંકેત આપ્યો છે કે, યુએસ ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (એફબીઆઈ) કેનેડાની મોદી સરકારને સમર્થન આપવા માટે પુરાવા એકત્ર કરવા માટે આરસીએમપી સાથે સહકાર અને સંકલન કરી રહ્યું છે. કેનેડિયનો કદાચ NSCના બિગ ફાઈવની જેમ તેના પદનો ઉપયોગ ન કરે, પરંતુ કેનેડા પશ્ચિમી સૈન્ય જોડાણ નાટોના G7નું સભ્ય છે, અને યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની પાંચ આંખો તરીકેનું સૌથી નજીકના ગુપ્ત માહિતી એકત્રીકરણ, વહેંચણી અને જાસૂસી વિરોધી જૂથનું એક ઘટક છે.

ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સે ટ્વિટ કર્યું: 'ન્યુઝીલેન્ડને કેનેડા દ્વારા હિંસા અંગે ચાલી રહેલી ગુનાહિત તપાસ અને તેના દક્ષિણ એશિયાઈ સમુદાયના સભ્યો સામેની હિંસાની ધમકીઓ અંગેની તેની તાજેતરની જાહેરાતો વિશે માહિતી આપવામાં આવી છે. આ ભારત માટે રાજદ્વારી સંકેત હતો કે અન્ય ફાઈવ આઈઝ રાજ્યો કેનેડા સાથે મજબૂત છે અને ભારત સંયુક્ત તપાસ અને જવાબોની અપેક્ષા રાખી શકે છે. કેનેડાએ છ ભારતીય રાજદ્વારીઓને હાંકી કાઢતાં ભારત-કેનેડિયન સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. કેનેડાએ ઓટાવામાં ભારતીય હાઈ કમિશનર સહિત છ રાજદ્વારીને હાંકી કાઢતા, આ તરફ નવી દિલ્હીએ છ કેનેડિયન રાજદ્વારી વ્યક્તિઓને નોન ગ્રેટા (અપ્રિય) જાહેર કરીને બદલો લીધો છે.

ટ્રુડો અને કેનેડાની વાત આવે ત્યારે મોદીનો અભિગમ અત્યંત શિષ્ટાચારી રહ્યો છે. જોકે કેનેડા સ્થિત ખાલિસ્તાનીઓ અથવા યુએસ અને યુકેમાં તેમના સમકક્ષો થકી, ભારતની સુરક્ષા માટે કોઈ વાસ્તવિક ખતરો નથી. જો ખરેખર, અમેરિકનો અને કેનેડિયનો આગ્રહ કરે છે, અને બ્રિટિશ અને ઓસ્ટ્રેલિયન તરીકે સત્તાવાળાઓ પ્રમાણિત કરે છે કે, મોદી વહીવટીતંત્ર એક્સ્ટ્રા-ટેરિટોરિયલ, એક્સ્ટ્રા-જ્યુડિશિયલમાં સામેલ છે, તેમની સામેની ગતિવિધિઓએ માત્ર ખાલિસ્તાન મુદ્દાનું આંતરરાષ્ટ્રીયકરણ કરવામાં મદદ કરી છે.

તે વ્યવહારીક રીતે એક મૃત મુદ્દો હતો, જેને અવિચારી રીતે જીવનની નવી લીઝ આપવામાં આવી છે. ઉપરાંત, દ્વારૂ તે ના એક ભાગમા દલીલ કરે છે કે, 'વિશાળ વિશ્વ હવે ભારતીય ગુપ્તચરમાં કામ કરતા રાજદ્વારીઓ, જાસૂસો, અમલદારો અને પોલીસ અધિકારીઓ કેવી રીતે કાર્ય કરે છે તેની ઝલક મેળવી રહી છે'.

(સૌ : નેશનલ હેરાલ્ડ.કોમ)

ગુજરાત રાજ્ય વકફ બોર્ડને આખરી હુકમ

# ધંધુકા : હઝરત ગેબનશાપીર દરગાહમાં તમામ વકફ મિલકત પુનઃ સ્થાપિત કરવા ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલનો આદેશ

- યુનુસ તલાટ અને મુનાફમિયાં કાદરીને ૨૦ હજાર દાખલા રૂપી ખર્ચ ગુજરાત વકફ બોર્ડમાં ચૂકવવાનો હુકમ કરાયો
- ધંધુકામાં આવેલ ગેબનશાપીર દરગાહની મિલકત વકફની છે તેમ જાણવા છતાં ગેરકાયદેસર રીતે ખરીદ કરી

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ જિલ્લાના ધંધુકામાં આવેલ ગેબનશાપીરની તમામ વકફની મિલકતો અંગે વકફ અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૫૨ અન્વયે કાયદેસર કાર્યવાહી કરી તમામ વકફ મિલકત સદર ગેબનશાપીર દરગાહમાં પુનઃ સ્થાપિત કરવા ગુજરાત વકફ ટ્રિબ્યુનલ દ્વારા ગુજરાત રાજ્ય વકફ બોર્ડને હુકમ કરવામાં આવેલ છે તેમજ આરોપીઓને દાખલારૂપી ખર્ચ ગુજરાત રાજ્ય વકફ બોર્ડના વકફ ફંડમાં ચૂકવવાનો હુકમ કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ દ્વારા તા.૨૧-૧૦-૨૦૨૪ના રોજ આખરી હુકમ કરી ચુકાદામાં જણાવવામાં આવ્યુંછે કે, ઉપરોક્ત હકીકતના આધારે સામાવાળા નં.૧ યુનુસ તલાટ જયારે ગેબનશાપીર દરગાહ નોંધાયેલ વકફ છે અને તકરારી ટ્રસ્ટની સર્વે નં.૫૪૪માંના સિટી સર્વે નં.૨૫૨૫ની મિલકત અગાઉથી નોંધાયેલ હોવાનું સારી રીતે માહિતગાર હોવા છતાં પોતાની નીતિમત્તા છોડી વકફ મિલકત સંબંધે પોતાનો હક દાવો પરત ખેંચેલ નથી. તે હકીકત આઘાતજનક અને નૈતિકતાનાં પતનનો દુર્લભ દાખલો છે અને પોતાના ગેરકાયદેસર અને ગુનાહિત કૃત્યને સાચો ઠરાવે છે. યુનુસ ઉસ્માનભાઈ તલાટ પ્રથમથી જ જાણતા હતા કે, ગેબનશાપીર દરગાહની મિલકત જમીન કે જેમાં દરગાહ અને સૈયદોની હયાત કબરો આવેલ છે તે વકફની મિલકત છે તેમ છતાં ગેબનશાપીર દરગાહના વહીવટકર્તાઓ પાસેથી તમામ ખેતીની જમીન પ્રાચીન દરગાહ અને હયાત કબરો સહિતની મિલકત ગેરકાયદેસર રીતે ખરીદ કરી, વાણિજ્ય હેતુ રૂપાંતરીત કરાવી પોતાના ફાયદા માટે વકફની મિલકત વેચાણ કરી અને માત્ર દરગાહની તથા કબરોની જમીનનું ગુજરાત રાજ્ય વકફ બોર્ડના સભ્યો સાથે મેળાપીપણું કરી વકફ અધિનિયમ, ૧૯૯૫ની જોગવાઈઓનો ભંગ કરી હઝરત ગેબનશાપીર કબ્રસ્તાન વકફ નામથી વકફ રજિસ્ટર કરાવેલ ઉપરોક્ત વિસ્તૃત ચર્ચાને અંતે મુદ્દા નં.૧નો નિર્ણય હકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ગુજરાત વકફ ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવ્યો છે. (૧) ગુજરાત વકફ ટ્રિબ્યુનલે આખરી હુકમ કરતા ચુકાદામાં જણાવ્યું છે કે, વિવાદીઓની હાલની અપીલ સામાવાળાઓ વિરૂદ્ધ મંજૂર કરવામાં આવી છે. (૨) ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર દ્વારા હજરત ગેબનશાપીર કબ્રસ્તાન વકફ, ધંધુકા, જી. અમદાવાદની વકફ અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૩૬ હેઠળ રજુ કરેલ કાદરી મુનાફમિયાં મહેમુદમિયાંની અરજી મુજબની સ્થાવર મિલકત અને જંગમ મિલકત સાથે અમદાવાદ જિલ્લામાં નોંધણી કરવાનો હુકમ રદ/નામંજૂર કરવામાં આવે છે. એટલે હજરત ગેબનશાપીર કબ્રસ્તાન વકફ, ધંધુકા, જી. અમદાવાદનો નોંધણી પત્ર રદ કરવામાં આવે છે. (૩) ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરના તા.૧૭-૧-૨૦૧૫નો હુકમ ગેરકાયદેસરનો ઠરાવી રદ કરવામાં આવેલ હોય સદર હુકમના અનુસંધાને હજરત ગેબનશાપીર કબ્રસ્તાન વકફ, ધંધુકાના નામથી સરકારી અને અર્ધસરકારી રેકોર્ડમાં કરેલ તમામ નોંધો, નોટિફિકેશનને ગેરકાયદેસર જાહેર કરી રદ કરવામાં આવે છે. (૪) વધુમાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડને હુકમ કરવામાં આવે છે કે, સામાવાળા નં.૧ યુનુસ ઉસ્માનભાઈ તલાટે બદ ઈરાદાથી ગેબનશાપીરની દરગાહ વકફ બી/૩૧૭/કે જે વર્ષ ૧૧/૩/૧૯૫૨માં નોંધાયેલ વકફની તમામ મિકલતો ગેબનશાપીરના વહીવટકર્તા પાસેથી વકફ બોર્ડની પૂર્વ પરવાનગી મેળવ્યા વગર વેચાણ રાખેલ અને ત્યાર બાદ તે જમીનનું વાણિજ્ય હેતુ માટે રૂપાંતરીત કરાવી ત્રાહીત વ્યક્તિઓને પોતાના અંગત લાભ અને ફાયદા માટે વેચાણ આપેલ. તે ગેબનશાપીરની તમામ વકફની મિલકતો અંગે વકફ અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૫૨ અન્વયે કાયદેસર કાર્યવાહી કરી તમામ વકફ મિલકત સદર ગેબનશાપીર દરગાહમાં પુનઃ સ્થાપિત કરાવી. સામાવાળા નં.૧ યુનુસ ઉસ્માનભાઈ તલાટ અને સામાવાળા નં.૩ કાદરી મુનાફમિયાં મહેમુદમિયાંએ રૂા.૨૦,૦૦૦/-દરેકને દાખલા રૂપી ખર્ચ ગુજરાત રાજ્ય વકફ બોર્ડમા વકફ ફંડમાં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. (૫) વધુમાં કેસનો રેકર્ડ વંચાણે ફલીત થાય છે કે, ગેબનશાપીરની દરગાહ બી/૩૭૦ અમદાવાદનો રેકર્ડ વકફ બોર્ડની કચેરીમાં ઉપલબ્ધ હોવા છતાં વિવાદી શેરૂમિયાંને માહિતી અધિકાર કાયદા, ૨૦૦૫ અન્વયે ગેબનશાપીર દરગાહ બી/૩૭૦/ અમદાવાદ અંગે વકફ બોર્ડ, ગાંધીનગરના તત્કાલિન જાહેર માહિતી અધિકારીએ અસત્ય માહિતી ઉપલબ્ધ કરાવેલ અને માગ્યા મુજબની માહિતી ગુજરાત રાજ્ય વકફ બોર્ડની કચેરીમાં ઉપલબ્ધ હોવા છતાં વિવાદીને માહિતી ઉપલબ્ધ કરાવેલ નથી અને મુખ્ય કારોબારી અધિકારી તથા કચેરી અધિક્ષકએ સામાવાળા નં.૩ કાદરી મુનાફમિયાં મોહમદમિયાંએ હજરત ગેબનશાપીર વકફ, ધંધુકાની નોંધણી અરજીનો નિર્ણય પેન્ડિંગ હતો. તે દરમ્યાન ગેબનશાપીરની દરગાહ બી/૩૭૦નો રેકર્ડ વકફ બોર્ડના અધ્યક્ષ અને સભ્યો સમક્ષ રજૂ રાખેલ નથી. અને આ રીતે ગુજરાત રાજ્ય વકફ બોર્ડના તત્કાલિન જાહેર માહિતી અધિકારી, તત્કાલિન મુખ્ય કારોબારી અધિકારી અને કચેરી અધિક્ષકે પોતાની ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોય ગુજરાત રાજ્ય વકફ બોર્ડના તત્કાલિન જાહેર માહિતી અધિકારી, તત્કાલિન મુખ્ય કારોબારી અધિકારી અને કચેરી અધિક્ષક વિરૂદ્ધ શિક્ષાત્મક પગલાં ભરવા માટે ગુજરાત સરકાર કાયદા સચિવ, સચિવ સામાન્ય વહીવટ ગુજરાત સરકાર અને ગુજરાત રાજ્ય વકફ બોર્ડના અધ્યક્ષને આવશ્યક કાર્યવાહી કરવા નિર્દેશ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આમાં મુખ્ય આરોપી યુનુસ તલાટ ભાજપના લઘુમતી મોરચાના રાષ્ટ્રીય કારોબારી સભ્ય છે.

કરોડોનું એમ.ડી. ડ્રગ્સ ઝડપાવા મામલે

# અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઈઝ કંપનીના સંચાલકને છ દિવસના રિમાન્ડ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઈઝ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાવવાના મામલામાં કંપની સંચાલકને આજે કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સુરતમાં એમડી ડ્રગ્સની ખેપ મારવા ફરતા બે શખ્શોની ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી. ખેપિયાઓ અંકલેશ્વરથી સ્કોડા કારમાં ડ્રગ્સનો જથ્થો લઈને સુરત જઈ રહ્યા હતા ત્યારે વેલંજા નજીક કારને ઝડપી પાડવામાં આવી હતી. આ કારમાંથી મોન્ટુ પટેલ, વિરાટ પટેલ અને વિપુલ પટેલની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે તેમની પાસેથી ૨૧૦૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો કબજો કરી કાયદેસરની કાર્યવાહી



હાથ ધરી છે. પૂછપરછમાં એમડી ડ્રગ્સ અવસર એન્ટરપ્રાઈઝ કંપનીમાં સંચાલક અને કેમિસ્ટ તરીકે કામ કરતા વિશાલ પટેલે વેચવા આપ્યું હોવાની કબૂલાત કરતા ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સાથે સુરત પોલીસની એક ટીમ અંકલેશ્વર રવાના કરાઈ હતી. અવસર એન્ટરપ્રાઈઝ જીપીસીબીનું ક્લોઝર હોવાથી સરકારી કાગળ પર બંધ હતી જ્યારે કેમિસ્ટ વિશાલ આ સમય દરમિયાન એમડી ડ્રગ બનાવી ખેપિયાઓને વેચવા આપતો હતો. કંપનીમાં સર્ચ દરમિયાન ૧૪૧ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું જ્યારે ૪૦૦ કિલો ઉપરાંત શંકાસ્પદ એમડી ડ્રગનું રો મટીરીયલ મળ્યું હતું જે સીઝ કરી તપાસ માટે ગાંધીનગર એફએસએલ મોકલવામાં આવ્યું છે. આ મામલામાં ઝડપાયેલ કુલ ચાર પૈકી ત્રણ આરોપીઓ સુરત પોલીસની ગિરફતમાં છે. આ મામલે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે પણ નાર્કોટીસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો ત્યારે કંપની સંચાલક અને કેમેસ્ટર તરીકે કામ કરતા વિશાલ પટેલને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

વડોદરાના વારસિયા વિસ્તારમાં

# મોબ લિંચિંગની ઘટનામાં યુવક પર હથિયારથી હુમલો કરનાર આરોપીઓ પોલીસ પકડથી દૂર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૨

વડોદરામાં ગત શુક્રવારે મોડીરાતે વારસિયા વિસ્તારમાં ચોરીના ઈરાદે નીકળેલા ત્રણ યુવકો ટોળાના હાથે ઝડપાઈ ગયા હતા. રોષે ભરાયેલા ટોળામાં સામેલ કેટલાક આરોપીઓએ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ટોળાએ ગડદાપાટુનો માર માર્યો હતો. ટોળાના હુમલામાં ઈજાગ્રસ્ત શહેબાઝનું મોત થયું હતું. જ્યારે ઈકરામની હાલત ગંભીર હોવાથી તેને સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે સ્થળ પરથી ભાગી ગયેલા ત્રીજા યુવક સાહિલને પોલીસે પાછળથી ઝડપી પાડયો હતો. ડીસીપી પન્ના મોમાયાની સૂચના મુજબ સીટિ પી.આઈ. આર.બી. ચૌહાણે હાથ ધરેલી તપાસ દરમિયાન આ ગુનામાં સામેલ ૮ આરોપીઓ ઝડપાઈ ગયા હતા. જે પૈકી ૪ આરોપીઓ પોલીસ રિમાન્ડ પર છે. ગુના સમયે આરોપીઓએ પહેરેલા કપડા પોલીસે કબજે લીધા છે. જોકે, તલવાર અને પાઈપ વડે હુમલો કરનાર આરોપીઓ હજી પકડાયા નથી. પોલીસ તેઓને શોધી રહી છે. પરંતુ, આરોપીઓ ઘર છોડીને જતા રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપી પાસેથી એક લાકડી કબજે કરી છે.

### હદીસ બોધ
અન્યની ભલાઈ ઈચ્છાવાનું નામ જ ધર્મ છે.
(હદીસ બોધ)

### બોધ વચન
જે માણસ મધમાખીના ડંખથી ડરીને મધપૂડાનો ત્યાગ કરે છે તે મધ મેળવવાને લાયક નથી.
-શેકસપિયર

### આજની આરસી
૨૩ ઓક્ટોબર બુધવાર ૨૦૨૪
૧૯ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો વદ સાતમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૨૦
ખત્મે ઝવાલ ૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૪૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૦૮

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

### અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ
**નિશાન યહી હૈ જમાનેમેં ઝિંદા કૌમોં કા,**
**સુબહ-ઓ-શામ બદલતી હૈ ઉનકી તકદીરેં**

દાયકાઓ પહેલાંનો શેર આજે પણ પ્રસ્તુત છે, જે સમાજ, પ્રજા જાગૃત છે, પરિશ્રમ કરે છે તેમની ઓળખ એ છે કે તેમનું નસીબ વહેલી તકે બદલાય છે. નાતજાત, ધર્મ, ફિકા પરસ્તી, પ્રદેશવાદ, ભાષાઓના વાડાઓમાં ક્ષુલ્લક બાબતોને વળગી રહી સમય વેડફતી પ્રજાનું નસીબ તેમણે સાથ આપતું નથી. -(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

### અગત્યની સૂચના
આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# દલિત યુવતીને દેહવ્યાપાર માટે મજબૂર કરવા બદલ ચારને ૩૦ વર્ષની સખત કેદની સજા

## દરેક આરોપી પર ૧ લાખનો દંડ, બચી ગયેલી યુવતી જે એક ગરીબ પરિવારની હતી, તેને ૨૦૧૫માં ગેંગ દ્વારા સેક્સ ટ્રેડમાં લલચાવવામાં આવી હતી જેણે તેને લગભગ ૧૫ ગ્રાહકો સાથે વેચી હતી

(એજન્સી) તા.૨૨
તિરૂવનંતપુરમ, ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ, કટ્ટકડાએ એક સગીર દલિત છોકરીને સેક્સ રેકેટમાં ફસાવનાર ચાર વ્યક્તિઓને ૩૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી અને દરેકને ૧ લાખનો દંડ ફટકાર્યો હતો. સ્પેશિયલ જજ આર. રમેશ કુમારે મેપ્પુકાડાની શ્રીકલા, ઉર્ફે કાલા, ૪૭; મલયંકિઝુની શાહિધા બીવી, ઉર્ફે શાયની, ૫૨, મારનાલુરના સદાશિવન, ૭૧ અને વેલનાડના સુમેશ, ઉર્ફે રમેશ, ૩૩ સામે ચુકાદો સંભળાવ્યો જેઓ ભારતીય દંડ સંહિતાની વિવિધ જોગવાઈઓ અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

**દંડ પર ડિફોલ્ટ**

દંડની રકમ બચી ગયેલી વ્યક્તિને સોંપવામાં આવશે, ત્યારે કોર્ટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને તેને પૂરતું વળતર આપવા ભલામણ કરી હતી. દંડ ન ભરે તો એક વર્ષ અને પાંચ મહિનાની વધારાની કેદ થશે. બચી ગયેલી યુવતી જે ગરીબ પરિવારમાંથી આવતી હતી, તેને ૨૦૧૫માં ગેંગ દ્વારા સેક્સ ટ્રેડમાં લલચાવી દેવામાં આવી હતી જેણે તેને લગભગ ૧૫ અલગ-અલગ ગ્રાહકોને વેચી હતી. આ લોકોએ પોતે જ તેના પર ઘણી વખત બળાત્કાર ગુજાર્યો હતો.

**યુવતી દ્વારા પોલીસનો સંપર્ક**

આ રેકેટ લગભગ બે વર્ષ પછી પ્રકાશમાં આવ્યું જ્યારે છોકરી, જે તે સમયે ૧૭ વર્ષની હતી, તેણે ઓગસ્ટ ૨૦૧૭માં વિલપ્પીસાલા પોલીસનો સંપર્ક કર્યો હતો અને એક યુવક વિરૂદ્ધ ફરિયાદ કરી હતી જેણે તેને કથિત રૂપે ગર્ભવતી બનાવી હતી. બાદમાં કાઉન્સેલિંગ પૂરું પાડવા પર બચી ગયેલી યુવતીએ ખુલાસો કર્યો કે તેનું અન્ય ઘણા લોકો દ્વારા જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. પોલીસ, જેનું નેતૃત્વ તત્કાલીન નેદુમંગડ નાયબ પોલીસ અધિક્ષક (Dy.SP) જે.કે. દિનિલ કરી રહ્યા હતા તેમણે બે અલગ-અલગ કેસ નોંધ્યા હતા. અધિકૃત સૂત્રોએ જણાવ્યું હતું કે બાળકીનું યૌન શોષણ કરનારા અન્ય લોકોની તપાસ ચાલુ છે. દિનિલ તપાસ અધિકારી હતા, ત્યારે તેમના અનુગામી Dy.SP અનિલ કુમારે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ડી.આર. પ્રમોદે, ૩૬ સાક્ષીઓની તપાસ કરી અને ૫૮ પુરાવાઓ અને ૧૩ ભૌતિક વસ્તુઓ રજૂ કરી.

# દલિત યુવકની હત્યાના આરોપમાં YSRC નેતાના પુત્રની ધરપકડ

## શ્રીકાંતે તમામ આરોપોને નકારી કાઢ્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે તેની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે, વિશ્વરૂપે તેના પુત્રની ધરપકડની નિંદા કરી અને તેને બદલો લેવાની કાર્યવાહી ગણાવી

(એજન્સી)
અમલાપુરમ, તા.૨૨
YSRC નેતા અને અમલપુરમના ભૂતપૂર્વ ધારાસભ્ય પિનીપે વિશ્વરૂપના પુત્ર પિનીપે શ્રીકાંતની એક દલિત યુવકની હત્યાના સંબંધમાં તમિલનાડુના મદુરાઈમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ જૂન ૨૦૨૨નો છે, જ્યારે કોનાસીમા જિલ્લાના નામ બદલવાને લઈને અમલાપુરમમાં રમખાણો ફાટી નીકળ્યા હતા. મૃતક જાનુપલ્લી દુર્ગા પ્રસાદ અયાનવિલ્લીના વોર્ડ સ્વયંસેવક હતા. તે ૬ જૂન, ૨૦૨૨થી ગુમ થયો હોવાના અહેવાલ છે. પ્રસાદની પત્ની શ્રવણ સંધ્યાએ નોંધાવેલી ગુમ ફરિયાદના આધારે, કોથાપેટા પોલીસે તપાસ શરૂ કરી અને ગોદાવરી નદીના કિનારે તેનો



મૃતદેહ મળ્યો. પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ ડોક્ટરોએ પુષ્ટિ કરી કે પ્રસાદની હત્યા કરવામાં આવી છે. ત્યારબાદ, કોથાપેટા ડીએસપી ગોવિંદા રાવે ૧૮ ઓક્ટોબરના રોજ વદી ધર્મેશની ધરપકડ કરી, જેણે કબૂલાત કરી કે દુર્ગા પ્રસાદની ૬ જૂન, ૨૦૨૨ના રોજ કોટીપલ્લી રેવુ ખાતે હત્યા કરવામાં આવી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે વોર્ડ સ્વયંસેવકની હત્યા શ્રીકાંતના નિર્દેશમાં કરવામાં આવી હતી. જોકે, પોલીસે જણાવ્યું હતું કે ગુનાનું કારણ હજુ જાણી શકાયું નથી. પોલીસ કસ્ટડીમાં લેવાતી વખતે મીડિયા સાથે વાત કરતા શ્રીકાંતે તમામ આરોપોને નકારી કાઢ્યા અને આરોપ લગાવ્યો કે તેની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે. વિશ્વરૂપે તેમના પુત્રની ધરપકડની નિંદા કરી અને તેને બદલોરૂપ ગણાવી.

**YSRCએ હિંસાની સંસ્કૃતિ કેળવી : લોકેશ**

ભૂતપૂર્વ પ્રધાનના પુત્રની ધરપકડ બાદ, આઈટી અને એચઆરડી પ્રધાન નારા લોકેશે YSRC પર આકરા પ્રહારો કર્યા અને કહ્યું કે પક્ષ હિંસા અને મુક્તિની સંસ્કૃતિ કેળવે છે, જ્યાં ન્યાય કરતાં સત્તાને પ્રાથમિકતા આપવામાં આવી હતી.

# દલિતોને મંદિરમાં પૂજા કરતા રોકવાનો આરોપ, પોલીસ સાથે ઘર્ષણ

## ગ્વાલિયરમાં દલિતોને પૂજા કરતા રોકવાનો આરોપ, સમજાવવા આવેલા સબ ઈન્સ્પેક્ટર સાથે ઝઘડો, ઝઘડાનો વીડિયો સામે આવ્યો

(એજન્સી) ગ્વાલિયર, તા.૨૨
શહેરના હજીરા પોલીસ સ્ટેશન વિસ્તારના જટ્ટી કી લાઈનમાં આવેલા મંદિરમાં પૂજા કરવાને લઈને દલિત અને ઓબીસી સમુદાયના લોકો વચ્ચે વિવાદ સામે આવ્યો છે. જેની જાણકારી બાદ સબ ઈન્સ્પેક્ટર ઘટનાસ્થળે પહોંચ્યા અને મંદિરમાં પૂજા અટકાવી રહેલા પરિવારને સમજાવવાનો પ્રયાસ કર્યો. દરમિયાન બંને પક્ષો વચ્ચે ઝઘડો વધી ગયો હતો. તે જ સમયે, એવું કહેવામાં આવી રહ્યું છે કે પરિવારના સભ્યોએ સબ ઈન્સ્પેક્ટરને માર માર્યો હતો. જે બાદ સબ ઈન્સ્પેક્ટર હરેન્દ્ર ભદૌરિયાએ પણ લાકડીનો ઉપયોગ કર્યો હતો. આ અંગે એક વીડિયો પણ સામે આવ્યો છે.

**પૂજા અટકાવવા બદલ કેસ નોંધાયો :** હજીરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એક દલિત પરિવારના સભ્યની ફરિયાદના આધારે ઓબીસી પરિવાર વિરૂદ્ધ સાર્વજનિક મંદિરમાં પૂજા કરવાથી રોકવાનો કેસ પણ નોંધવામાં આવ્યો છે. તે જ સમયે, સબ ઈન્સ્પેક્ટર ભદૌરિયાની ફરિયાદ પર, OBC પરિવારના ૪ સભ્યો વિરૂદ્ધ સરકારી કામમાં અવરોધ અને મારપીટનો કેસ નોંધવામાં આવ્યો છે.

**આરોપીઓની શોધ ચાલુ છે**

પોલીસ સ્ટેશનના પ્રભારી શિવમંગલ સેંગરે જણાવ્યું કે, "જટ્ટી કોલોનીના લોકોએ ફરિયાદ કરી હતી કે તેમને મંદિરમાં પૂજા કરવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. સબ ઈન્સ્પેક્ટર આ વાત સમજાવવા ગયા હતા. જે બાદ લોકોએ પોલીસ સાથે ઝઘડો કર્યો હતો. આ પછી સબ ઈન્સ્પેક્ટર ભદૌરિયા અને કોલોનીના લોકોના અન્ય કેસના આધારે ઓબીસી પરિવારના ચાર સભ્યો વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# મારા ઓપનિંગ કરવાથી બે ખેલાડી ખુશ ન હતા : સ્ટીવ સ્મિથનો ખુલાસો

## લાબુશેન અને ઉસ્માન ખ્વાજા મને નફરત કરતા હતા : સ્મિથ

સિડની, તા.૨૨
સ્ટીવ સ્મિથ ભારત વિરુદ્ધ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ઓપનિંગ કરશે નહીં પણ હવે સ્ટીવ સ્મિથે આની પાછળનું સત્ય જણાવ્યું છે અને કહ્યું કે, તેણે આના માટે અનુરોધ કર્યો ન હતો કે, તે નંબર ચાર પર જવા માંગે છે. સ્મિથે એ પણ જણાવ્યું કે, તેના ઓપનિંગ કરવાથી ટીમના બે ખેલાડી ખુશ ન હતા. ક્રિકબઝ અનુસાર સ્ટીવ સ્મિથે સ્પષ્ટતા કરી કે મને પૂછવામાં આવ્યું કે, મારી પ્રાથમિકતા બેટિંગ કરવાની કયા નંબર પર હશે અને મેં ચાર નંબર કહ્યું હતું એવું નથી. મેં કહ્યું કે, તમે જ્યાં પણ મને બેટિંગ કરવા માટે કહેશો હું ખુશ છું પણ આ ચાર નંબર મારી આદર્શ સ્થિતિ હશે. સ્મિથે એ પણ ખુલાસો કર્યો કે, આ વર્ષની શરૂઆતમાં તેણે ટીમ મેનેજમેન્ટને કહ્યું હતું કે, તેને ઓપનિંગ કરવી છે. જો કે, આનાથી તેના સાથી બેટ્સમેન માર્નસ લાબુશેન અને ઉસ્માન ખ્વાજા ખુશ ન હતા. સ્મિથે કહ્યું કે, સ્વાભાવિક છે, કેમરૂન ગ્રીનના બહાર થયા બાદ હવે ત્યાં એક જગ્યા છે. ન્યુઝીલેન્ડ સિરીઝ બાદ અમારી વાતચીત ખાસ કરીને લાબુશેન અને ઉસ્માન ખ્વાજા સાથે થઈ હતી. પ્રામાણિકતાથી કહું તો તે ઉપર બેટિંગ કરવાથી મને નફરત કરતા હતા. તેઓ ઈચ્છતા હતા કે, હું તેમની પાછળ બેટિંગ કરૂં. એટલા માટે આ આનો એક મોટો હિસ્સો હતો અને આમ પણ ચોથા નંબરે મારો રેકોર્ડ સારો છે.

# ટેસ્ટ અને વન-ડે ક્રિકેટને પ્રમોટ કરવા આઈસીસી ત્રણ મોટા ફેરફાર કરશે

## ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝ રમાશે, પિંકબોલ ટેસ્ટને મહત્ત્વ અપાશે, વન-ડે ક્રિકેટમાં ૨૫ ઓવર સુધી બે નવા બોલનો ઉપયોગ થશે

દુબઈ, તા.૨૨
આઈસીસી ટૂંક સમયમાં અમુક મોટા ફેરફાર ટેસ્ટ અને વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટને લઈ કરી શકે છે. ટેસ્ટ અને વન-ડે ક્રિકેટને પ્રમોટ કરવા માટે આઈસીસી યોજના બનાવી રહી છે કે આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ચક્રમાં ઓછામાં ઓછી ત્રણ ટેસ્ટ મેચોની સિરીઝ હોય. આ ઉપરાંત વન-ડે ક્રિકેટમાં ૨૫ ઓવર સુધી બે નવા બોલનો ઉપયોગ કરવામાં આવે અને પછી એક જ બોલથી બાકીની ૨૫ ઓવર ફેંકવામાં આવે. આ રીતે બદલાયેલા નિયમ પર વાત ચાલી રહી છે. આઈસીસીની બોર્ડ મીટિંગ દુબઈમાં થઈ છે જેમાં મહિલા ક્રિકેટને લઈ પણ અનેક મોટી જાહેરાત ૨૧ ઓકટોબરે કરવામાં આવી. જો ટીઓઆઈની રિપોર્ટનું માનીએ તો આઈસીસીની ક્રિકેટ કમિટીને બોર્ડ મિટીંગમાં અનેક સજેશન મળ્યા છે. આ જ કારણે ક્રિકેટ કમિટીએ ભલામણ કરી છે કે ટેસ્ટ ક્રિકેટને પ્રમોટ કરવા માટે આગામી ડબ્લ્યુટીસી ચક્રમાં વધુથી વધુ ડે-નાઈટ ટેસ્ટ મેચ એટલે કે પિન્ક બોલ ટેસ્ટ મેચ આયોજિત કરવામાં આવે અને ટેસ્ટ સિરીઝ પણ ડબલ્યુટીસીના અંતર્ગત ઓછામાં ઓછી ત્રણ મેચોની હોય. આઈસીસીના સૂત્રએ કહ્યું કે દ.આફ્રિકા, ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા જેવા અમુક દેશો મોટા ભાગે ફક્ત બે ટેસ્ટ મેચોની સિરીઝ રમે છે. ફકત ભારત, ઈંગ્લેન્ડ, અને ઓસ્ટ્રેલિયા જ લાંબી ટેસ્ટ સિરીઝ રમે છે. આનાથી ટેસ્ટ ક્રિકેટને પ્રોત્સાહન આપવામાં મદદ મળતી નથી અને પોઈન્ટનું વિતરણ ખૂબ જ અયોગ્ય થઈ જાય છે. ભલામણો આવી અસમાનતાઓને દૂર કરવાના ઉદ્દેશથી કરવામાં આવી છે. સૂત્રએ કહ્યું કે આઈસીસી સમિતિનું માનવું છે કે ગુલાબી બોલથી રમાનારી ટેસ્ટ મેચોના કારણે સ્ટેડિયમમાં વધારે લોકો આવે છે. હાલમાં જ પાકિસ્તાનમાં દર્શકોની સંખ્યા ઓછી જોવા મળી. ભારતમાં રમાયેલી ત્રણ પિંક બોલ ટેસ્ટ મેચોમાં સામાન્યથી વધારે ટિકિટ વેચાઈ હતી.

## ભારતના સહાયક કોચનું ચોંકાવનારૂં નિવેદન

# ૧૫૦ રન ફટકારવા છતાં સરફરાઝ ખાન પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થશે !!



પુણે, તા.૨૨
ભારતના સહાયક કોચ રેયાન ટેન ડોએશે મંગળવારે કહ્યું કે, ન્યુઝીલેન્ડ વિરુદ્ધ બીજી ટેસ્ટ મેચ માટે કે.એલ. રાહુલ અને સરફરાઝ ખાન વચ્ચે એક સ્થાન માટે જંગ છે. જો કે, મુખ્ય કોચ ગૌત્તમ ગંભીર કર્ણાટકના બેટ્સમેનને પર્યાપ્ત તક આપવા ઈચ્છુક છે. બેંગ્લોરમાં પરાજય બાદ ભારત પુનરાગમન કરવા માટે પ્રતિબદ્ધ છે. સહાયક કોચને જ્યારે પૂછવામાં આવ્યું કે, રાહુલ અને સરફરાઝ વચ્ચે ટીમમાં સ્થાન મેળવવા માટેની જંગ છે તો તેમણે આમાં કોઈ એક ખેલાડીનો પક્ષ લેવાની વાત નથી. મધ્યમ ક્રમમાં એક સ્થાન માટે જંગ છે. તેમણે કહ્યું કે, સરફરાઝે ગત મેચમાં સારૂં પ્રદર્શન કર્યું પણ રાહુલનું ફોર્મ ચિંતાનો વિષય નથી તે સારી માનસિક સ્થિતિમાં છે. સરફરાઝે બેંગ્લોર ટેસ્ટમાં બીજી ઈનિંગમાં ૧૫૦ રન બનાવ્યા. જ્યારે રાહુલ બંને ઈનિંગોમાં સારૂં પ્રદર્શન કરી શક્યો ન હતો. રેયાને સ્વીકાર કર્યો કે, રાહુલને ટેસ્ટ ફોર્મેટમાં બહાર રાખવો મુશ્કેલ છે તથા મુખ્ય કોચ ગંભીર પણ તેને પૂરતી તક આપવા માંગે છે. તેમણે કહ્યું કે, એવું નથી કે અમે તેના ફોર્મને લઈ ચિંતિત છે. અમને તેના પર પૂરો વિશ્વાસ છે. જો તમે છેલ્લા ત્રણ મહિના જોશો તો જ્યારથી ગંભીરે મુખ્ય કોચ પદ સંભાળ્યું છે તે રાહુલને જેટલી સંભવ હોય તેટલી તક આપવા માંગે છે.

## ખાર જીમખાનાએ જેમિમાની મેમ્બરશીપ રદ કરી

# ધર્માંતરણ કરાવી રહ્યા હતા ભારતીય મહિલા ક્રિકેટર જેમિમા રોડ્રિગ્ઝના પિતા



મુંબઈ, તા.૨૨
ખાર જીમખાનાની ગણતરી મુંબઈની સૌથી જૂની ક્લબમાં થાય છે. આ પ્રતિષ્ઠિત ક્લબે ભારતીય મહિલા ક્રિકેટર જેમિમા રોડ્રિગ્ઝની મેમ્બરશીપ રદ કરી દીધી છે. ખાર જીમખાનાના અધિકારીઓ અનુસાર અમુક સભ્યોએ જેમિમાના પિતા ઈવાન પર ક્લબ પરિસરનો ધાર્મિક પ્રવૃત્તિ કરવા માટે ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. ખાર જીમખાનામાં રવિવારે વાર્ષિક સામાન્ય બેઠક યોજાઈ હતી, જેમાં આ મુદ્દો ઊઠ્યો હતો. જેમિમાના પિતા ઈવાન રોડ્રિગ્ઝ પર ક્લબના અમુક સભ્યોએ આરોપ લગાવ્યો કે, તેમણે ધાર્મિક પ્રવૃત્તિ માટે ક્લબ પરિસરનો ઉપયોગ કર્યો. સાથે જ નબળા લોકોને ધર્માંતરિત કરવા માટે કાર્યક્રમ આયોજિત કર્યા. ભારતીય મહિલા ટીમની ઓલરાઉન્ડર જેમિમા અને તેના પિતાને ટેક્સ્ટ મેસેજ અને ફોન કોલ કરવામાં આવ્યા પણ બંનેએ તેનો જવાબ આપ્યો નહીં. ત્યારબાદ એજીએમમાં તેની મેમ્બરશીપ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. કાર્યવાહીનું સમર્થન કરતા ખાર જીમખાનાના અધ્યક્ષ વિવેક દેવનાનીએ જણાવ્યું કે, ૨૦ ઓકટોબર, ૨૦૨૪ના રોજ આયોજિત બેઠકમાં ભાગ લેનારા સભ્યો દ્વારા પસાર કરવામાં આવેલા એક પ્રસ્તાવ અનુસાર જેમિમા રોડ્રિગ્ઝને અપાયેલી માનદ ત્રણ વર્ષની મેમ્બરશીપ રદ કરી દેવાઈ છે. ખાર જીમખાના મેનેજમેન્ટ કમિટીના સભ્ય શિવ મલ્હોત્રા અનુસાર અમને જાણવા મળ્યું કે, જેમિમાના પિતા બ્રધર મેન્યુઅલ મિનિસ્ટ્રીઝ નામના સંગઠન સાથે જોડાયેલા હતા. તેમણે લગભગ દોઢ વર્ષ માટે પ્રેસિડેન્શિયલ હોલ બૂક કર્યા અને ૩૫ કાર્યક્રમો આયોજિત કર્યા. અમે બધા જાણીએ છીએ કે, ત્યાં શું થઈ રહ્યું હતું. અમે પૂરા દેશમાં ધર્માંતરણ વિશે સાંભળીએ છીએ પણ આ અમારા નાક નીચે થઈ રહ્યું છે. ખાર જીમખાનાના સંવિધાનના નિયમ ૪એ અનુસાર ખાર જીમખાના કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિને મંજૂરી આપતું નથી.

## ભારતને કારમો ફટકો પડ્યો

# હોકી, શૂટિંગ, ક્રિકેટ સહિત અનેક ઈવેન્ટ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર

નવી દિલ્હી, તા.૨૨
ભારતની કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતવાની સંભાવનાઓને કારમો ફટકો પડ્યો છે. કારણ કે, યજમાન શહેર ગ્લાસગોએ હોકી, બેડમિન્ટન, કુસ્તી, ક્રિકેટ અને શૂટિંગ જેવી મુખ્ય રમતોને ૨૦૨૬માં યોજાનાર ગેમ્સના કાર્યક્રમમાંથી હટાવી દીધી છે તથા ફક્ત ૧૦ ગેમ્સને આમાં સ્થાન અપાયું છે. ખર્ચને સીમિત કરવા માટે ટેબલ ટેનિસ, સ્ક્વોશ અને ટ્રાયથલોનને પણ હટાવી દેવાઈ છે. બર્મિંઘમમાં ૨૦૨૨માં રમાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં સામેલ નવ રમત આગામી ગેમ્સનો હિસ્સો હશે નહીં. આ ગેમ્સને ફક્ત ચાર સ્થળો પર આયોજિત કરવામાં આવશે. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬નું આયોજન ૨૩ જુલાઈથી બે ઓગસ્ટ સુધી થશે. ગ્લાસગોએ આ પહેલા ૨૦૧૪માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી હતી. કોમનવેલ્થ ગેમ્સ મહાસંઘે નિવેદનમાં કહ્યું કે, ગેમ્સ કાર્યક્રમમાં એથ્લેટિક્સ, પેરા એથ્લેટિક્સ (ટ્રેક એન્ડ ફિલ્ડ), સ્વીમિંગ, કલાત્મક, જિમ્નાસ્ટિક, ટ્રેક સાઈકલિંગ, પેરા ટ્રેક સાઈકલિંગ, નેટબોલ, વેઈટલિફ્ટિંગ અને પેરા પાવરલિફ્ટિંગ, બોક્સિંગ, જુડો, બાઉલ્સ અને પેરા બાઉલ્સ, 3x3 બાસ્કેટબોલ અને 3x3 વ્હીલચેર બાસ્કેટબોલને સામેલ કરાયું છે. કોમનવેલ્થ ગેમ્સનો આ કાર્યક્રમ ભારતની મેડલ જીતવાની સંભાવનાઓ માટે એક મોટો ફટકો છે. કારણ કે, આ પહેલા તેણે મોટાભાગના મેડલ જે રમતોમાં જીત્યા હતા તેને હટાવી દેવાઈ છે. શૂટિંગને બર્મિંઘમ ગેમ્સના કાર્યક્રમમાંથી પણ હટાવી દેવાઈ હતી અને તેના પુનરાગમનની ઓછી આશા હતી.


**નામ બદલેલ છે.**
મારૂં જૂનું નામ ખુશીબેન પ્રકાશભાઇ ખાનચંદાણી હતું તે બદલીને નવું નામ કવિતા પ્રકાશ ખાનચંદાણી રાખેલ છે
૨૦-બી, શ્રેયસ સોસાયટી (વેસ્ટ), મહાકાલેશ્વર મંદિર પાસે, રેલ્વે ટ્રેકની સામે, રાજકોટ

**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજી.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ
અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૪૦૫૮૬૩.૦૦/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૧-જાન્યુઆરી-૨૦૨૩ | ૧૦૦૩૭૬૧૪૯૭૦ | સાગર ચત્રભુજભાઈ કલારિયા અને મંજુલાબેન ચત્રભુજભાઈ કલારિયા | ભા. રૂ. ૨૦૪૧૨૦૦.૦૦/- | ભા. રૂ. ૨૦૪૧૨૦.૦૦/- | ૦૮-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૦૭-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૩૦-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિપેશ મુખરજી સંપર્ક નં. ૯૫૮૩૯૫૬૩૦૫ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં. ૯૫૭૪૪૪૮૮૪૪ |

**(iv) મોર્ગેજ મિલકતનું સરનામું :** તે તમામ ભાગ અને હિસ્સા ઓફિસ નં.ટી-૪૦૭ ચોથો માળ, ધ કોમર્શિયલ સ્કીમ નામે 'સોબો સેન્ટર' તરીકે જાણીતી સ્થિત અત્રે બ્લોક નં. ૪૭૩/એ/૨, ૪૭૩/એ/૩ અને ૪૭૩/બી, ટીપીએસ નં.૩, એફપી નં.૧૭૦/૧, સબ પ્લોટ નં.૧, ક્ષેત્રફળ ૧૨૫૯૦.૩૫ ચો.મી. મોજે : બોપલ, તા.દસ્ક્રોઈ, જિ. અને સબ જિ. અમદાવાદ, બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ ૨૦.૮૦ ચો.મી. યોગ્ય, અવિભાજિત ભાગ એક્ટેન્ટ ૧૨.૧૦ ચો.મી., દક્ષિણ બોપલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૫૮, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : લિફ્ટ અને નિસરણી, પશ્ચિમ : ઓફિસ નં.ટી-૪૦૮, ઉત્તર : કોમન પેસેજ અને દક્ષિણ : માર્જિન વિસ્તાર

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)
તારીખ : ૨૩.૧૦.૨૦૨૪

**ગુજરાત ટુડે**
**ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**
- લેડીઝ માસ્ટર - ડ્રેસ મટિરિયલ્સ તથા ઈમિટેશન જ્વેલરી માટે સેલ્સમેન ઢાલગરવાડ અમદાવાદ
Mo. 9723340315

**જોઈએ છે**
હેલ્પર કાપડની દુકાન પાંચકૂવા અને નારોલ ગોડાઉન માટે પગાર ૧૦થી ૧૧ હજાર રૂપિયા
મો. 9978911758
9537250691

**વેચવાનું છે**
**વેચવાનો છે ફલેટ**
2 બેડરૂમ, 102 વાર, સેમી ફર્નિશ્ડ, Amvaj, મકરબા
9879561268

**વેચવાનો છે સેમી ફર્નિશ્ડ ફલેટ**
3 બેડરૂમ, 175 વારનો Alboorj, મકરબા
9879561268

**મકાન અને જમીન ભાડે-વેચાણ**
**ભાડે જોઈએ છે**
**પાલડી/જુહાપુરા**
2 BHK ફલેટ પહેલો માળ અથવા બંગ્લો
9824360306

**લગ્ન વિષયક**
**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

# મણિપુર હજુ પણ રાહ જુએ છે: કોંગ્રેસનો મોદીની રશિયાની મુલાકાત પહેલા ટોણો

## પાર્ટીના કોમ્યુનિકેશન્સના પ્રભારી જનરલ સેક્રેટરી જયરામ રમેશે કહ્યું, "કાલે રશિયાના કાઝાનમાં BRICS+ સમિટ શરૂ થશે. મોટાભાગની બાબતોની જેમ બિન-જૈવિક વડાપ્રધાન ક્રેડિટનો દાવો કરે છે, આવી સમિટનો ૨૦૧૪ પહેલાનો નક્કર ઈતિહાસ છે

(એજન્સી) તા.૨૨

કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બ્રિક્સ સમિટ માટે રશિયાની મુલાકાત પૂર્વે કટાક્ષ કર્યો હતો અને કહ્યું હતું કે કઝાન ચોક્કસપણે ઈશારો કરે છે પરંતુ દુર્ભાગ્યે મણિપુર હજુ પણ રાહ જોઈ રહ્યું છે. નોંધનીય છે કે, ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી પીએમ પર સંઘર્ષગ્રસ્ત રાજ્ય મણિપુરની મુલાકાત ન લેવા બદલ પ્રહારો કરી રહી છે.

પાર્ટીના કોમ્યુનિકેશન્સના પ્રભારી જનરલ સેક્રેટરી જયરામ રમેશે કહ્યું, "કાલે રશિયાના કાઝાનમાં BRICS+ સમિટ શરૂ થશે. મોટાભાગની બાબતોની જેમ બિન-જૈવિક વડાપ્રધાન ક્રેડિટનો દાવો કરે છે, આવી સમિટનો ૨૦૧૪ પહેલાનો નક્કર ઈતિહાસ છે.

તેમણે યાદ કરાવ્યું કે, નવેમ્બર ૨૦૦૧માં બ્રિટિશ અર્થશાસ્ત્રી જિમ ઓ' નીલે સૌપ્રથમ બ્રિક-બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન-એવી ચોકડી તરફ ધ્યાન દોરવા માટે શબ્દ પ્રયોજ્યો જે ૨૦૫૦ સુધીમાં વિશ્વની મુખ્ય આર્થિક શક્તિઓ બની શકે. સપ્ટેમ્બર ૨૦૦૬માં આ ચાર દેશોના વિદેશ મંત્રીઓ ઓ'નીલના આર્થિક ખ્યાલને કેવી



રીતે રાજકીય વજન આપી શકે તે શોધવા માટે ન્યૂયોર્કમાં મળ્યા હતા."

રમેશે, જેઓ રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ પણ છે, જણાવ્યું હતું કે, "જૂન ૨૦૦૯માં ચીન, બ્રાઝિલ અને રશિયાના રાષ્ટ્રપતિઓ અને ભારતના વડાપ્રધાન પ્રથમ વખત BRIC સમિટ માટે રશિયામાં મળ્યા હતા. BRIC જ્યારે BRICS બન્યું ત્યારે બે વર્ષ બાદ દક્ષિણ આફ્રિકાને આ જૂથમાં સામેલ કરવામાં આવ્યું હતું. નવી દિલ્હીએ માર્ચ ૨૦૧૨માં બ્રિક્સ સમિટનું આયોજન કર્યું હતું.

તેમણે X પર લખ્યું, "હવે BRICSમાં ઈજિપ્ત, ઈરાન, UAE અને ઈથિયોપિયાનો સંપૂર્ણ સભ્ય તરીકે સમાવેશ થાય છે. અન્ય સંખ્યાબંધ દેશો જોડાવા માટે રાહ જોઈ રહ્યા છે. જુલાઈ ૨૦૧૪માં BRICS દ્વારા ઔપચારિક રીતે શરૂ કરાયેલ ન્યૂ ડેવલપમેન્ટ બેંકનું મુખ્ય મથક શાંઘાઈમાં છે."

મણિપુરનો ઉલ્લેખ કરતાં રમેશે કહ્યું, "કાઝાન ચોક્કસપણે ઈશારો કરે છે પરંતુ દુર્ભાગ્યે મણિપુર હજુ પણ (પીએમની મુલાકાત)ની રાહ જોઈ રહ્યું છે."

અગાઉ કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે મણિપુરમાં પીએમની ઘોર નિષ્ફળતા અક્ષમ્ય છે. તેમણે મણિપુરના મુખ્ય પ્રધાન એન બિરેન સિંહને બરતરફ કરવાની અને ચાલી રહેલી હિંસાની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની પણ માંગ કરી હતી.

# આકોલામાં યોગેન્દ્ર યાદવને વંચિત બહુજન અઘાડી કામદારો દ્વારા ધક્કા મારી મારીને પજવણી કરાઈ, પોલીસ તેમને રક્ષણ આપીને સુરક્ષિત સ્થળે લઈ ગઈ

## સોમવારે એક સેમિનાર કાર્યક્રમમાં તેઓ હાજરી આપી રહ્યા હતા ત્યારે બનેલી ઘટના

(એજન્સી) મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રના આકોલામાં યોજાયેલા એક સેમિનારમાં હાજરી આપવા આવેલા સ્વરાજ ઈન્ડિયા પાર્ટીના સ્થાપક અને ભારત જોડો અભિયાનના નેશનલ કન્વીનર યોગેન્દ્ર યાદવને વંચિત બહુજન અઘાડી કાર્યકરો દ્વારા ધક્કે ચડાવવામાં આવ્યા હતા અને એમને સતત પરેશાન કરવામાં આવ્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે પોલીસ અને યાદવના સાથીદારો ગુસ્સે થયેલા કામદારોથી યોગેન્દ્ર યાદવને બચાવીને અને એમને રક્ષણ આપીને સુરક્ષિત સ્થળે લઈ ગયા હતા. કામદારોએ ખુરશીઓ તોડી નાખી હતી અને ભારે સૂત્રોચાર કર્યા હતા. સેમિનારના સ્થળે ખૂબ જ તણાવ ઊભો થઈ ગયો હતો છેવટે પોલીસ એમને શાંત કરવામાં સફળ રહી હતી. આકોલામાં ભારત જોડો અભિયાન અંતર્ગત એક સેમીનાર યોજાયો હતો જેમાં યોગેન્દ્ર યાદવ ભાષણ આપી રહ્યા હતા પરંતુ વંચિત બહુજન અઘાડી કામદારો ત્યાં ધસી આવ્યા હતા અને એમણે ભાષણ કરવા દીધું નહોતું પણ ભારે ધક્કા મૂકી તેમની સાથે કરી હતી અને એમને



ભાષણ કરવા દીધું નહોતું. કોંગ્રેસે અનામત વિરોધી અભિગમ અપનાવ્યો છે અને અનામતને ખતમ કરવાની વાતો કરે છે ત્યારે યોગેન્દ્ર યાદવ કોંગ્રેસને શું કામ ટેકો આપે છે એ બાબતે કાર્ય કરો એમને પૂછી રહ્યા હતા અને ખીજાયા હતા.. દલીલો ઉગ્ર બની ગઈ હતી અને કામદારોએ યોગેન્દ્ર યાદવને ધક્કે ચડાવ્યા હતા.

# મધ્યપ્રદેશની આઘાતજનક ઘટના; સાવકી માતાએ મોબાઈલ ચાર્જરના કેબલથી શિશુનું ગળું ઘોંટી દેતાં શિશુનું કરૂણ મોત, હત્યાના આરોપસર મહિલાને આજીવન કેદની સજા

## ગુના જિલ્લામાં આવેલી ફતેહગઢ અદાલતે ચુકાદો આપ્યો અને સજાની સાથે સાથે દંડ પણ ફટકાર્યો

(એજન્સી) ભોપાલ, તા.૨૨

મધ્યપ્રદેશના ગુના જિલ્લામાં એક સાવકી માતાએ તેના સાવકા પુત્ર શિશુને મોબાઈલના ચાર્જરના કેબલથી ગળું ઘોંટી દઈને શિશુની હત્યા કર્યાના આરોપસર અદાલતે આ મહિલાને આજીવન કેદની સજા ફટકારી છે. ઓરમાન માતાએ તેના ઓવન પુત્રને આવી રીતે ક્રૂરતાથી મારી નાખ્યાના બનાવના ૧૯ મહિના બાદ ગુના જિલ્લાની ફતેહગઢ અદાલતે કેસનો ચુકાદો આપ્યો હતો અને મહિલાને દોષિત ઠરાવીને તેને આજીવન કેદની સજા ફટકારી હતી અને દંડ પણ કર્યો હતો. આ મહિલાએ મોબાઈલ ચાર્જરના કેબલનો ઉપયોગ કરીને તેના સાવકા શિશુનું ગળું ઘૂંટી નાખ્યું હતું અને બાદમાં પોતે જંતુનાશક દવા ગટગટાવીને આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો. પોલીસમાં નોંધાયેલી હૃદયદ્રાવક વિગતો મુજબ



સુખરામ ભીલની પહેલી પત્ની તેને છોડીને ચાલી ગઈ હતી અને પાછળ બે બાળકો છોડી ગઈ હતી એ પછી સુખરામને સવિતા નામની તેની પહેલી પત્નીની કાકી સાથે લગ્ન કરી લીધા હતા અને તે બાળકો સાથે તેની સાથે રહેતો હતો. ઘટના બન્યાના બે દિવસ પહેલા સુખરામ તેની દીકરીને લઈને લગ્ન પ્રસંગ માટે રતલામ ગયો હતો અને તેની બીજી પત્ની અને શિશુ ઘરે રહ્યા હતા. સુખરામના માતા-પિતા બાજુના ઘરમાં રહે છે. ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ફતેહગઢ પોલીસને એક બાળકનું અંબારામ ચાક વિસ્તારમાં મોત થયાની માહિતી મળી હતી અને પોલીસ સ્થળ પર પહોંચી ત્યારે શિશુનો મૃતદેહ જોયો હતો. અભિષેક નામનો આ માસુમ શિશુ તેના ઘરના પલંગ પર પડ્યો હતો અને બાજુમાં સવિતા પણ બેભાન હાલતમાં પડી હતી અને એમની બાજુમાંથી મોબાઈલ ચાર્જરનો ડેટા કેબલ મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન નરેશ ભીલ તથા પપ્પુ ભીલ અને સુખરામ ભીલના નિવેદનો પરથી માલુમ પડ્યું હતું કે સવિતાને તેના ઓરમાન સંતાનો જરા પણ ગમતા નહોતા અને એમની તરફ નફરતની લાગણીથી જોતી હતી. અભિષેક અને તેની બેન સવિતાને ગમતા નહોતા અને બનાવના દિવસે સવિતા એકલી હોવાથી માસુમ શિશુને ગળું દબાવીને મારી નાખ્યો હતો.

# છેલ્લા એક વર્ષમાં ૨૧૬ પોલીસકર્મીઓએ ફરજ બજાવતા જીવ ગુમાવ્યો છે : સિદ્ધારમૈયા

## સિદ્ધારમૈયાએ પોલીસને કહ્યું કે, કાયદો અને વ્યવસ્થા સીધી રીતે દેશના જીડીપી સાથે જોડાયેલી છે

(એજન્સી) તા.૨૨

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે દેશની જીડીપી તેની કાયદો અને વ્યવસ્થા સાથે સીધી રીતે જોડાયેલી છે. સિદ્ધારમૈયાએ બેંગ્લુરૂમાં આયોજિત પોલીસ સ્મારક દિવસ દરમિયાન જણાવ્યું હતું કે, "મજબૂત કાયદો અને વ્યવસ્થા વ્યવસ્થા વિશાળ રોકાણ આકર્ષવામાં મદદ કરે છે, જે બદલામાં વધુ નોકરીઓનું સર્જન કરે છે અને આર્થિક વૃદ્ધિને વેગ આપે છે. આર્થિક વૃદ્ધિ GDP અને માથાદીઠ આવકમાં વધારો કરે છે." સિદ્ધારમૈયાએ નોંધ્યું હતું કે રાજ્યમાં ૧૨ અધિકારીઓ સહિત ૨૧૬ જેટલા પોલીસ કર્મચારીઓએ છેલ્લા એક વર્ષમાં ફરજની લાઈનમાં પોતાનો જીવ આપ્યો હતો. દેશમાં આંતરિક સુરક્ષા જાળવવામાં ગુનાખોરી અટકાવવા અને આપત્તિઓને નિયંત્રિત કરવામાં



પોલીસ દળની ભૂમિકા પર ભાર મૂકતા, મુખ્યમંત્રીએ નાગરિકોના જીવન અને ગૌરવને બચાવતા મૃત્યુ પામેલા નાયકો માટે શોક વ્યક્ત કર્યો હતો. સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, "અસમાનતાવાળા સમાજમાં પ્રચંડ શોષણ અને અન્યાય થવાનું બંધાયેલ છે. અમારૂં પોલીસ દળ દલિત લોકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. મારી સરકાર ગુનાઓ અટકાવવા માટે લેવાયેલ પહેલમાં પોલીસની સાથે છે." મુખ્યમંત્રીએ ઉમેર્યું, "અમારી પાસે દેખરેખ માટે ૬,૦૦૦ સીસીટીવી કેમેરા અને ૨૬૦થી વધુ હાઈવે પેટ્રોલિંગ વાહનોછે. વધુમાં ૨૦૦ કરોડના ખર્ચે ૧૦૦ નવા પોલીસ સ્ટેશનની સ્થાપના કરવામાં આવી રહી છે." મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ૨૦૨૫ સુધીમાં રૂા.૨,૦૦૦ કરોડના ખર્ચે ૧૦,૦૦૦ પોલીસ આવાસ એકમો બનાવવામાં આવશે અને પોલીસ કર્મચારીઓના બાળકોના લાભ માટે સાત જાહેર શાળાઓ ખોલવામાં આવશે. કોંગ્રેસ સરકારના રાજકીય વિરોધીઓને "લગામ" કરવા માટે રાજ્ય પોલીસનો દુરૂપયોગ કરવાના આરોપ વચ્ચે, સિદ્ધારમૈયાએ જણાવ્યુંકે તેમની સરકાર રાજ્ય પોલીસને સ્વતંત્ર રીતે કામ કરવા માટે તમામ સમર્થન આપશે.



### અમદાવાદમાં આખી નકલી કોર્ટ ઊભી કરનાર આરોપી પહોંચ્યો અસલી જજ સામે !

# નકલી જજને કોર્ટ સમક્ષ રજૂ કરાતા પોલીસ દ્વારા માર માર્યાની કરી ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૨

અમદાવાદ સહિત રાજ્યભરમાં ચકચાર જગાવનાર આખી નકલી કોર્ટ ઝડપાવવાના પ્રકરણમાં ધરપકડ કરાયેલ આરોપી મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચયનને મેટ્રો કોર્ટમાં રજૂ કરાયો હતો. જેમાં આરોપીએ માર મારી ગુનો કબુલવા માટે પોલીસે પ્રયાસ કર્યાનો આરોપ લગાવી કોર્ટ સમક્ષ ફરિયાદ કરી હતી. નકલી કોર્ટ ઊભી કરી બોગસ જજ બની છેતરપિંડી આચરનારા આરોપી મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચયનનો સામનો આજે અસલી જજ સાથે થયો હતો. કારંજ પોલીસે આરોપીના રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કર્યો હતો. પરંતુ આરોપી અને નકલી આર્બિટ્રેટર મોરિસે પોલીસ પર જ ગંભીર આરોપ લગાવ્યા હતા. આરોપી મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચયને કોર્ટમાં કહ્યું કે પોલીસે ગુનો કબુલવા માટે માર માર્યો છે. આરોપીની ફરિયાદના આધારે કોર્ટે મેડિકલ ચેકઅપ કરાવવાની મંજૂરી આપી છે. ગઈકાલે કારંજ પોલીસે એક એવા ભેજાબાજની ધરપકડ કરી હતી. જેણે આખી નકલીકોર્ટ ઉભી કરી આર્બિટ્રેટર બની વિવાદિત જમીનો પચાવી પાડવાનું કૌભાંડ રચ્યું હતું. આજે કારંજ પોલીસે આરોપીને મેટ્રો કોર્ટમાં રજુ કરી રિમાન્ડની માગ કરી હતી. પરંતુ આરોપી મોરિસે પોલીસ દ્વારા માર માર્યાની કોર્ટમાં ફરિયાદ કરી હતી. આરોપીએ જજ સમક્ષ કહ્યું કે પોલીસે માર મારી ગુનો કબુલવા માટે દબાણ કર્યું હતું. ઈજા થતા મારી સારવાર પણ ના કરાવી. આરોપીની ફરિયાદના આધારે

### આખરે આરોપીના મેડિકલ ચેકઅપ કરવાની કોર્ટે આપી મંજૂરી

કોર્ટે મેડિકલ ચેકઅપ કરવાની મંજુરી આપી છે. આવતીકાલે ૩.૩૦ કલાકે વધુ એક વખત આરોપીને કોર્ટમાં રજુ કરાશે અને રિમાન્ડ અંગેની અરજી પર સુનાવણી હાથ ધરશે. આરોપ મુજબ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચયન આર્બિટ્રેટર એટલે કે જજ હોય તે રીતે એક તરફી કાયદાના પ્રબંધો વિના કાર્યવાહી કરતો હતો. આરોપીએ ખોટી ટ્રિબ્યુનલ એટલે કે કોર્ટ ઉભી કરીને ન્યાયની કોર્ટ હોય તેવું વાતાવરણ ઉભુ કર્યું હતું. કોર્ટ સ્ટાફ અને વકીલો ઉભા કરી પોતે જજની જેમ વર્તીને જાતે જ ક્લેઈમ સેટલમેન્ટ કરી દાવો તૈયાર કરી અને કરાવી સરકારી જમીન ખાનગી વ્યકિતને આપી હતી. કરોડોની સરકારી જમીન ખાનગી વ્યકિતના નામે કરી અસલ કોર્ટમાં દરખાસ્ત કરી હતી. જો કે તેનો ભાંડો ફૂટી જતા સિટી સિવિલ કોર્ટના રજિસ્ટ્રાર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી તેની સામે હાઈકોર્ટની અવમાનના સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં નકલી વકીલ, ૨૦ વર્ષથી નકલી જજ જેવા ગંભીર આરોપો લાગેલા છે આ ઉપરની નકલી વિઝા કૌભાંડમાં મુંબઈમાં પકડાયો પણ હતો. તેની સામે અગાઉ ઘણા ગુના નોંધાવાયા હોવાની વિગતો સામે આવી છે.

### ૧૪મી ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડઝ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા અમિત શાહ

# વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સેવા સુરક્ષા સહિતના ક્ષેત્રોમાં શ્રેષ્ઠ વિકાસ સાધવો જરૂરી

**● આગામી ચાર મહિનામાં સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડઝના જવાનો માટે નવું ચાર્ટર તૈયાર કરાશે ● કાયદો વ્યવસ્થા સંગીન બનાવવા સાથે આપદા પ્રબંધનમાં નાગરિક સહાયતા માટે હોમગાર્ડઝ પૂરક : CM**

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૨૩

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે મહાત્મા મંદિર- ગાંધીનગર ખાતે બે દિવસીય ‘૧૪મી ઓલ ઈન્ડિયા નાગરિક સંરક્ષણ અને હોમગાર્ડઝ કોન્ફરન્સ’નો પ્રારંભ કરાયો હતો. કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, ભાષા, સંસ્કૃતિ, પરંપરા તેમજ સંસ્કારને બચાવીને વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં તમામ કડીઓનો સહયોગ જરૂરી છે જેમાં એક પણ કડી કમજોર ન રહેવી જોઈએ. આ સંકલ્પને સાકાર કરવા સેવા અને સુરક્ષા સહિત દરેક ક્ષેત્રમાં ભારતે શ્રેષ્ઠ વિકાસ સાધવો જરૂરી છે. અમિત શાહે કહ્યું હતું કે, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ ફોર્સિસને જેટલું મહત્વ મળવું જોઈએ એ ઘણા વર્ષો પછી અમારી સરકારે આપ્યું છે, આ બે દિવસીય કોન્ફરન્સના આયોજનથી સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના જવાનોને નવી ઊર્જા મળશે. સેવા એ ભારતીયોની મૂળ સંસ્કૃતિ છે ત્યારે દેશના દરેક નાગરિક, તેમની સંપત્તિ અને તેમના અધિકારોની સુરક્ષા થવી જોઈએ. આમ, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડએ સેવા અને સુરક્ષાનો સમન્વય છે. સમયની સાથે તેમના વેતન અને સુવિધાઓમાં વધારો કરવો જરૂરી છે, પરંતુ તેના મૂળમાં સેવાનો ભાવ રહેલો છે તે જળવાઈ રહે તે પણ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ આ બંને સંગઠનો દેશના નાગરિકોમાં સેવાનો ભાવ જન્માવે છે, વિકસિત ભારતના સંકલ્પને ત્યારે સાકાર કરી શકશુ જ્યારે સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સેવા તેમજ સુરક્ષાના ભાવ સાથે જોડાયેલા રહેશે. તેમણે વિશ્વાસ સાથે કહ્યું હતું કે, આગામી ચાર મહિનામાં સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના જવાનો માટે નવું ચાર્ટર પણ તૈયાર કરવામાં આવશે જેમાં આપાતકાલીન સમયે તેમનું યોગદાન, યાતાયાત, ટ્રાફિક-પ્રબંધનની સંસ્થાકીય વ્યવસ્થા, યુદ્ધની સ્થિતિમાં કેવી રીતે બચાવની કામગીરી કરવી, નાગરીકોની સુરક્ષા અને મનોબળ કેવી રીતે વધારવું તેવા વિષયોનો પણ સમાવેશ કરવામાં આવશે. સાથોસાથ સામાજિક જાગૃતિ અભિયાન જેવા કે નશા મુક્ત ભારત, સ્વચ્છ ભારત, વૃક્ષારોપણ, પ્લાસ્ટિક મુક્ત ભારત, પોષણયુક્ત ભારત, મહિલા સુરક્ષા વગેરે પ્રત્યે વધુ જાગૃતિ કેળવાય તેવા વિષયો પણ આ ચાર્ટરમાં આવરી લેવાશે. આ ઉપરાંત સ્થાનિક કાનૂની વ્યવસ્થા અંગે તાલીમનો રોડ મેપ, શિક્ષણમાં સહયોગ જેમ કે ડ્રોપ આઉટ રેશિયો, શિક્ષણની ગુણવત્તામાં સુધાર જેવી બાબતોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ નવીન ચાર્ટરમાં સુધારા માટે યોગ્ય સૂચનો આપવા પણ ઉપસ્થિત અધિકારીઓને ગૃહમંત્રીએ સૂચન કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશમાં કાયદો વ્યવસ્થા સંગીન બનાવવા સાથે આપદા પ્રબંધનમાં નાગરિક સહાયતા માટે હોમગાર્ડસ અને નાગરિક સંરક્ષણ પૂરક બનશે તેમ પણ તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, પોલીસ દળ સાથે ખભે ખભા મિલાવી રાજ્યની સુરક્ષા સલામતી અને સેઇફ સિક્યોર્ડ તથા પીસફૂલ બનાવવામાં હોમગાર્ડઝ અને સિવિલ ડિફેન્સ સદૈવ કર્તવ્યરત છે.

# જીવનમાં આગળ વધવા માટે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવો જરૂરી નથી, હાઈકોર્ટનું અવલોકન

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૨

ચાર વર્ષની બાળકીનો કબજો પિતા પાસેથી તેની માતાને સોંપતી વખતે ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે ઠરાવ્યું છે કે, જીવનમાં આગળ વધવા માટે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવો જરૂરી છે તેવી દલીલ બહુ દૂરની બાબત છે. શરૂઆતથી શાળા શિક્ષણના માધ્યમનો બાળકના કલ્યાણ પર કોઈ સીધો પ્રભાવ નથી. બાળકીના પિતાએ બે વર્ષ પહેલા દાણીલીમડા પોલીસના પોલીસ અધિકારીઓની મિલીભગતથી બાળકીનો કબજો છીનવી લીધો હતો અને હાઈકોર્ટે પણ પોલીસના વર્તનની ટીકા કરી હતી અને કોર્ટના આદેશને ગૃહ વિભાગને મોકલ્યો હતો. પિતાએ હાઈકોર્ટ સમક્ષ ફેમિલી કોર્ટના બાળકની કસ્ટડી માતાને આપતા આદેશ સામે પિટિશન કરી હતી. પિતાએ દલીલ કરી હતી કે માતા એવા તાલુકામાં રહે છે જ્યાં અંગ્રેજી માધ્યમની શાળા નથી જ્યારે અમદાવાદમાં બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણવાની તક મળશે. પત્ની - માતા જે આવાસ ધરાવે છે તે ૩ બેડરૂમનું નાનું ઘર છે જ્યારે પિતા પાસે વધુ સારું રહેઠાણ છે અને તેથી, બાળકના ભવિષ્ય, કલ્યાણ અને શિક્ષણ માટે પિતા સ્થિર વાતાવરણ અને આર્થિક સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને સોંપવું જોઈએ. આની સામે પત્નીએ રજૂઆત કરી હતી કે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાંથી ૨૦૨૨માં દાગીનાની ચોરીના ફોજદારી કેસના બહાને પિતાએ બળજબરીથી બાળકનો કબજો લઈ લીધો હતો. તેણે પતિના ચારિત્ર્ય અને દારૂ પીવાની આદત હોવાના આક્ષેપો પણ કર્યા હતા. બંને પક્ષોની રજૂઆતો ધ્યાને લીધા બાદ હાઈકોર્ટે આદેશ કર્યો હતો કે પિતા દ્વારા કરવામાં આવેલી દલીલને સ્વીકારવી અકલ્પનીય છે કે પુત્રીના ભાવિને અસર થઈ શકે છે કારણ કે માતા રહે છે તે નજીકના વિસ્તારમાં કોઈ અંગ્રેજી માધ્યમની શાળા નથી. જસ્ટિસ બીરેન વૈષ્ણવ અને જસ્ટિસ મૌલિક શેલતની ખંડપીઠે કહ્યું હતું કે ખાસ કરીને જ્યારે બાળક નાનું બાળક હોય ત્યારે બાળકના કલ્યાણનો નિર્ણય શાળાના માધ્યમથી થવો જોઈએ નહીં. તેઓએ બહુ દૂરની દલીલ છે કે જીવનમાં પ્રગતિ કરવા માટે, વ્યક્તિએ શરૂઆતથી અંગ્રેજી માધ્યમમાં શાળામાં અભ્યાસ કરવાની જરૂર છે. અમારા મત મુજબ, શાળા શિક્ષણના માધ્યમનો બાળકના કલ્યાણ પર કોઈ સીધો પ્રભાવ નથી. યુવતીના પિતા એક શાળામાં પ્રિન્સિપાલ છે.

### પોલીસે ‘એજન્ટ’ તરીકે કામ ન કરવું જોઈએ, HC

અદાલતે આદેશમાં જણાવ્યું હતું કે, “અમે પોલીસ એજન્સીના વર્તન પર કેટલાક અવલોકન કરવા માંગીએ છીએ જે આજકાલ પક્ષકારોના ખાનગી વિવાદને કાયદા દ્વારા માન્ય ન હોય તેવી રીતે પતાવટ કરવા માટે નિમિત્ત તરીકે કાર્ય કરે છે. અમે આ આદેશ રાજ્યના ગૃહ વિભાગના સચિવને સક્ષમ સત્તાધિકારીઓના ધ્યાન પર મૂકીએ છીએ કે ગુજરાત રાજ્યના પોલીસ કર્મચારીઓને ચેતવણી આપવામાં આવે કે તેઓ આવી સંવેદનશીલ બાબતોમાં એજન્ટ તરીકે કામ ન કરે. બાળક અને કસ્ટડીના પક્ષકારોના નિમિત્ત નાં બનો, તેનો નિર્ણય કૌટુંબિક અદાલતો દ્વારા લેવામાં આવે તે શ્રેષ્ઠ છે. આ આદેશની રિટ માહિતી માટે ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના સચિવને મોકલવામાં આવશે.

### વડોદરામાં દેશના પ્રથમ એરક્રાફ્ટ ફાઈનલ એસેમ્બલીનું મોદી તથા સ્પેનના વડાપ્રધાન ઉદ્ઘાટન કરશે

# વાયુસેના માટે સ્વદેશી ઈલેક્ટ્રોનિક વોરફેર સ્યુટથી સજ્જ એરક્રાફ્ટસનું ઉત્પાદન થશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ આગામી ૨૮ ઓક્ટોબરના રોજ વડોદરા ખાતે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિ. ની ફાઈનલ એસેમ્બ્લી લાઈન (FAL), જે એક C-૨૯૫ એરક્રાફ્ટ ફેસિલિટી છે, તેનું ઉદ્ઘાટન કરશે. ભારતની એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી માટે આ એક ઐતિહાસિક ક્ષણ છે. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ, ભારતના ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ (સંરક્ષણ સંસાધનોનું ઉત્પાદન) ક્ષેત્ર માટે એક સીમાચિહ્નરૂપ છે. વધુમાં, આ કાર્યક્રમ ભારત અને સ્પેન વચ્ચેના સંબંધોને પણ વધુ મજબૂત બનાવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ફેસિલિટીનું ભૂમિપૂજન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓક્ટોબર, ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું, અને હવે ૨૪ મહિનાના સમયગાળામાં તેઓ આ ફેસિલિટીનું ઉદ્ઘાટન કરી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૧માં ભારતે ભારતીય વાયુસેનાના જૂના AVRO કાફલાને બદલવા માટે ૫૬ C-૨૯૫ એરક્રાફ્ટ્સના અધિગ્રહણ માટેની ઔપચારિકતા હાથ ધરી હતી. કોન્ટ્રાક્ચ્યુઅલ એગ્રીમેન્ટ હેઠળ, એરબસ પ્રથમ ૧૬ એરક્રાફ્ટ્સને ‘ફ્લાય-અવે’ સ્થિતિમાં ડિલિવર કરશે. C-૨૯૫ પ્રોગ્રામ એ ‘મેક ઈન ઈન્ડિયા’ પહેલ હેઠળ ભારતના ખાનગી ક્ષેત્રનો પ્રથમ એરોસ્પેસ પ્રોજેક્ટ છે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ ફેસિલિટી ભારતીય વાયુસેના માટે સ્વદેશી ઈલેક્ટ્રોનિક વૉરફેર સ્યુટ્સથી સજ્જ ૪૦ C-૨૯૫ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનું ઉત્પાદન કરશે અને તેમને એસેમ્બલ કરશે. આમાંનું પ્રથમ મેડ-ઈન ઈન્ડિયા એરક્રાફ્ટ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં બનીને તૈયાર થઈ જશે તેવો અંદાજ છે, જ્યારે ફાઈનલ એરક્રાફ્ટની ડિલિવરી ઓગસ્ટ ૨૦૩૧ સુધીમાં થવાનો અંદાજ છે. આ ઉદ્ઘાટન સમારોહમાં બંને વડાપ્રધાનએ એસેમ્બ્લી લાઈન તેમજ હેંગરની ટુર કરશે, જ્યાં આ એરક્રાફ્ટનું નિર્માણ થનાર છે. કાર્યક્રમ પહેલા વડોદરા એરપોર્ટથી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી સુધી એક ભવ્ય રોડ શૉ પણ આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં ગુજરાતની વાયબ્રન્ટ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તેમજ વડોદરાની સ્થાનિક સંસ્કૃતિને પ્રદર્શિત કરવામાં આવશે. જેમાં સ્થાનિક વિદ્યાર્થીઓ અને કલાકારો આ ઉત્સવના વાતાવરણમાં ઉમેરો કરશે. ઉદ્ઘાટન બાદ બંને નેતાઓ ઐતિહાસિક લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત લેશે, જ્યાં તેઓ વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત દ્વિપક્ષીય બેઠકમાં ભાગ લેશે. આ દરમિયાન ભારત અને સ્પેન વચ્ચે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર થવાની શક્યતા છે, જે બંને દેશોના વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવશે. ત્યારબાદ પેલેસમાં બપોરના ભોજન સાથે કાર્યક્રમનું સમાપન થશે.

### સાઈન બોર્ડ બન્યા મોતના બોર્ડ

# કાંકરિયા પાસે કોર્પોરેશનનું હોર્ડિંગ બોર્ડ પડતા મોપેડસવાર પરિવાર ઈજાગ્રસ્ત

**સામાન્ય પવનમાં જ બોર્ડ તૂટી પડ્યું**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

શહેરોમાં ઠેર-ઠેર જાહેરાત માટે હોર્ડિંગ લગાવવામાં આવતા હોય છે. જો કે કેટલીક વાર બેદરકારીના કારણે આ હોર્ડિંગ પડવાના કારણે દુર્ઘટનાઓ પણ બનતી હોય છે. ત્યારે અમદાવાદના કાંકરિયા પાસે એક મોટી દુર્ઘટના થતા અટકી છે. કાંકરિયા પાસે કોર્પોરેશનનું હોર્ડિંગ પડ્યું હોવાનું સામે આવ્યુ છે. અમદાવાદમાં ભારે પવન ન હોવા છતા હોર્ડીંગ બોર્ડ તૂટી પડતા બાળક સહિત અન્ય ૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને તાત્કાલિક ધોરણે





LG હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જોકે શહેરમાં ઠેર – ઠેર AMC દ્વારા રસ્તાની વચ્ચોવચ્ચ પણ કેટલીક વખત સાઈન બોર્ડ ખડકી દેવામાં આવતા હોય છે. આ તરફ એજન્સીઓ અને છસ્ઝના અધિકારીઓની મિલીભગત હોવાના પણ આરોપ લગાવવામાં આવી રહ્યાં છે. એક જ પરિવારના ત્રણ સભ્યો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં દીપમાલા જૈન (ઉ.વ. ૩૮), દિવ્યાંગ જૈન (ઉ.વ.૬), જિયા જૈન (ઉ.વ.૧૦)નો સમાવેશ થાય છે. પોલીસ ફરિયાદ ના નોંધાય તે માટે છસ્ઝ અધિકારીઓને નેતાઓનું પરિવાર પર દબાણ કરવામાં આવ્યું હોવાનું આક્ષેપ કરાયું છે.

### ભાવનગરના હાઉસિંગ બોર્ડની

# કોલોનીમાં મસ્જિદ દૂર કરવાની નોટિસ સામે રાહત આપવા હાઈકોર્ટનો ઈન્કાર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

ભાવનગરમાં રહેણાંક વસાહતમાં બનેલી મસ્જિદ/ઈબાદતગાહને દૂર કરવા અથવા તોડી પાડવા માટે ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા જારી કરાયેલી નોટિસને પડકારનાર વ્યક્તિને કોઈપણ પ્રકારની રાહત આપવાનો ગુજરાત હાઈકોર્ટે સોમવારે ઈન્કાર કર્યો હતો. કેસની વિગતો મુજબ, હારૂન મલકાણીએ આ વર્ષે જુલાઈમાં ભાવનગરના ભરતનગર ખાતે મેમણ કોલોનીને જીએચબી દ્વારા જારી કરાયેલી નોટિસને પડકારતી અરજી દાખલ કરી હતી. તેમણે એવી રજૂઆત કરી હતી કે, તેઓ વર્ષ ૧૯૮૦માં GHB દ્વારા ઓછી આવક ધરાવતા જૂથ (LIG)ના વ્યક્તિઓ માટે બાંધવામાં આવેલી પૈકી એક મિલકતના કબજેદાર છે. વર્ષ ૧૯૮૯માં વસાહતના રહેવાસીઓની સંમતિથી ઈબાદતગાહ અથવા મસ્જિદ બનાવવામાં આવી હતી. કોલોનીમાં ધાર્મિક ઈબાદત કરવા માટે આજુબાજુમાં કોઈ સ્થાન નથી. તેઓ તમામ ટેક્સ અને વીજળીના બિલ ચૂકવે છે. GHBએ નોટિસ જારી કરી છે જેને રદ કરવી જોઈએ કારણ કે રહેવાસીઓ GRUDA એક્ટ હેઠળ તેને નિયમિત કરવા તૈયાર છે. જો કે, હાઈકોર્ટે સરકારી વકીલની દલીલો સાંભળ્યા પછી કોઈ રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો. સરકાર તરફથી રજૂઆત કરાઈ હતી કે વસાહત GHB દ્વારા બનાવવામાં આવી છે અને તેની જમીન લીઝ હોલ્ડ પર આપવામાં આવી છે. ભાડાપટ્ટા કરાર દ્વારા કબજેદારોને મકાનો ફાળવવામાં આવ્યા હતા અને વસાહતના કોમન પ્લોટનો ઉપયોગ રહેણાંક હેતુ સિવાય અન્ય હેતુ માટે થવો જોઈએ નહીં. GRUDA એક્ટની જોગવાઈઓ મુજબ, સરકાર, સ્થાનિક સત્તામંડળ અને વૈધાનિક સંસ્થાની જમીન પર કોઈપણ ગેરકાયદે બાંધકામ નિયમિત કરી શકાતું નથી. તેથી અરજી ફગાવી દેવી જરૂરી છે. ત્યારબાદ અદાલતે અરજી ફગાવી દીધી હતી.

### તીક્ષ્ણ હથિયારથી ઘા ઝીંકી રહેંસી નાખ્યા

# નોકરી ન અપાવી કહીને આરોપીએ ધંધુકાની RMS હોસ્પિટલના ટ્રસ્ટીની કરી હત્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

ધંધુકામાં બનેલા એક કરૂણ બનાવમાં ધંધુકાની RMS હોસ્પિટલના ટ્રસ્ટીની હત્યા કરી નાંખવામાં આવી હતી. આરોપીએ તમે નોકરી ન અપાવી કહીને ટ્રસ્ટી ધરમશી પટેલની તિક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરી નાંખી હતી. બાદમાં પોતે ઝેરી દવા પી લઈને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ બનાવની વિગત મુજબ બોટાદના ભીમનાથ ગામના રહેવાસી અને ધંધૂકાની RMS હોસ્પિટલના ટ્રસ્ટી ધરમશી પટેલની ગામના જ યુવકે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ઘરઆંગણે જ હત્યા કરી હતા. પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ, યુવક સતત ‘તમે નોકરી ન અપાવી મારાં ૩ વર્ષ બગાડ્યાં’ તેમ બોલી રહ્યો હતો. જે દરમિયાન ઉશ્કેરાઈને જઈને ધરમશી પટેલ પર તીક્ષ્ણ હથિયારથી ઘા ઝીંકી તેમને રહેંસી નાખ્યા હતા. જે બાદ આરોપીએ પણ ઝેરી દવા પી લેતાં હાલ તે સારવાર હેઠળ છે. ઘટનાને પગલે પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી.

### બોપલની શિવ આશિષ સ્કૂલને રૂ. ૩ લાખ સુધીનો દંડ ફટકારવામાં આવશે

અમદાવાદ, તા.૨૨

બોપલની શિવ આશિષ સ્કૂલ દ્વારા મંજુરી વગર પ્રવાસનું આયોજન કર્યું હોવાના પગલે અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા રૂા.૩ લાખ સુધીનો દંડ કરવાની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળે છે. સ્કૂલ દ્વારા મંજુરી વગર ૧૪૫ જેટલા વિદ્યાર્થીઓને મહારાષ્ટ્રના પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. જેના પગલે DEO દ્વારા સ્કૂલને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવ્યો હતો. નોટિસ બાદ સ્કૂલ તરફથી ભુલ સ્વિકારવામાં આવી હતી. આ માટે સ્કૂલને રૂા.૩ લાખ સુધીનો દંડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ખેડૂતોને ન્યાય નહીં મળે તો તા.૨૮ ઓક્ટોબરથી આંદોલનની કોંગ્રેસની ચીમકી

# રાજ્યમાં લીલો દુકાળ જાહેર કરી ૧૦ હજાર કરોડનું સહાય પેકેજ આપો

### ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને રાતા પાણીએ રોઈ રહ્યા છે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં હાલ છેલ્લા કેટલાક દિવસથી ઘણાં વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેના કારણે જગતના તાતને મોટુ નુકસાન વેઠવું પડી રહ્યું છે. ખેડૂતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ ગયો છે. રાજ્યના ખેડૂતોના પાક વિમાના પ્રશ્નને લઈને કોંગ્રેસના નેતાઓ પણ ખેડૂતોની પડખે આવ્યા છે. કોંગ્રેસના નેતાઓએ માંગ કરી છે કે, લીલો દુકાળ જાહેર કરીને ૧૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ ખેડૂતો માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે. ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે કોંગ્રેસ નેતા લલિત કગથરાએ જણાવ્યું હતું કે, વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને હાલમાં ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ છે. સરકાર દ્વારા ખેડૂતોને સહાય આપવાની કોઈ જાહેરાત કરાઈ નથી. તેથી સરકારે લીલો દુકાળ જાહેર કરને ખેડૂતો માટે ૧૦ હજાર કરોડ રૂપિયાની સહાય જાહેર કરવી જોઈએ, જો ખેડૂતો માટે સહાયની જાહેરાત નહીં થાય તો કોંગ્રેસ રસ્તા પર ઉતરશે. ૨૮મી ઓક્ટોબરથી સમગ્ર રાજ્યમાં આંદોલનની શરૂઆત કરવામાં આવશે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ ખેડૂતોના પ્રશ્ને આગામી તા.૬ નવેમ્બરે સૌરાષ્ટ્રના ખેડૂતોનું મહાસંમેલન યોજવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, તા.૨૮ ઓક્ટોબરથી કોંગ્રેસ પક્ષ સમગ્ર ગુજરાતમાં ખેડૂતોને ન્યાય મળે તે માટે આંદોલન કરશે. બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને માત્ર સહાયની વાતો કરવામાં આવે છે. ભાજપ સરકારમાં ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોના આપઘાતની ઘટનામાં ૧૧ ટકાનો વધારો થયો છે. સરકાર સર્વેના નામે માત્ર નાટક કરી રહી છે. ઉદ્યોગપતિઓનું દેવું માફ કરવામાં આવે છે પરંતુ ખેડૂતોને કંઈ મળતું નથી.’ કિસાન કોંગ્રેસ ચેરમેન આંબલિયાએ જણાવ્યું હતું કે, ખેડૂતોના વિવિધ પ્રશ્નોને લઈને તા. ૨૫ ઓક્ટોબરના રોજ ‘સંયુક્ત કિસાન મોરચો ગુજરાત’ અને વિકાસ સમિતિના નેજા હેઠળ ‘ખેડૂત મહાપંચાયત’ કરવા જઈ રહ્યા છીએ. જેમાં દિલ્હીથી યોગેન્દ્ર યાદવ અને ખેડૂત પુત્ર કુસ્તીબાજ બજરંગ પુનિયા પણ પધારી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના વિવિધ ભાગોમાં પડેલા વરસાદના કારણે કપાસ, મગફળી, સોયાબીન, મરચા, ડુંગળી સહિતનાં તૈયાર પાકને વ્યાપક નુકસાન થયું છે. જેને લઈને પીડિત ખેડૂતોને વહેલી તકે યોગ્ય વળતર સહાય ચૂકવવા માંગ ઊઠી છે. કેન્દ્ર સરકારના ૨૦૧૬ના મેન્યુઅલ પ્રમાણે કુદરતી આપત્તિમાં રાજ્યોને પુરતી સહાય આપવી જોઈએ. આ વખતે રાજ્યમાં ૧૪૦ ટકા વરસાદ થયો છે અને ૧૪ જિલ્લામાં ખેતીના પાકો નષ્ટ થઈ ગયા છે. જે પાક બચ્યાં છે તેમાં ગુણવત્તાનો અભાવ જોવા મળે છે એટલે કે પ્રોડક્ટિવિટી ઘટી ગઈ છે, પરિણામે ઉત્પાદન પણ ઓછું થવાનો ભય છે.

# બોર્ડની પરીક્ષા માટે ધો.૧૦-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આમ હવે સત્તાવાર રીતે બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવી છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે મંગળવારના રોજથી ઓનલાઈન આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહી ૩૦ નવેમ્બર સુધી ચાલશે. ૩૦ નવેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ધોરણ-૧૨ સાયન્સના તમામ નિયમિત વિદ્યાર્થીઓ તથા રિપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ફરજિયાત ઓનલાઈન જ ભરવાના રહેશે. બોર્ડ દ્વારા ફોર્મ ભરવાને લઈને જરૂરી સૂચનાઓ વેબસાઈટ પર મૂકવામાં આવી છે. જેથી તેનો અભ્યાસ કરીને વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાના રહેશે તેમ જણાવાયું છે. જ્યારે ધોરણ-૧૦માં તથા સંસ્કૃત પ્રથમાના તમામ પ્રકારના જેમાં નિયમિત, રિપીટર, પૃથ્થક, GSOS નિયમિત તથા GSOS રિપીટર વિદ્યાર્થીઓના બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ફરજિયાત ઓનલાઈન જ ભરવાના રહેશે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સની ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવ્યા બાદ હવે આગામી દિવસોમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# રાષ્ટ્રીય પરિસંવાદ ઋષભાયન યોજાયો

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના દિનેશ હોલ ખાતે ગચ્છાધિપતિ રાજયશસુરીશ્વરજી મહારાજ આચાર્ય યશોવર્મસુરીશ્વરજી મહારાજ તેમજ અનેક સંતો મહંતોની ઉપસ્થિતિમાં ઋષભદેવ અનેભારતીય સંસ્કૃતિના વિષય ઉપર રાષ્ટ્રીય પરીસંવાદ ઋષભાયનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીસંવાદમાં અનેકવિધ સ્કોલરોએ અને અભ્યાસુઓએ સુંદર રજૂઆત કરી હતી.

**જાહેર નોટીસ** વાદી વ. શ્રી એફ.એસ. અજમેરી સ્પે.દિ.મુ.નં. ૮૫/૨૦૨૩ આંક-૧૪

**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. ૪થા સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ**

વાદી : (૧) પરમાર કમલસિંહ જશવંતસિંહ

પ્રતિવાદી : (૨) ઠાકોર શાન્તાબેન શનાજી હોલાજીની દિકરી અને મેઘરાજજી બાપુજીની પત્ની રહે.: ૩૬, કિર્તીદેવ સોસાયટી, ડી-કેબીન પાસે, સાબરમતી, અમદાવાદ. (૯) ઠાકોર મંગુબેન તે ભોગાજી મોહનજીની દિકરી રહે.: ઠાકોર વાસ, થલતેજ, તા. દસક્રોઇ, અમદાવાદ. (૧૦) દેસાઇ દશરથભાઇ અમરતભાઇ રહે.: ૩ જયઅંબે સોસાયટી, ઉદગમ સ્કુલની બાજુમાં, થલતેજ, અમદાવાદ. (૧૫) અનવરખાન મોહંમદખાન પઠાણ રહે.: પઠાણ મોહલ્લો, તા. દસક્રોઇ, અમદાવાદ.

આથી આ જાહેર નોટીસ આપી જાહેર કરવામાં આવે છે કે, સદર કામે વાદી દ્વારા ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના દસક્રોઇ તાલુકાના મોજે ગામ ચેનપુરની સીમના સર્વે નં. ૧૪૮ પૈકી ૨૦૯૯.૨૫ ચો.મી. આકાર રૂા. ૯.૫૦ સર્વે નં. ૧૫૦ પૈકી ૨૩૨૭ ચો.મી. આકાર રૂા. ૧૨.૫૯ પૈકી, સર્વે નં. ૧૫૨ પૈકી ૧૧૦૭૮.૨૫ ચો.મી. આકાર રૂા. ૩૨.૩૭ પૈકી, સર્વે નં. ૧૫૩ પૈકી ૪૦૪.૭૫ ચો.મી. આકાર રૂા. ૧.૯૯ પૈકી વાળી જમીનો અંગેનો દાવો દાખલ કરેલ છે. જેમાં નામદાર કોર્ટ દ્વારા પ્રતિવાદીને સમન્સ/ નોટીસનો હુકમ કરવામાં આવેલ હતો. જે સમન્સ/ નોટીસ પ્રતિવાદીને બેલીફશ્રી મારફતે બજવણી કરવા જતા તે સમન્સ/ નોટીસ વગર બજે પરત આવેલ હોઈ વાદી દ્વારા આંક-૧૦થી જાહેર સમન્સની અરજી આપતા નામદાર કોર્ટે તે મંજુર કરેલ છે. આથી તમો પ્રતિવાદી નં. ૨,૯,૧૦,૧૫ ને જણાવવામાં આવે છે કે, આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ (ત્રીસ)માં તમો જાતે અથવા તમારા વતી કોઇ માહિતગાર વકીલશ્રીને નામદાર કોર્ટમાં હાજર રાખવાનું જણાવવામાં આવે છે. તેમાં કસુર થયે તે ૩૦ દિવસની મુદત વિતે વાદી, અદાલત આદેશ આપે તે ખર્ચ વ્યાજ સાથેનો હુકમ મેળવવા હકકદાર બનશે, તેમજ નામદાર કોર્ટ દ્વારા તમો પ્રતિવાદીની ગેરહાજરી ગણી આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેશો.

આજ તા. ૨૧-૧૦-૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એચ. આર. પટેલ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર (પી. એન. ચાંપાનેરી) બેંચ કલાર્ક ગ્રેડ-૨ | કોર્ટનો સિક્કો | હુકમથી (એચ.જી. રાઠોડ) ઇ.ચા. રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા.

# ગોદાવરી બાયોરિફાઈનરીઝનો આઈપીઓ આજે ખૂલશે




અમદાવાદ,તા.૨૨

ગોદાવરી બાયોરિફાઈનરીઝ લિમિટેડ બુધવાર,૨૩ ઓકટોબર, ૨૦૨૪ના રોજ ઈક્વિટી શેર્સનો તેનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. આ ઓફરમાં રૂા.૩,૨૫૦ મિલિયન સુધીના મુલ્યના ઈક્વિટી શેર્સના જેટલી સંખ્યાનો ફ્રેશ ઈશ્યુ તથા ૬૫,૨૬,૯૮૩ સુધીના ઈક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂા.૩૩૪થી રૂા.૩૫૨ ફિકસ કરવામાં આવી છે. બિડસ લઘુતમ ૪૨ ઈક્વિટી શેર્સ અને ત્યાર બાદ ૪૨ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. આ આઈપીઓ ૨૫ ઓકટોબર ૨૦૨૪ના રોજ બંધ થશે. કંપની ઈશ્યુમાંથી મળનારી કુલ રકમનો કંપની દ્વારા મેળવાયેલા કેટલાક બાકીના ઋણની સંપૂર્ણ કે અંશતઃ થયેલ ચૂકવણી કે એ ચૂકવણી જેનું મૂલ્ય અંદાજે રૂા.૨૪૦૦ મિલિયન જેટલું છે.

### કરણી સેનાના અગ્રણી શેખાવતે વીડિયો જાહેર કર્યો

# લોરેન્સ બિશ્નોઈનું એન્કાઉન્ટર કરનાર પોલીસને ઈનામની જાહેરાત

### બિશ્નોઈ સામે પડનારને ૧,૧૧,૧૧,૧૧૧ રૂપિયા ઈનામ અપાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

ક્ષત્રિય કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે જણાવ્યું હતું કે આપણા અમૂલ્ય રત્ન અને વારસા સુખદેવ સિંહ ગોગામેડીના હત્યારા લોરેન્સ બિશ્નોઈનો સામનો કરનાર પોલીસકર્મીને ઈનામ આપવામાં આવશે. મહારાષ્ટ્ર NCP નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ ફરી ચર્ચામાં આવેલા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ વિરુદ્ધ ક્ષત્રિય કરણી સેનાનું નિવેદન સામે આવ્યું છે. ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. રાજ શેખાવતે લોરેન્સ બિશ્નોઈનો સામનો કરનાર પોલીસકર્મીને ૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. રાજ શેખાવતે એક વીડિયો જાહેર કર્યો છે અને એક્રાઉન્ટરના બદલામાં ઈનામ આપવાની વાત કરી છે. આ વીડિયોમાં રાજ શેખાવતે કહ્યું હતું કે, “લોરેન્સ બિશ્નોઈનો સામનો કરનાર પોલીસકર્મીને ૧,૧૧,૧૧,૧૧૧ રૂપિયા આપવામાં આવશે. ક્ષત્રિય કરણી સેના આ પોલીસકર્મીને આપશે જેણે આપણા અમૂલ્ય રત્ન અને વારસાના અમર શહીદ સુખદેવના હત્યારા લોરેન્સ બિશ્નોઈનો સામનો કર્યો હતો. સિંહ ગોગામેડી આટલું જ નહીં, અમે તે બહાદુર પોલીસકર્મીના પરિવારની સુરક્ષા અને સંપૂર્ણ વ્યવસ્થા માટે પણ જવાબદાર હોઈશું. એક દિવસ અગાઉ રાજ શેખાવતે વડોદરામાં લોરેન્સ બિશ્નોઈને લઈને કેન્દ્ર અને રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું હતું. શેખાવતે કહ્યું હતું કે સુખદેવ સિંહ ગોગામેડી હત્યા કેસમાં લોરેન્સ બિશ્નોઈનું નામ પણ સામે આવ્યું હતું. શેખાવતે કહ્યું હતું કે લોરેન્સ બિશ્નોઈ અને તેના જેવા ગુંડાઓએ સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ ઊભું કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ લાંબા સમયથી ગુજરાતની સાબરમતી જેલમાં બંધ છે. બાબા સિદ્દીકીની મુંબઈના બાંદ્રામાં દશેરાના દિવસે હત્યા કરવામાં આવી હતી, તેના બીજા દિવસે ફેસબુક પોસ્ટમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગે હત્યાની જવાબદારી સ્વીકારી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ૧૫ ટીમ આ હત્યાની તપાસમાં લાગેલી છે. આ કેસમાં ઘણા લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે.



# ડિમોલિશન પછી ભાગ્યે જ આપવામાં આવતા વળતરના કેસમાં આસામના પરિવારો સંઘર્ષ કરી રહ્યા છે

## પીડિતોનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટે જવાબદાર અધિકારીઓને સજા કરીને દાખલો બેસાડવો જોઈએ

(એજન્સી) તા.૨૨

સર્વોચ્ચ અદાલતે ગયા મહિને કોઈપણ ગુનાના આરોપીઓની મિલકતોને તોડી પાડવા પર રોક લગાવી દીધી હતી. ભારતીય જનતા પાર્ટીની ઘણી રાજ્ય સરકારો દ્વારા મુસ્લિમોને સજા કરવા માટે ઉપયોગમાં લેવાતી આ નીતિ માટે અદાલતે માર્ગદર્શિકા મૂકવાની તૈયારી દર્શાવી છે. મે ૨૦૨૨માં આસામના નાગાંવ જિલ્લાના ૩૯ વર્ષીય મુસ્લિમ વેપારીને પોલીસે કથિત રીતે અટકાયતમાં લીધો હતો કારણ કે તે દારૂના નશામાં હતો. બીજા દિવસે સફીકુલ ઈસ્લામ મૃત હાલતમાં મળી આવ્યો હતો. સલોનાબારી ગામના રહેવાસીઓના ગુસ્સે ભરાયેલા ટોળાએ પોલીસ સ્ટેશનને આગ ચાંપી દીધી હતી. બીજા દિવસે સાત ઘરો– ઈસ્લામનું ઘર, તેના ભાઈઓ, પિતરાઈ અને કાકાના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. આસામમાં ''બુલડોઝર જસ્ટિસ''નો આ પહેલો દાખલો હતો. ભારતીય કાયદામાં એવી કોઈ જોગવાઈઓ નથી કે જે રાજ્ય દ્વારા આવી કાર્યવાહી કરવાની મંજૂરી આપે. નાગાંવ ડિમોલિશન અન્ય સંદર્ભમાં અપવાદ હતો. નવેમ્બર ૨૦૨૨માં, ગૌહાટી હાઈકોર્ટે ઘરો તોડી પાડવા માટે રાજ્ય સરકારને ફટકાર લગાવી અને આ ગેરકાયદે કૃત્યના પીડિતોને વળતરરૂપે ૩૨.૫ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ પણ આપ્યો. ન્યાયતંત્ર મોટાભાગે રાજ્ય સરકારોને દંડાત્મક ડિમોલિશનના ઘણા કિસ્સાઓ માટે જવાબદાર ઠેરવવામાં અનિચ્છા ધરાવે છે પછી ભલે તે સામૂહિક સજા હોય. સપ્ટેમ્બરમાં, સર્વોચ્ચ અદાલતે આવા ધ્વંસની ટીકા કરી હતી અને તેની પરવાનગી વિના આવી કાર્યવાહી પર પ્રતિબંધ મૂકતો વચગાળાનો આદેશ પસાર કર્યો હતો. તેણે પછીની સુનાવણીમાં ડિમોલિશન માટે માર્ગદર્શિકાનું પણ વચન આપ્યું હતું. ઈસ્લામના પરિવાર માટે બે વર્ષ પહેલાંની ઘટનાઓ વિનાશક સાબિત થઈ છે. તેના અંતિમ સંસ્કાર પછી તરત જ તેમની ૩૫ વર્ષીય પત્ની રસીદા ખાતુન અને સૌથી મોટી પુત્રીની આગ લગાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ખાતુન અને અન્ય ચાર સંબંધીઓ પર આતંકવાદ વિરોધી કાયદા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યા હતા. ખાતુને તેના બે વર્ષના પુત્ર સાથે ૧૩ મહિના જેલમાં વિતાવ્યા હતા.



દંપતીની ત્રણ દીકરીઓને પાંચ મહિના માટે શેલ્ટર હોમમાં મોકલવામાં આવી હતી. જ્યારે તેઓને મુક્ત કરવામાં આવ્યા ત્યારે તેમની માતા સાથે ન હતી. તેમજ તેઓ ઘરે પાછા ફરી શક્યા ન હતા, કારણ કે તે તોડી પાડવામાં આવ્યું હતું. મોટી દીકરી સબીના ખાતુને કહ્યું કે, અમે લોકોના ઘરે રાતો વિતાવી અને મહિનાઓ સુધી એક જગ્યાએથી બીજી જગ્યાએ ગયા. રસીદા ખાતુનને જૂન ૨૦૨૩માં જામીન પર મુક્ત કરવામાં આવી હતી. જ્યારે તે સલોનાબારી પરત આવી, ત્યારે તેણે ગ્રામજનોના દાનની મદદથી વાંસ અને ટીનનું ઝૂંપડું ફરીથી બનાવ્યું હતું. તેનું જીવન કઠિન છે. આજીવિકા મેળવવા માટે ખાતુન કેટલાક ઘરોમાં વાસણ ધોવે છે. તેણીની બે નાની પુત્રીઓ ઘણીવાર બજારો અને ઘરોમાં ભીખ માંગે છે. ખાતુને સ્વીકાર્યું કે, પોલીસ સ્ટેશનને સળગાવી દેવાયું ન હતું. તે ખોટી વાત હતી. મારા પતિની હત્યા, અમારા ઘરો તોડી પાડવા, મારી પુત્રીની ધરપકડ કરવામાં આવી અને મારા પર આતંકવાદી આરોપો પણ ખોટા છે. જો મારા પતિએ કાયદો તોડ્યો છે તો તેને સજા થવી જોઈતી હતી. હું જામીન માટે કોર્ટમાં ગઈ હોત, તેને શા માટે માર મારવામાં આવ્યો અને તેની હત્યા કરવામાં આવી ? આ વર્ષે મે મહિનામાં હાઈકોર્ટના આદેશ મુજબ ખાતુનને તેના ઘરને તોડી પાડવા માટે આસામ સરકાર તરફથી વળતર તરીકે રૂા.૨.૫ લાખ ચૂકવવામાં આવ્યા હતા. આ પૈસાથી પરિવારે પોતાના ઘરની સીમા બનાવી. પરંતુ આ પર્યાપ્ત વળતર નથી, ખાતુને જણાવ્યું હતું કે, જો તેઓ મને એક કરોડ રૂપિયા આપે તો પણ તેનાથી મારી પીડા અને વેદના ઓછી થશે નહીં. શું તેઓ મારા પતિને પરત આપી શકશે ? ડિમોલિશન પર સુપ્રીમ કોર્ટના વચગાળાના સ્ટે વિશે આ પરિવારે સાંભળ્યું નથી. ખાતુનની મોટી પુત્રી સબીનાએ કહ્યું કે તેણી ઈચ્છે છે કે કોર્ટ તેમના જેવા ગરીબ અને નિર્બળ લોકોની સુરક્ષા કરે. મુસ્લિમો સામે સરકાર દ્વારા અન્યાય વધી રહ્યો છે. મુસ્લિમોને કોઈપણ બહાને મારી નાખવામાં આવે છે, સુપ્રીમ કોર્ટે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે કોઈ પણ નિર્દોષ લોકોને ખોટા કેસોમાં ફસાવી ન શકે. અમારી સાથે જે અન્યાય થયો છે તે અન્ય કોઈ સાથે ન થવો જોઈએ. આ મકાનો તોડી પાડવાના બે મહિના પછી ગૌહાટી હાઈકોર્ટે આસામ સરકાર વિરૂદ્ધ એડવોકેટ ઝુનૈદ ખાલિદ દ્વારા દાખલ કરાયેલી રજૂઆતના આધારે સુઓમોટો જાહેર હિતની અરજી નોંધી હતી. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે બટાદ્રાવા પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ ઈસ્લામ, તેના ભાઈઓ રોફીકુલ ઈસ્લામ અને મુજીબુર રહેમાન અને પિતરાઈ ભાઈઓ અકાસ અને ઈમાન અલીના ઘરોને ગેરકાયદેસર રીતે બુલડોઝ કર્યા હતા. ઈમાન અલીના પુત્રોના ઘરો પણ તોડી પાડવામાં આવ્યા હતા. ત્યારપછીની સુનાવણીમાં, આસામ સરકારે કોર્ટને જણાવ્યું કે ઘટનાની તપાસ કરવા માટે એક તપાસ સમિતિની રચના કરવામાં આવી છે. તપાસ અહેવાલમાં ત્રણ અધિકારીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. ઈસ્લામના ભાઈ મજીબુર રહેમાનની પત્ની જોસનારા બેગમે જણાવ્યું હતું કે ગુનો કોઈ એક વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે, તેના ઘર કે પરિવારના સભ્યો દ્વારા નહીં. આ દંપતીની આગ લગાડવા બદલ ધરપકડ કરવામાં આવી હતી અને તેમના ઘરો તોડી પાડવામાં આવ્યા હતા. બેગમે કહ્યું કે, અમે આ ઘર ૩૦ વર્ષથી અમારી મહેનતના પૈસાથી બનાવ્યું છે. તેઓએ તેને એક દિવસમાં તોડી પાડ્યું હતું. તેઓએ એક વર્ષ જેલમાં વિતાવ્યું, જ્યારે તેમની પાંચ પુત્રીઓએ એકલા હાથે જીવન નિર્વાહ કરવા માટે સંઘર્ષ કર્યો હતો. તેઓ મુક્ત થયા પછી, તેઓએ તે જ સ્થળે તેમનું ઘર ફરીથી બનાવ્યું. પરિવારને ૨૦૨૪માં વળતર તરીકે ૧૨.૫ લાખ રૂપિયા પણ મળ્યા હતા. તે કહે છે કે, તે પૂરતું નથી. અમને લગભગ રૂા.૩૫ લાખનું નુકસાન થયું છે કારણ કે તેઓએ અમને સામાન પણ લેવા દીધો ન હતો, પોલીસે તેમના ઘરને બુલડોઝ કરતા પહેલા કોર્ડન કરી લીધું હતું. જોસનરા બેગમે કહ્યું કે ઘર તોડી પાડવું એ ન્યાયનું ઉલ્લંઘન હતું. સુપ્રીમ કોર્ટે જવાબદારોને સજા આપીને દાખલો બેસાડવો જોઈએ.

# સર્વોચ્ચ અદાલતે UGC એક્ટ સાથે વિરોધાભાસ દર્શાવતા મદ્રેસા બોર્ડની ડિગ્રી આપવાની સત્તાની કાયદેસરતા પર સવાલ ઉઠાવ્યા

(એજન્સી) તા.૨૨

સુપ્રીમ કોર્ટે સોમવારે આશંકા વ્યક્ત કરી હતી કે ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ મદરસા એજ્યુકેશન એક્ટ, ૨૦૦૪ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એક્ટ ૧૯૫૬ વિરૂદ્ધ હોય શકે છે, કારણ કે તે મદ્રસા બોર્ડને ડિગ્રી પ્રદાન કરવાની સત્તા આપે છે. ત્રણ ન્યાયાધીશોની બેંચની અધ્યક્ષતા કરતા ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી વાય ચંદ્રચુડે ૨૦૦૪ના કાયદાની કલમ ૯(૧)ની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો, જે બોર્ડને આલીમ, કામિલ અને ફાઝિલ જેવી ડિગ્રીઓ જારી કરવાની મંજૂરી આપે છે. CJIએ કહ્યું કે, UGC એક્ટ મુજબ, ડિગ્રી આપવાના અધિકારનો ઉપયોગ કેન્દ્રીય, પ્રાંતીય અથવા રાજ્ય અધિનિયમ હેઠળ સ્થાપિત યુનિવર્સિટી દ્વારા જ કરી શકાય છે. મદ્રસા બોર્ડ યુનિવર્સિટી નથી અને તેથી તે ડિગ્રી આપી શકતું નથી. આનાથી બે કાયદાઓ વચ્ચે સંભવિત સંઘર્ષ સર્જાય છે. અપીલકર્તાઓનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ એડવોકેટ મેનકાગુરૂસ્વામીએ સ્પષ્ટતા કરી હતી કે બોર્ડ હાલમાં માત્ર પ્રમાણપત્રો જ આપે છે, ડિગ્રી નહીં. અમે માત્ર પ્રમાણપત્રો આપી રહ્યા છીએ. જ્યાં સુધી અમને પરવાનગી ન મળે ત્યાં સુધી અમે કોઈપણ પ્રકારની ડિગ્રી આપીશું નહીં. જસ્ટિસ પારડીવાલાએ આ સર્ટિફિકેટ અંગે સવાલ ઉઠાવતા પૂછ્યું કે, તે સર્ટિફિકેટની કાનૂની અધિકૃતતા શું હશે ? શું તે પ્રમાણપત્રના આધારે તે વિદ્યાર્થીને ગ્રેજ્યુએટ કહેવાશે ? ગુરૂસ્વામીએ જવાબ આપ્યો કે, ના, વિદ્યાર્થી શિક્ષિત કહવશે પરંતુ આ પ્રમાણપત્ર યુજીસીના કોઈપણ નિયમો સાથે વિરોધાભાસી નથી. CJIએ અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના ચુકાદા દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને દર્શાવી હતી જેણે ૨૦૦૪ એક્ટને બિનબંધારણીય જાહેર કર્યો હતો કારણ કે તે બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરે છે. તેમણે કહ્યું કે, કોઈ ચોક્કસ સમુદાયની સંસ્થાને નિયંત્રિત કરતો કાયદો બિન સાંપ્રદાયિકતાનું ઉલ્લંઘન કરતું નથી. દાખલા તરીકે ધર્મનિરપેક્ષ



સિદ્ધાંતોને નુકસાન પહોંચાડ્યા વિના હિંદુ ધાર્મિક દાન અને સખાવતી સંસ્થાઓનું નિયમન તમામ રાજ્યોમાં કરવામાં આવે છે. CJI ચંદ્રચુડે કહ્યું કે બંધારણની કલમ ૩૦ હેઠળ ધાર્મિક અને ભાષાકીય લઘુમતીઓને તેમની પસંદગીની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવાનો અધિકાર છે. ''આ સંસ્થાઓ માત્ર ધાર્મિક સૂચનાઓ સુધી મર્યાદિત નથી; તેઓ દવા અથવા એન્જિનિયરિંગ જેવા અન્ય વિષયો શીખવી શકે છે. અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ એડવોકેટે એમ સિંઘવીએ પણ હાઈકોર્ટના ચુકાદાની ટીકા કરી અને એવી દલીલ કરી કે તેણે રચનાત્મક ઉકેલો આપવાને બદલે પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધ ખોટો અને ગેરબંધારણીય છે. કોર્ટે નિયમો અથવા સુધારા સૂચવવા જોઈએ. સુપ્રીમ કોર્ટે એપ્રિલમાં હાઈકોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો હતો, જેણે ૨૦૦૪ના કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યો હતો. CJI ચંદ્રચુડે સ્પષ્ટતા કરી કે આ અધિનિયમ પ્રકૃતિમાં નિયમનકારી છે અને તેનો હેતુ સંલગ્ન સંસ્થાઓમાં શિક્ષણની ગુણવત્તા સુનિશ્ચિત કરવાનો છે. મદ્રેસાના વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાનની સાથે સામાજિક વિજ્ઞાન, ગણિત અને કમ્પ્યુટર વિજ્ઞાન જેવા વિષયો સહિત વ્યાપક-આધારિત શિક્ષણ આપવું મહત્ત્વપૂર્ણ છે.

# દર્સે સૈફીથી લઈને વૈશ્વિક સભા સુધી સુરતમાં દાઉદી બોહરાઓનો ભવ્ય વારસો



## સુરતમાં આ શૈક્ષણિક વારસાના બીજ આ સમુદાયના ૪૩મા દાઈ અથવા નેતા સૈયદના અબ્દઅલી સૈફુદીન દ્વારા વાવવામાં આવ્યા હતા, જેમણે દાઉદી બોહરા માટે શહેરને જ્ઞાનની દીવાદાંડીમાં પરિવર્તિત કર્યું હતું સતત જ્ઞાન મેળવવાની ઈસ્લામિક પરંપરાથી પ્રેરિત, ૧૮૧૦માં સૈયદનાએ સુરતમાં એક સંસ્થાની સ્થાપના કરી જેમાં શિક્ષણ, વિદ્યાર્થીઓના રહેઠાણ અને મસ્જિદની સુવિધાઓનો સમાવેશ થાય છે

(એજન્સી) સુરત, તા.૨૨

સુરત શહેર તેના હીરા અને કાપડના વેપાર માટે પ્રખ્યાત છે, તે એક રસપ્રદ છતાં ઓછા જાણીતા રત્નનું ઘર છે. દાઉદી બોહરા સમુદાય માટે તે સદીઓ જૂનું શૈક્ષણિક હબ છે, જે આ સાહસિક સમુદાયના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનો ઈતિહાસ છે. સુરતમાં આ શૈક્ષણિક વારસાના બીજ આ સમુદાયના ૪૩માં દાઈ અથવા નેતા સૈયદના અબ્દઅલી સૈફુદ્દીન દ્વારા વાવવામાં આવ્યા હતા, જેમણે દાઉદી બોહરા માટે શહેરને જ્ઞાનની દીવાદાંડીમાં પરિવર્તિત કર્યું હતું. સતત જ્ઞાન મેળવવાની ઈસ્લામિક પરંપરાથી પ્રેરિત, ૧૮૧૦માં, સૈયદનાએ સુરતમાં એક સંસ્થાની સ્થાપના કરી જેમાં શિક્ષણ, વિદ્યાર્થીઓના રહેઠાણ અને મસ્જિદની સુવિધાઓનો સમાવેશ થાય છે. સુરતમાં અલજામેતુસ સૈફિયાહના વરિષ્ઠ લેક્ચરર અબ્દેઅલી માનમદવાલાએ જણાવ્યું હતું કે, સૈયદનાએ ખાસ કરીને આ સંસ્થા, જે દર્સે સૈફી તરીકે જાણીતી છે, તેના નિવાસસ્થાનની બાજુમાં રાખી હતી, જે શિક્ષણના મૂલ્ય અને આદરને દર્શાવે છે. તેમણે ઉમેર્યું હતું કે તેના વિદ્યાર્થીઓને મફત બોર્ડિંગ પ્રદાન કરતી વખતે શિક્ષણ આપવાનું આ મોડેલ કૈરોમાં અલ-અઝહર યુનિવર્સિટીનું પ્રતિબિંબ છે જેની સ્થાપના ફાતિમિદ ઈમામ અલ મુઈઝ દ્વારા ૯૭૫માં કરવામાં આવી હતી. તેની શરૂઆતની સ્થાપનાના એક સદી પછી, જ્ઞાન આપવાની અને વિદ્યાર્થીઓને તેમજ જ્ઞાન મેળવવા માંગતા અન્ય લોકોનું પાલન-પોષણ કરવાની જવાબદારી ૫૧માં દાઈ, સૈયદના તાહેર સૈફુદ્દીનને શરૂ કરી હતી. તેમણે અભૂતપૂર્વ ઉત્સાહ અને સમર્પણ સાથે આ કાર્ય કર્યું અને વ્યક્તિગત રીતે એક જ દિવસમાં ૨૭ અથવા તેથી વધુ લર્નિંગ જૂથોને ટ્યુટરિંગ અને જ્ઞાન પ્રદાન કર્યું, અને આ સત્રો ઘણીવાર મોડી રાત સુધી ચાલતા હતા. જ્ઞાનની શોધમાં સમર્પિત વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાને સમાવવા માટે, તેમણે દાઉદી બોહરા સમુદાયના શૈક્ષણિક વારસાના અભિવ્યક્તિ તરીકે દર્સે સૈફીને વિશ્વ-કક્ષાની એકેડેમી-અલજામેતુસ સૈફિયાહમાં પરિવર્તિત કરી હતી. તે સમયની વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતા, અંગ્રેજી, વિજ્ઞાન અને માનવતાના અભ્યાસક્રમોનો સમાવેશ કરીને સમકાલીન વિષયોની શરૂઆત કરવામાં આવી હતી. ૫૨માં દાઈ, સૈયદના મુહમ્મદ બુરહાનુદ્દીન, ભારત અને વિદેશમાં અન્ય શહેરોમાં આનુષંગિક અલજામિયાં કેમ્પસનું વિસ્તરણ અને પાયો નાખીને આ શૈક્ષણિક વારસાને વધુ ઊંચક બનાવ્યો હતો. ૫૩માં દાઈ, સૈયદના મુફદ્દલ સૈફુદ્દીને તેમના પુરોગામીઓ દ્વારા સ્થાપિત આ પ્રવર્તમાન શૈક્ષણિક પ્રણાલીઓને વધુ મજબુત બનાવી અને 'ઈસ્તિફેદા ઈલ્મિયાહ' તરીકે ઓળખાતા દાઉદી બોહરાના વાર્ષિક શૈક્ષણિક પરિસંવાદની પરંપરા શરૂ કરીને આ શૈક્ષણિક વારસામાં એક નવું પરિમાણ ઉમેર્યું હતું. ૨૦૧૭થી, અનેક તબક્કાઓમાં વિભાજિત આ બે-અઠવાડિયાની ઈવેન્ટ, ઈસ્લામિક ફિલસૂફી અને ઈતિહાસથી લઈને સમકાલીન મુદ્દાઓ સુધીના વિષયોને આવરી લેતા શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સત્રોની શ્રેણી માટે વિશ્વભરમાંથી હજારો સમુદાયના સભ્યો સુરત આવ્યા છે. વોશિંગ્ટન ડીસીના એટર્ની ઝૈનબ માનસાવાલા દર વર્ષે સુરતમાં ઈસ્તિફેદા ઈલ્મિયાહમાં હાજરી આપવા આવે છે. તે કહે છે કે, આ શૈક્ષણિક સત્રો મારા માટે ઘણી બધી રીતે અદ્ભુત રીતે ઉત્તેજન આપનારો અનુભવ છે, ઝૈનબ કહે છે કે, હું વિવિધ સ્તરો અને વર્ગોમાંથી આગળ વધી રહી છું, અને હું મારા અંગત અને વ્યવસાયિક જીવનમાં વધુ આત્મવિશ્વાસ અને સશક્તિકરણ અનુભવું છું. આ વર્ષના સેમિનારનો પ્રારંભ વ્યવસાય ચલાવવાની નીતિશાસ્ત્ર સાથે થયો હતો, જે મને મારા કાયદાની પ્રેક્ટિસ માટે અત્યંત જ્ઞાનપ્રદ જણાયું હતું. તેમાં હાજરી આપનારાઓમાં બોહરા વ્યાવસાયિકો, શિક્ષકો, ઉદ્યોગપતિઓ અને તમામ વય અને પૃષ્ઠભૂમિની ગૃહિણીઓનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણાએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. આ જૂથમાં સૈયદનાના વહીવટીતંત્રના સભ્યો, વિદ્યાર્થીઓ અને અલ્જામેઆ એકેડમીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ છે. ૨૦૨૪એ મેલબોર્ન, ઓસ્ટ્રેલિયાના સાયબર સિક્યુરિટી એન્જિનિયર હુઝૈફા અમજાવાલા માટે સુરતમાં ઈસ્તીફાદા ઈલ્મિયાહ ઈવેન્ટમાં સતત ત્રીજું વર્ષ છે. તેમને આ સત્રો દરમિયાન શીખવા અને ક્રિયાપ્રતિક્રિયાઓ તેમના એકંદર સુખાકારી માટે અવિશ્વસનીય રીતે ફાયદાકારક લાગે છે. આ સત્રો વધુ સારી વ્યક્તિ બનવા અને અમારા સમુદાયમાં અન્ય લોકોને મદદ કરવા વિશે ઊંડી સમજ અને માર્ગદર્શન આપે છે. હુઝૈફા કહે છે કે આ ચર્ચાઓ એકતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે અને સહભાગીઓને તેમના મૂલ્યો અને જવાબદારીઓ પ્રતિબિંબિત કરવા પ્રોત્સાહિત કરે છે. સમાન માનસિક વ્યક્તિઓ સાથે નેટવર્કિંગ કરીને, તે બંધન અને સહયોગ માટેની તકો પણ આપે છે. ઈસ્તિફાદા ઈલ્મિયાહ દરમિયાન, એક સુરત વૈશ્વિક ગામ બની જાય છે. વિશ્વભરના સમુદાયના સભ્યો આ શહેરમાં ભેગા થાય છે, તેઓ તેમની સાથે અનોખા અનુભવો અને પરિપ્રેક્ષ્યો લાવે છે જે સામૂહિક રીતે સૌને સમૃદ્ધ બનાવે છે. અબ્દેઅલી માનમદવાલાએ કહ્યું કે, આ વાર્ષિક શૈક્ષણિક સેમિનાર માટે, સુરત શહેર માત્ર ભૌગોલિક સ્થાન કરતાં પણ વધુ મહત્વ ધરાવે છે, તે દાઉદી બોહરા સમુદાયની શૈક્ષણિક પરંપરાને મૂલ્યવાન બનાવે છે. ઝમ્પા બજારની દરેક ગલી ભૂતકાળની વાર્તાઓને દર્શાવે છે, દેવરી મુબારક (સૈદનાનું પૂર્વજોનું નિવાસસ્થાન) અને અલજામિયા સંકુલમાં દરેક પથ્થરને પ્રતિબિંબિત કરે છે, અને દરેક વ્યક્તિ સમુદાયની શૈક્ષણિક યાત્રામાં ફાળો આપે છે.

# ''૧૬ બાળકો પેદા કરો'' : એમ.કે. સ્ટાલિન સીમાંકન અને તમિલનાડુની લોકસભાની ભાગીદારી અંગે કહ્યું

(એજન્સી) તા.૨૨

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ બાદ હવે તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને વસ્તી વધારવા પર ભાર મૂક્યો છે. સીએમ સ્ટાલિને લોકોને વધુ બાળકો પેદા કરવાની અપીલ કરી છે. ચેન્નાઈમાં સામૂહિક લગ્ન કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે કે નવા પરિણીત યુગલો ૧૬-૧૬ બાળકો પેદા કરે.

સ્ટાલિને સામૂહિક લગ્ન કાર્યક્રમમાં કહ્યું કે, 'અમારા વડીલો પહેલા નવા પરિણીત યુગલોને ૧૬ પ્રકારની સંપત્તિ મેળવવાના આશીર્વાદ આપતા હતા. કદાચ હવે ૧૬ પ્રકારની સંપત્તિને બદલે ૧૬ બાળકો પેદા કરવાનો સમય આવી ગયો છે. જ્યારે વડીલો કહેતા કે, ૧૬ સંતાન મેળવો ત્યારે તેમનો અર્થ ૧૬ બાળકો કરવાઓ નહિ પરંતુ ૧૬ પ્રકારની સંપત્તિ મેળવવાનો થતો. ૧૬ સંપત્તિનો ઉલ્લેખ લેખક વિશ્વનાથને તેમના પુસ્તકમાં કર્યો છે. ૧૬ સંપત્તિ એટલે ગાય, ઘર, પત્ની, સંતાન, શિક્ષણ, જિજ્ઞાસા, જ્ઞાન, શિસ્ત, જમીન, પાણી, ઉંમર, વાહન, સોનું, સંપત્તિ, પાક અને પ્રસંશા. પરંતુ હવે કોઈ ૧૬ પ્રકારની સંપત્તિ મેળવવાના આશીર્વાદ નથી આપતા. માત્ર સંતાન અને સમૃદ્ધિ મેળવો એવા જ આશીર્વાદ



આપવામાં આવે છે. એમ કે સ્ટાલિને આ અંગે વધુમાં કહ્યું કે, 'વડીલો આપણને ૧૬ પ્રકારની સંપત્તિ મેળવવા માટે આશીર્વાદ આપતા હતા. હવે કહેવાય છે કે 'મર્યાદિત સંખ્યામાં બાળકો પેદા કરો અને સુખી જીવન જીવો', પરંતુ આજે એવી સ્થિતિ સર્જાઈ રહી છે કે આપણી સાંસદની બેઠકો ઓછી થઈ રહી છે, આવી સ્થિતિમાં એવી માનસિક સ્થિતિ ઊભી થઈ છે કે મર્યાદિત સંખ્યામાં બાળકો પેદા કરવા કરતા ૧૬ બાળકો જ કેમ પેદા ન કરીએ ! આપણે આ ભૂલવું ન જોઈએ.'

CM સ્ટાલિને ચેન્નાઈમાં માનવ સંસાધન અને CE વિભાગના લગ્ન કાર્યક્રમના ઉદ્‌ઘાટન સંબોધનમાં આ વાત કહી હતી. અગાઉ, આંધ્રપ્રદેશના સીએમ ચંદ્ર બાબુ નાયડુએ જાહેરાત કરી હતી કે આંધ્રપ્રદેશ સરકાર વધુ બાળકો ધરાવતા પરિવારોને પ્રોત્સાહિત કરવાની યોજના બનાવી રહી છે અને દક્ષિણ ભારતીય રાજ્યોના લોકોને વધુ બાળકો પેદા કરવા બાબતે વિચાર કરવા આગ્રહ કરી રહી છે.

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આંધ્રપ્રદેશમાં યુવાનોની ઘટતી જતી વસ્તી અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'દક્ષિણ ભારતના રાજ્યોના લોકોએ વધુને વધુ બાળકો પેદા કરવા જોઈએ. અમારી સરકાર યુવા વસ્તી અને વસ્તી દર વધારવા માટે નવો કાયદો લાવવાની યોજના બનાવી રહી છે. આ અંતર્ગત આંધ્રપ્રદેશમાં માત્ર બે કે તેથી વધુ બાળકો ધરાવતા લોકો જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડી શકશે. સરકાર ટૂંક સમયમાં આ અંગે કાયદો બનાવવાની યોજના બનાવી રહી છે.'

આંધ્રપ્રદેશના ગામડાઓમાં વૃદ્ધોની વધતી જતી વસ્તી અને યુવાનોના અન્ય સ્થળોએ સ્થળાંતરથી ઊભી થયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું હતું કે જો આમ જ ચાલુ રહેશે તો ૨૦૪૭ સુધીમાં ગંભીર સમસ્યા ઊભી થશે. ઘણા ગામોમાં માત્ર વૃદ્ધોની જ વસ્તી બાકી રહેશે. તેમણે જણાયું હતું કે દેશમાં ૨.૧ ટકા પ્રજનન દરની સરખામણીએ રાજ્યનો સરેરાશ પ્રજનન દર ૧.૬ છે. જ્યારે તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલિને ખુલ્લેઆમ સંસદીય બેઠકોની સંખ્યા વધારવા માટે વસ્તી વધારવાની વાત કરી છે.

# બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીને અમિત શાહને ભારતમાં રહેવા દેવાની વિનંતી કરી : ભારત મારૂં બીજું ઘર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

દેશનિકાલ કરાયેલી બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને અપીલ કરીને તેમને ભારતમાં રહેવા દેવાની વિનંતી કરી હતી.

એક ટ્વિટર પોસ્ટમાં નસરીને અમિત શાહને ટેગ કરીને કહ્યું, પ્રિય અમિતશાહજી નમસ્કાર. હું ભારતમાં રહું છું કારણ કે હું આ મહાન દેશને પ્રેમ કરૂં છું. છેલ્લાં ૨૦ વર્ષથી તે મારું બીજું ઘર છે. પરંતુ MHA જુલાઈ ૨૨થી મારી રહેઠાણ પરમિટ લંબાવી રહ્યું નથી. હું ખૂબ જ ચિંતિત છું. જો તમે મને રહેવા દો તો હું તમારો આભારી રહીશ. સાંપ્રદાયિકતાના કટ્ટર ટીકાકાર, નસરીન, ૧૯૯૪થી નિર્વાસિત જીવન જીવી રહ્યા છે. બાંગ્લાદેશમાં સાંપ્રદાયિકતા અને મહિલા સમાનતા પરના તેમના લખાણોને કારણે ઈસ્લામિક કટ્ટરપંથીઓની ટીકાનો સામનો કર્યા પછી તેમણે બાંગ્લાદેશ છોડવું પડ્યું. તેમની પ્રગતિશીલ નવલકથા લજ્જા (૧૯૯૩)



અને તેમની આત્મકથા અમર મેયેબેલા (૧૯૯૮) સહિત તેમના કેટલાક પુસ્તકો પર બાંગ્લાદેશ સરકારે તેમના વિષયને કારણે પ્રતિબંધ મૂક્યો હતો. ભારતમાં બાબરી મસ્જિદ ધ્વંસ પછી બંગાળી હિંદુઓની હિંસા, બળાત્કાર, લૂંટફાટ અને હત્યાઓનું વિગતવાર વર્ણન હોવાથી લજ્જા એ ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. નસરીને આગામી ૧૦ વર્ષ સ્વીડન, જર્મની, ફ્રાન્સ અને યુએસમાં દેશનિકાલમાં વિતાવ્યા હતા.૨૦૦૪માં નસરીન ભારતના કોલકાતામાં રહેવા આવ્યા અને ૨૦૦૭ સુધી રહ્યા. તે પછી તેઓ ત્રણ મહિના માટે દિલ્હી ગયા, જ્યાં તેઓ પર શારીરિક હુમલો થયા બાદ નજરકેદમાં રહેતા હતા. જોકે, તેમણે ૨૦૦૮માં ભારત છોડીને યુ.એસ જવાનું થયું હતું. થોડાં વર્ષો પછી, નસરીન ભારત પરત આવ્યા. તાજેતરમાં તસ્લીમા નસરીને બાંગ્લાદેશમાં રાજકીય કટોકટી પર વાત કરી હતી જે શેખ હસીનાની વડા પ્રધાન પદેથી હકાલપટ્ટી પછી પ્રગટ થઈ હતી. લેખકે દાવો કર્યો હતો કે, ઈસ્લામિક કટ્ટરપંથીઓ યુવાનોને ભારત વિરોધી, હિંદુ વિરોધી અને પાકિસ્તાન તરફી બનાવવા માટે બ્રેઈનવોશ કરી રહ્યા છે અને તેમને પ્રેરિત કરી રહ્યા છે. પીટીઆઈએ નસરીનને કહેતા નોંધ્યું હતું કે, હિંદુઓ વિરૂદ્ધ હિંસા, પત્રકારોને નિશાન બનાવવા અને જેલોમાંથી આતંકવાદીઓને મુક્ત કરવા જેવી તાજેતરની કાર્યવાહી દર્શાવે છે કે તે વિદ્યાર્થીઓનું આંદોલન ન હતું પરંતુ ઈસ્લામિક જેહાદીઓ દ્વારા આયોજન અને ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું હતું.

# બોમ્બે હાઈકોર્ટે મુસ્લિમ પુરૂષના ત્રીજા લગ્નની નોંધણી કરવાના અધિકારની પુષ્ટિ કરી

(એજન્સી) તા.૨૨

બોમ્બે હાઈકોર્ટે કહ્યું છે કે મુસ્લિમ પુરૂષો એક કરતા વધુ લગ્ન રજિસ્ટર કરાવી શકે છે. જો તેમને આમ કરવાથી રોકવામાં આવશે તો તે મુસ્લિમ પર્સનલ લોનું ઉલ્લંઘન ગણાશે. આ કાયદો મુસ્લિમોને એક સાથે ચાર પત્નીઓ રાખવાની છૂટ આપે છે. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, જસ્ટિસ બીપી કોલાબાવાલા અને જસ્ટિસ સોમશેખર સુંદરેસનની બેન્ચે કહ્યું કે મહારાષ્ટ્ર મેરેજ બ્યુરો રેગ્યુલેશન એન્ડ મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ, ૧૯૯૮ મુસ્લિમ પુરુષોને એક કરતાં વધુ નિકાહની નોંધણી કરતાં



અટકાવતું નથી. મેજર જૌઈયા નામની મહિલાની અરજી પર આ આદેશ આપવામાં આવ્યો છે. અરજદાર અલ્જેરિયાની મહિલા છે. તેના નિકાહ થાણેના એક મુસ્લિમ પુરૂષ સાથે થયા છે. તે વ્યક્તિના આ ત્રીજા નિકાહ છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને માત્ર એક નિકાહની નોંધણી કરવા પર કાયદાકીય પ્રતિબંધને ટાંકીને લગ્નની નોંધણી કરવાનો ઈન્કાર કર્યો હતો. હાઈકોર્ટે ૧૦ દિવસની અંદર નિકાહની નોંધણી કરાવવાનો આદેશ આપતા કહ્યું છે કે જો આમ નહીં કરવામાં આવે તો મુસ્લિમોના પર્સનલ લોનું ઉલ્લંઘન થશે. કોર્ટને એ પણ જાણવા મળ્યું કે એક જ પુરૂષના મોરોક્કન મહિલા સાથે બીજા નિકાહ નોંધાયા હતા.

# બિહાર પોલીસે પ્રોસ્થેટિક પગમાં દારૂની દાણચોરી કરતી અપંગ વ્યક્તિની ધરપકડ કરી



(એજન્સી) તા.૨૨

એક વિકલાંગ યુવક તેના સ્કૂટર પર રોડ પર જઈ રહ્યો હતો તેણે કૃત્રિમ પગ પહેર્યા હતા. પરંતુ જ્યારે પોલીસને તેના કૃત્રિમ પગ પર શંકા ગઈ તો તેણે તેનો પગ ખોલીને તપાસ કરી. આ પછી તેના પગમાંથી એવી વસ્તુ નીકળી કે જેને જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. આ દૃશ્ય જોઈને પોલીસકર્મીઓની પણ રડી પડી હતી અને પોલીસે તેની ધરપકડ કરી હતી.

આ મામલો બાંકા જિલ્લાના બૌંસી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સામે આવ્યો છે. જ્યાં એક યુવક તેના કૃત્રિમ પગ વડે દારૂની હેરાફેરી કરી રહ્યો હતો. તેણે પ્લાસ્ટિકનો કૃત્રિમ પગ પહેર્યો હતો, જેમાં તેણે દારૂની બોટલો છૂપાવી હતી. જ્યારે પોલીસે તેને પકડીને તેના પગ ખોલ્યા તો તેના કૃત્રિમ પગમાંથી એક પછી એક દારૂની અનેક બોટલો બહાર આવી.

બૌંસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઝારખંડ બોર્ડરને અડીને આવેલા હંસદીહા-ભાગલપુર મુખ્ય માર્ગ પર ગુરિયા વળાંક પાસે પોલીસ વાહન ચેકિંગ ઓપરેશન ચલાવી રહી હતી. આ દરમિયાન જ્યારે સ્કૂટર પર સવાર વિકલાંગ વ્યક્તિ ત્યાં પહોંચ્યો ત્યારે પોલીસને જોઈને તે ડરી ગયો અને ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યો.

યુવકનું નામ મહેશકુમાર લાલ છે અને તે ભાગલપુર જિલ્લાના ઈશકચકનો રહેવાસી છે. પોલીસ પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું કે, તે ઘણા સમયથી તેના કૃત્રિમ પગ દ્વારા વિદેશી દારૂની હેરાફેરી કરતો હતો. તે ઝારખંડથી ભાગલપુર લઈ જતો હતો અને ત્યાંથી દારૂની હેરાફેરી કરતો હતો.

# વડાપ્રધાન મોદીની પુતિન સાથે મુલાકાત : મોદીએ યુક્રેન યુદ્ધના શાંતિપૂર્ણ ઉકેલ માટે વિનંતી કરી

## બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા (બ્રિક્સ)ના રાજ્યોના અનૌપચારિક જૂથની સમિટ રશિયાના કાઝાનમાં યોજાઈ રહી છે : 'તમને કોઈ અનુવાદકની જરૂર નથી,' પુતિને મોદી સાથેના સંબંધોની પ્રશંસા કરતાં મજાક કરી

(એજન્સી) તા.૨૨

નરેન્દ્ર મોદીએ BRICS સમિટ દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને જણાવ્યું કે, ભારત રશિયા-યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલમાં વિશ્વાસ રાખે છે. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા (બ્રિક્સ)ના રાજ્યોના અનૌપચારિક જૂથની સમિટ રશિયાના કાઝાનમાં યોજાઈ રહી છે. મોદીએ બ્રિક્સ જૂથની સફળતા માટે અભિનંદન આપ્યા અને કહ્યું કે, અન્ય ઘણા દેશો તેમાં જોડાવા માંગે છે. મોદીએ કહ્યું કે, અમે રશિયા-યુક્રેનની સમસ્યાના તમામ પક્ષોના સંપર્કમાં છીએ. અમારી સ્થિતિ એ રહી છે કે, તમામ સંઘર્ષને વાતચીતથી ઉકેલી શકાય છે. અમે માનીએ છીએ કે, સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ હોવો જોઈએ. ભારત હંમેશા શાંતિ માટે મદદ કરવા તૈયાર છે.

આ સમિટના અંતે 'કાઝાન ઘોષણા' થશે અને પાંચ નવા BRICS સભ્યો ઔપચારિક રીતે ઉમેરવામાં આવશે. બ્રિક્સ સમિટ મુલાકાત એ મોદીની આ વર્ષે રશિયાની બીજી મુલાકાત છે. તેઓ જુલાઈમાં ૨૨મી ભારત-રશિયા




વાર્ષિક સમિટમાં ભાગ લેવા માટે મોસ્કો ગયા હતા જ્યાં તેમણે પુતિન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. તેમને ક્રેમલિન ખાતે રશિયાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રુ ધ એપોસ્ટલથી પણ નવાજવામાં આવ્યા હતા. ભારત અને રશિયા 'વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી' ધરાવે છે. પુતિને પીએમ મોદીને કહ્યું કે, રશિયન-ભારત સંબંધો ખાસ વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે અને સક્રિયપણે વિકાસ કરે છે. ભારત રશિયન તેલનો મોટો ગ્રાહક છે, જે પશ્ચિમની મુખ્ય ચિંતા છે. અમેરિકા અને તેના પશ્ચિમી સહયોગીઓ યુક્રેનને સમર્થન આપી રહ્યા છે અને વેપારમાં રશિયાને નુકસાન પહોંચાડવાનું કામ કરી રહ્યા છે. ભારતે કહ્યું છે કે, તેને જ્યાંથી પણ સસ્તા ભાવે મળશે ત્યાંથી તે તેલ ખરીદશે, જેનાથી ભારતના નાગરિકોને ફાયદો થશે.

રશિયાએ બ્રિક્સ સમિટને રાજદ્વારી વિજય ગણાવ્યું છે જે દર્શાવે છે કે, યુક્રેન સંઘર્ષ પર મોસ્કોને અલગ કરવાના પશ્ચિમી પ્રયાસો નિષ્ફળ ગયા છે. યુ.એસ.એ એ વિચારને ફગાવી દીધો છે કે, બ્રિક્સ ભૌગોલિક રાજનીતિક હરીફ બની શકે છે. વોશિંગ્ટનના ત્રણ વિરોધીઓ - ચીન, ઈરાન અને ઉત્તર કોરિયા સાથેના સંબંધોને મજબૂત બનાવતા મોસ્કો આ વર્ષે પૂર્વી યુક્રેનમાં યુદ્ધના મેદાનમાં સતત આગળ વધ્યું છે. મોસ્કો સ્થિત રાજકીય વિશ્લેષક કોન્સ્ટેન્ટિન કાલાચેવે જણાવ્યું હતું કે, કાઝાનમાં બ્રિક્સ નેતાઓને એકત્ર કરીને ક્રેમલિનનો હેતુ એ બતાવવાનો છે કે, રશિયા અલગ કે એકલું નથી, તેના ભાગીદારો અને સાથીઓ પણ છે. આ વખતે ક્રેમલિન પશ્ચિમી દબાણનો વિકલ્પ અને બહુધ્રુવીય વિશ્વ એક વાસ્તવિકતા છે તે બતાવવા માંગે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૬મી બ્રિક્સ સમિટ માટે કઝાન પહોંચ્યા પછી તરત જ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી. આ મીટિંગ દરમિયાન પુતિને તેમના નજીકના સંબંધો પર હળવાશથી ટિપ્પણી કરતા કહ્યું કે, તમે મારી વાત અનુવાદક વિના સમજી શકો છો. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દ્વિપક્ષીય બેઠકમાં ટેલિવિઝન પર પ્રસારિત પ્રારંભિક ટિપ્પણીમાં જણાવ્યું હતું કે, અમારો સંબંધ એવો છે કે મને લાગે છે કે, તમારે કોઈ અનુવાદકની જરૂર નથી.

તેમના ઉતરાણ પછી મોદી અને પુતિને પ્રતિકાત્મક આલિંગન સાથે એકબીજાનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું હતું. પુતિને કહ્યું કે, અમે ભારત-રશિયાના સહયોગને ખૂબ મહત્ત્વ આપીએ છીએ, કારણ કે, અમારા બંને દેશો તેના સ્થાપક સભ્યો છે. અમે અમારી વચ્ચે ઉન્નત સહયોગ, અમારા વિદેશમંત્રીઓ વચ્ચે સતત સંચાર અને સકારાત્મક વેપાર વૃદ્ધિ કરી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, બ્રિક્સમાં સહકારને મજબૂત કરવા માટે કાઝાનમાં ઘણા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાની જરૂર છે. કાઝાનમાં ૧૬મી બ્રિક્સ સમિટ રશિયાની અધ્યક્ષતામાં ૨૨-૨૪ ઓક્ટોબર દરમિયાન યોજાઈ રહી છે.

# મહારાષ્ટ્ર ચૂંટણી પહેલાં અજીતની 'ઘર વાપસી' ? શરદ પવાર કેમ્પના નેતા તરફથી મોટી ઓફર

(એજન્સી) તા.૨૨

લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ખરાબ પ્રદર્શન બાદ મહાયુતિ ગઠબંધનમાં અજિત પવારના જૂથનો પ્રભાવ ઓછો થયો છે. અજીત પવારના જૂથે ચૂંટણી લડેલી ચારમાંથી માત્ર એક બેઠક જીતી હતી, જ્યારે શરદ પવારની એનસીપીએ ૮ બેઠકો જીતી હતી. ખરાબ પ્રદર્શનને કારણે મહાયુતિ ગઠબંધનમાં તેમના જૂથનું દબાણ ઘટી ગયું છે. શરદ પવારની પાર્ટીના નેતાએ અજીતને લઈને મોટો દાવો કર્યો છે શરદ પવારના પૌત્ર અને તેમની પાર્ટીના વરિષ્ઠ નેતા રોહિત પવારે ભવિષ્યમાં અજીત પવારના ઘરે પરત ફરવાના સંકેત આપ્યા છે. એક મીડિયા સાથે વાત કરતા રોહિત પવારે કહ્યું કે જો તેમના કાકા અજીત પવાર પાર્ટીમાં પાછા આવવા માંગે છે તો પાર્ટી તેમના માટે પોતાના દરવાજા ખોલી શકે છે. રોહિતે કહ્યું, 'અમે આ ચૂંટણીઓ અલગથી લડી રહ્યા છીએ, પરંતુ અમે ભવિષ્યમાં શું થશે તેની આગાહી કરી શકતા નથી. જો અજીત દાદા ભાજપ વિના અમારી પાસે પાછા આવે છે, તો પરિવાર તેમને પાછા લઈ શકે છે.' કરજત-જામખેડ મતવિસ્તારના વિધાનસભ્ય રોહિતને તાજેતરમાં પાર્ટીના વડા અને વરિષ્ઠ નેતા શરદ પવાર દ્વારા મહારાષ્ટ્રના રાજકારણના ભવિષ્ય વિશે માહિતી આપવામાં આવી હતી. ભાજપે સ્થાનિક પક્ષોને બરબાદ કરવાનો આરોપ લગાવ્યો બીજેપી પર પ્રહાર કરતા રોહિત પવારે દાવો કર્યો હતો કે રાષ્ટ્રીય પાર્ટી શિંદે સેના અને અજીત પવારની એનસીપી જેવા સ્થાનિક સહયોગીઓને ખતમ કરવાનું લક્ષ્ય ધરાવે છે. 'અમિત શાહે તાજેતરમાં જ ઉલ્લેખ કર્યો છે કે તેઓ કેવી રીતે ૨૦૨૯માં એકલા ચૂંટણી લડશે. આ સીએમ શિંદે અને અજીત દાદા માટે સ્પષ્ટ સંકેત છે. ભાજપ તેના સ્થાનિક સહયોગીઓને ખતમ કરવા માંગે છે, જેમ કે તેઓએ હરિયાણામાં કર્યું હતું. મને એવું પણ લાગે છે કે ભાજપ સ્વતંત્ર ઉમેદવારો ઉભા કરશે. આ ચૂંટણીઓમાં સાથીઓની સંખ્યા ઘટાડવા માટે શિંદે સેના અને અજીત પવારની પાર્ટી સામે.જ રોહિતે એમ પણ કહ્યું કે તે ૨૮ ઓક્ટોબરે કર્જત-જામખેડ મતવિસ્તારમાંથી ઉમેદવારી નોંધાવશે. તેમના સંભવિત હરીફ મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને ભાજપના નેતા રામ શિંદે હશે. જુલાઇ ૨૦૨૩માં, અજીત પવાર, એકલતા અનુભવતા, અન્ય ઘણા પક્ષના નેતાઓ સાથે તત્કાલીન યુનાઇટેડ નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીમાંથી બહાર નીકળી ગયા અને મહારાષ્ટ્રમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (બીજેપી)-શિવસેના ગઠબંધન સરકારમાં જોડાયા.

# ધર્મનિરપેક્ષતા એ બંધારણની સૌથી અનન્ય વિશેષતા છે : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) તા.૨૨

સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, ધર્મનિરપેક્ષતા એ બંધારણની 'વિશિષ્ટ વિશેષતા' છે. જે તેની મૂળભૂત રચનાનો ભાગ ગણવામાં આવે છે. ન્યાયાધીશ સંજીવ ખન્નાએ કહ્યું કે, આ કોર્ટના ઘણા ચુકાદાઓ છે જે દર્શાવે છે કે, ધર્મનિરપેક્ષતા હંમેશા બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ રહી છે, જો કોઈ વ્યક્તિ સમાનતા અને બંધુત્વના અધિકારના શબ્દો તેમજ બંધારણમાં લખેલા શબ્દો પર ધ્યાન આપે છે તો ભાગ-૩ હેઠળ મૂળભૂત અધિકારો અંગે સ્પષ્ટ સંકેત છે કે, ધર્મનિરપેક્ષતાને બંધારણની મુખ્ય વિશેષતા તરીકે રાખવામાં આવી છે.

ભારતીય બંધારણની પ્રસ્તાવનામાં 'સમાજવાદ' અને 'સેક્યુલર' શબ્દોના સમાવેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. રાજ્યસભાના પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી, વકીલ વિષ્ણુ શંકર જૈન અને અન્ય લોકોએ બંધારણની પ્રસ્તાવનામાંથી આ શબ્દોને હટાવવાની માગણી કરતી અરજી દાખલ કરી છે. આ સુનાવણી દરમિયાન જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજયકુમારની બેંચે સ્પષ્ટ કર્યું કે, આ શબ્દોને બંધારણની પ્રસ્તાવનામાં શા



માટે સામેલ કરવામાં આવ્યા છે. ૧૯૭૬માં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા રજૂ કરાયેલા ૪૨માં બંધારણીય સુધારા હેઠળ બંધારણની પ્રસ્તાવનામાં 'સમાજવાદ' અને 'સેક્યુલર' શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સુધારા પછી બંધારણની પ્રસ્તાવનામાં ભારતનું શીર્ષક 'સાર્વભૌમ, લોકશાહી પ્રજાસત્તાક'થી બદલીને 'સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી પ્રજાસત્તાક' કરવામાં આવ્યું હતું. આ સુનાવણી દરમિયાન જૈને કહ્યું કે, ડૉ.બી.આર. આંબેડકરે કહ્યું હતું કે, 'સમાજવાદ' શબ્દનો સમાવેશ વ્યક્તિની સ્વતંત્રતામાં ઘટાડો કરશે. તેમણે કહ્યું કે, પ્રસ્તાવનામાં સુધારા દ્વારા ફેરફાર કરી શકાય નહીં. તેના પર જસ્ટિસ ખન્નાએ કહ્યું કે, સમાજવાદના અલગ-અલગ અર્થો છે અને કોઈએ પશ્ચિમી દેશોમાં અપનાવેલા અર્થને ન લેવો જોઈએ. અરજદારોમાંના એક, અશ્વિની ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, તેઓ સમાજવાદ, બિનસાંપ્રદાયિક અને અખંડિતતા શબ્દોની વિરુદ્ધ નથી અને ન તો બંધારણમાં તેમના સમાવેશની વિરુદ્ધ છે. તેઓ ૧૯૭૬માં પ્રસ્તાવનામાં આ શબ્દોનો સમાવેશ કરવાની વિરુદ્ધ છે. આ પ્રસ્તાવના ૨૬ નવેમ્બર, ૧૯૪૯થી અમલમાં છે. તેમણે કહ્યું કે, એક શબ્દ ઉમેરવાની દેશ પર કોઈ વાસ્તવિક અસર થઈ નથી, પરંતુ ભવિષ્યની સરકારો માટે વિવાદ અને મૂંઝવણ ઊભી કરે છે અને તે પ્રસ્તાવનામાંથી શબ્દ દૂર કરી શકે છે. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે, પ્રસ્તાવના એ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ કરવામાં આવેલી ઘોષણા હતી અને તેથી અનુગામી સુધારા દ્વારા તેમાં વધુ શબ્દો ઉમેરવાનું મનસ્વી કામ હતું. તેમણે કહ્યું કે, વર્તમાન પ્રસ્તાવના મુજબ ભારતીય લોકો ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતને સમાજવાદી અને ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાક બનાવવા માટે સંમત થયા હતા તે દર્શાવવું ખોટું છે. ખંડપીઠે કહ્યું કે, તે આ મામલાની તપાસ કરશે અને ૧૮ નવેમ્બરે વધુ સુનાવણી કરશે. ૯ ફેબ્રુઆરીના રોજ સર્વોચ્ચ અદાલતે પ્રશ્ન કર્યો હતો કે, શું બંધારણ અપનાવવાની તારીખ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ તરીકે જાળવી રાખીને પ્રસ્તાવનામાં સુધારો કરી શકાય છે, ત્યારે જસ્ટિસ દત્તાએ ટિપ્પણી કરી હતી કે, શૈક્ષણિક હેતુઓ માટે પ્રસ્તાવનામાં સુધારો કરી શકાય છે. તેમાં કોઈ સમસ્યા નથી. એડવોકેટ વિષ્ણુ શંકર જૈને જણાવ્યું હતું કે, ભારતના બંધારણની પ્રસ્તાવના એક નિશ્ચિત તારીખ છે, તેથી ચર્ચા કર્યા વિના તેમાં સુધારો કરી શકાય નહીં. સ્વામીએ કહ્યું કે, ૪૨મો સુધારો કાયદો ઈમરજન્સી (૧૯૭૫-૭૭) દરમિયાન પસાર કરવામાં આવ્યો હતો. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સર્વોચ્ચ અદાલતે બલરામસિંહ અને અન્યો દ્વારા દાખલ કરાયેલા અન્ય પેન્ડિંગ કેસ સાથે સુનાવણી માટે સ્વામીની અરજીને ટેગ કરી હતી. સ્વામી અને સિંહ બંનેએ પ્રસ્તાવનામાંથી 'સમાજવાદ' અને 'સેક્યુલર' દૂર કરવાની માંગ કરી રહ્યા છે. સ્વામીએ તેમની અરજીમાં દલીલ કરી છે કે, પ્રસ્તાવના બદલી, સુધારી કે રદ કરી શકાતી નથી. તેમણે કહ્યું કે, પ્રસ્તાવના માત્ર બંધારણની આવશ્યક વિશેષતાઓ જ નહીં પરંતુ એકીકૃત સમુદાય બનાવવા માટે અપનાવવામાં આવેલી મૂળભૂત શરતોને પણ પ્રતિબિંબિત કરે છે.

# આર.જી. કર કેસની પીડિતાના પિતાએ અમિત શાહને પત્ર લખીને માર્ગદર્શન અને મદદ માટે સમય માંગ્યો

(એજન્સી) તા.૨૨

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લગભગ બે મહિના પહેલા બળાત્કાર અને હત્યા કરાયેલી એક તાલીમાર્થી મહિલા ડોક્ટરના પિતાએ મંગળવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને પત્ર લખીને બેઠકની વિનંતી કરી છે.

મહિલા તબીબના પિતાએ કહ્યું કે, તે આ સમયે માનસિક તણાવનો સામનો કરી રહી છે અને લાચારી અનુભવી રહી છે. કેન્દ્રીય મંત્રીને મોકલવામાં આવેલા ઈ-મેઈલમાં તેમણે કહ્યું કે, તેઓ અમિત શાહને મળીને માર્ગદર્શન અને મદદ ઈચ્છે છે.

મૃતકના પિતાએ મેઈલમાં લખ્યું છે કે, હું અભયા (કાલ્પનિક નામ)નો પિતા છું અને આ પત્ર દ્વારા તમને નમ્ર વિનંતી સાથે લખી રહ્યો છું કે, તમારી અનુકૂળતા મુજબ અથવા તમારા દ્વારા સૂચવવામાં આવેલી કોઈપણ જગ્યાએ મીટિંગ ગોઠવો. અમારી દીકરી સાથે બનેલી એ જઘન્ય અને અણધારી ઘટના પછી અમે ગંભીર માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા છીએ. હું લાચારી અનુભવું છું.

તેણે કહ્યું કે, હું મારી પત્ની સાથે આ બાબતને લગતા કેટલાક પાસાઓ પર ચર્ચા કરવા અને તમારૂં માર્ગદર્શન અને મદદ લેવા ઈચ્છું છું. તમારી સાથે વાત કરવાની અને આ મુદ્દા પર તમારી સમજ મેળવવાની તક માટે હું ખરેખર આભારી રહીશ, કારણ કે, હું માનું છું કે, તમારો અનુભવ અને માર્ગદર્શન મારા માટે અમૂલ્ય હશે. ડોક્ટરના પિતાએ લખ્યું, કૃપા કરીને મને જણાવો કે, તમે અમારા માટે થોડી મિનિટો ક્યારે અને ક્યાં ફાળવી શકો છો. તમારા સમય અને આ વિનંતીને ધ્યાનમાં લેવા બદલ હું તમારો આભાર માનું છું અને તમારા સાનુકૂળ પ્રતિસાદની રાહ જોઉં છું. હું તમને મળવાની તકની રાહ જોઉં છું.

# સુપ્રીમ કોર્ટે ઉત્તરપ્રદેશ મદ્રેસા કાયદાને રદ કરતા અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા સામેની અરજીઓ પર ચુકાદો અનામત રાખ્યો

## ૨૨ માર્ચે અલ્હાબાદ હાઈકોર્ટે આ કાયદાને 'ગેરબંધારણીય' અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન કરનાર જાહેર કર્યો હતો અને રાજ્ય સરકારને મદ્રેસાના વિદ્યાર્થીઓને ઔપચારિક શાળાકીય પ્રણાલીમાં સમાવવા માટે કહ્યું હતું

(એજન્સી) તા.૨૨

સુપ્રીમ કોર્ટે મંગળવારે ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો, જેણે મદ્રેસા પરના ૨૦૦૪ના ઉત્તરપ્રદેશના કાયદાને બિનબંધારણીય ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, તે બિનસંપ્રદાયિકતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (CJI) ડી.વાય. ચંદ્રચૂડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચે આઠ અરજદારો વતી વકીલો ઉપરાંત ઉત્તરપ્રદેશ સરકાર માટે એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ. નટરાજની દલીલો સાંભળી હતી અને ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, લઘુમતી સંસ્થાઓનું નિયમન કરતા કાયદા બિનસાંપ્રદાયિકતાનો ભંગ કરતા નથી. આ ચુકાદા સામેની અરજીઓ પર અંતિમ દલીલો શરૂ કરતા બેન્ચે સોમવારે અરજદારો માટે અભિષેક મનુ સિંઘવી, સલમાન ખુર્શીદ અને મેનકા ગુરૂસ્વામી સહિતના વરિષ્ઠ વકીલોને સાંભળ્યા હતા. મંગળવારે સર્વોચ્ચ અદાલતે મુકુલ રોહતગી, પી. ચિદમ્બરમ્ અને ગુરૂ કૃષ્ણ કુમાર સહિતના વરિષ્ઠ વકીલોને વિવિધ અરજદારો માટે પણ સાંભળ્યા હતા.

૨૨ માર્ચે અલ્હાબાદ હાઈકોર્ટે આ કાયદાને ગેરબંધારણીય અને બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતનું ઉલ્લંઘન તરીકે જાહેર કર્યું હતું અને રાજ્ય સરકારને ઔપચારિક શાળાકીય પ્રણાલીમાં મદ્રેસા વિદ્યાર્થીઓને સમાવવા માટે કહ્યું હતું. પાંચ એપ્રિલના રોજ CJIની આગેવાની હેઠળની બેન્ચે ઉત્તરપ્રદેશ બોર્ડ ઓફ મદ્રેસા એજ્યુકેશન એક્ટ ૨૦૦૪ને રદ કરવાના હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે મૂકીને લગભગ ૧૭ લાખ મદ્રેસાના વિદ્યાર્થીઓને રાહત આપી હતી. સર્વોચ્ચ અદાલતે હાઈકોર્ટના ચુકાદા સામે અંજુમ કાદરીએ દાખલ કરેલી મુખ્ય અરજી સહિત આઠ અરજીઓની સુનાવણી કરી છે.

# મહારાષ્ટ્ર ચૂંટણી : ભાજપે મરાઠા અને OBC બંને ઉમેદવારો સાથેની યાદીને સંતુલિત કરી

(એજન્સી) તા.૨૨

હરિયાણામાં શાનદાર પરિણામો મળ્યા બાદ ભાજપ ઉત્સાહિત છે. પાર્ટી માની રહી છે કે, મહારાષ્ટ્રમાં હરિયાણા જેવા પરિણામો જોવા મળશે. હરિયાણામાં ભાજપે ટિકિટ વિતરણમાં જાટ-ઓબીસી મોડલ અપનાવ્યું. જ્ઞાતિ સંતુલનનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. જેનો લાભ તેને મળ્યો.

આ વખતે ભાજપને મહારાષ્ટ્રમાં મરાઠા-ઓબીસી મોડલ પર ચૂંટણી જીતવાની આશા છે. ભાજપે પ્રથમ યાદીમાં ૯૯ ઉમેદવારોની જાહેરાત કરી છે. જેમાં જ્ઞાતિ સંતુલનનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું છે. પ્રથમ યાદીમાં દેવેન્દ્ર ફડણવીસ અને ચંદ્રશેખર બાવનકુલે જેવા અગ્રણી ચહેરાઓ પર દાવ ખેલવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે, મરાઠા આંદોલનને કારણે ભાજપને લોકસભા ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો હતો. પાર્ટી આ ખાસ રણનીતિ સાથે આગળ વધી રહી છે. રવિવારે જે પ્રથમ યાદી આવી હતી તે હરિયાણાના જાટ-ઓબીસી ફોર્મ્યુલાની નકલ છે. પાર્ટીને લાગે છે કે, જો મરાઠા અને ઓબીસી વચ્ચે સંતુલન રહેશે તો મહારાષ્ટ્રમાં તેનો રસ્તો સરળ થઈ જશે. શું મહારાષ્ટ્રમાં ભાજપને તેની રણનીતિનો ફાયદો મળશે ? આ જોવા માટે કંઈક હશે. પ્રથમ યાદીમાં બંને સમાજના ઉમેદવારો પર વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. અનુભવી ચહેરાઓ નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, કેબિનેટ મંત્રી સુધીર મુનગંટીવાર, પ્રદેશ ભાજપ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે અને રાધાકૃષ્ણ વિખે પાટીલને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર 'મનોજ જરાંગે ફેક્ટર'ના કારણે પાર્ટીને લોકસભા ચૂંટણીમાં નુકસાન વેઠવું પડ્યું હતું. એક મીડિયા હાઉસના અહેવાલ મુજબ જરાંગેના આંદોલનને કારણે મહાયુતિ વિરુદ્ધ મતો એક થયા હતા. વિધાનસભા ચૂંટણીમાં નુકસાન ટાળવા માટે વધુ મરાઠા ઉમેદવારોને ટિકિટ આપવાને બદલે, પાર્ટીએ પણ વિવિધ સમુદાયોના લોકોમાં વિશ્વાસ વ્યક્ત કર્યો. કડક વ્યૂહરચના હેઠળ તમામ સમુદાયો સારી રીતે સંતુલિત હતા. હવે આ વ્યૂહરચનાથી ભાજપને કેટલો ફાયદો થશે ? પરિણામ જાહેર થયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે.

# બોમ્બે હાઈકોર્ટે અનિલ દેશમુખ સાથે જોડાણ ધરાવતા ભ્રષ્ટાચારના કેસમાં બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેને જામીન આપ્યા

## જો કે, સચિન વાઝે હજુ પણ જેલમાં જ રહેશે કારણ કે, તે NIA દ્વારા દાખલ કરવામાં આવેલા એન્ટિલિયા બોમ્બ કેસમાં ન્યાયિક કસ્ટડીમાં છે

(એજન્સી) તા.૨૨

બોમ્બે હાઈકોર્ટે મંગળવારે, ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ મહારાષ્ટ્રના પૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખને સંડોવતા ભ્રષ્ટાચારના કેસમાં બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેને જામીન આપ્યા હતા. જસ્ટિસ એમ.એસ. સોનાકની આગેવાની હેઠળની ડિવિઝન બેંચે વાઝેને જામીન આપ્યા અને કહ્યું કે, તેના માટેની શરતો વિશેષ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે. બરતરફ કરાયેલા પોલીસ અધિકારી જેલમાં જ રહેશે કારણ કે, તે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા દાખલ કરવામાં આવેલા એન્ટિલિયા બોમ્બ કેસમાં ન્યાયિક કસ્ટડીમાં છે. વાઝે હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે, તેણે દાવો કરીને જામીન પર મુક્ત થવાની માંગ કરી હતી. વાઝેના વકીલ આબાદ પોંડાએ કહ્યું હતું કે, તેને મંજૂરી આપનાર તરીકે જાહેર કર્યા પછી પણ તેને જેલમાં રાખવો એ મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. સીબીઆઈએ એવી અરજીનો વિરોધ કર્યો હતો કે, વાઝે અત્યાર સુધી આ કેસમાં જુબાની આપી નથી અને તેને જામીન પર છોડવો તે કેસના શ્રેષ્ઠ હિતમાં નથી. દક્ષિણ મુંબઈમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન એન્ટિલિયા નજીક મળી આવેલા વિસ્ફોટકોથી ભરેલા વાહન અને થાણેના ઉદ્યોગપતિ મનસુખ હિરણની હત્યાના કેસમાં તેની કથિત ભૂમિકા માટે માર્ચ ૨૦૨૧માં વાઝેની ધરપકડ કરવામાં આવી હતી. હાઈકોર્ટે એપ્રિલ ૨૦૨૧માં સીબીઆઈને પૂર્વ પોલીસ કમિશનર પરમબીરસિંહ દ્વારા દેશમુખ પર કરાયેલા ભ્રષ્ટાચાર અને સત્તાવાર સત્તાના દુરૂપયોગના આરોપોની પ્રાથમિક તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. વિવાદાસ્પદ પોલીસે પૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખની ભ્રષ્ટાચારમાં સંડોવણીનો આરોપ મૂક્યો છે. સીબીઆઈએ આ પૂછપરછના આધારે દેશમુખ અને તેના સહયોગીઓ તેમજ વાઝે વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. સિંહે આરોપ લગાવ્યો હતો કે, દેશમુખ જે તે સમયે ગૃહમંત્રી હતા, તેમણે પોલીસ કર્મચારીઓને મુંબઈમાં રેસ્ટોરાં અને બારમાંથી દર મહિને રૂા.૧૦૦ કરોડ એકત્ર કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, કથિત નકલી એન્કાઉન્ટર કેસમાં આરોપી બન્યા બાદ અગાઉ સસ્પેન્ડ કરાયેલા વાઝેને ફરીથી સેવામાં લેવામાં આવ્યા હતા અને તે દેશમુખ વતી કથિત રીતે નાણાં એકત્ર કરી રહ્યા હતા. આ કેસમાં અન્ય આરોપીઓ દેશમુખના પૂર્વ સહયોગી સંજીવ પાલાંડે અને કુંદન શિંદે છે. આ ત્રણેય હાલ જામીન પર બહાર છે.

### બાગપતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો

# શૂટર ભાડે રાખીને પોતાની પ્રેમિકાના પતિની હત્યાનો પ્લાન બનાવ્યો

## શૂટરને અઢી લાખમાં ભાડે લાવ્યા હતા, પ્લાનિંગ અનુસાર હત્યા કરવા માટે શૂટર અને ઈમરાન શામલી પહોંચ્યા હતા

(એજન્સી) લખનૌ, તા.૨૨

ઉત્તરપ્રદેશના બાગપતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં બડોત પોલીસે એવા શૂટરની ધરપકડ કરી છે, જેણે મર્ડરની સોપારી આપનારા શખ્સનું જ ગળું દબાવ્યા બાદ ગોળી મારીને હત્યા કરી નાંખી. હકીકતમાં જોઈએ તો ઈમરાન નામના શખ્સે ત્રણ શૂટર ભાડે રાખીને પોતાની પ્રેમિકાના પતિની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. શૂટરને અઢી લાખમાં ભાડે લાવ્યા હતા. પ્લાનિંગ અનુસાર હત્યા કરવા માટે શૂટર અને ઈમરાન શામલી પહોંચ્યા હતા પણ બાદમાં ઈમરાને ત્રણેય શૂટરને સોપારીના પૈસા આપવાની ના પાડી દીધી. તેના પર શૂટરે સોપારી આપનારા શખ્સ ઈમરાનનું ગળું દબાવીને બાદમાં ગોળી મારીને હત્યા કરી દીધી. તેની લાશ શામલી ગઢીપુખ્તા વિસ્તારના જંગલમાં નાંખી દીધી. પોલીસે ત્રણેય હત્યારોપી શૂટરની ધરપકડ કરતા આ ખુલાસો કરી દીધો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, શૂટરમાંથી એક ઈમરાનને ઘરેથી સાથે લઈને નીકળ્યો હતો. ઘરવાળાઓએ સૌથી પહેલા તેનું જ નામ બતાવતા હતા. આ શખ્સ સાથે પૂછપરછમાં તમામ ખુલાસા થઈ ગયા. હકીકતમાં જોઈએ તો શામલીની રહેવાસી પ્રેમિકા અને ઈમરાન વચ્ચે મહિલાનો પતિ અડચણ બનતો હતો. મહિલા વારંવાર ઈમરાન સાથે રહેવાની જીદ કરતી હતી. ત્યારે આવા સમયે ઈમરાને પ્રેમિકાના પતિને રસ્તામાં હટાવાનો પ્લાન બનાવી નાંખ્યો. આ બાજુ ઈમરાને ત્રણ શૂટર ભાડે રાખ્યા હતા અને ઈકો કારમાં શૂટર સાથે બેસીને હત્યા કરવા માટે ઈમરાન શામલી પહોંચી ગયો. શામલી જઈને શૂટરે સોપારીના અઢી લાખ રૂપિયા પહેલા તો ઈમરાન પાસે માંગ્યા પણ ઈમરાને એડવાન્સ રૂપિયા આપવાની ના પાડી દીધી. તેને લઈને ઈમરાન અને ભાડાના શૂટર વચ્ચે ઝઘડો થઈ ગયો. આ દરમ્યાન ત્રણેય શૂટરે ઈમરાનનું ગળું દબાવીને બાદમાં ગોળી મારીને હત્યા કરી નાંખી. બાદમાં તેની લાશને જંગલમાં ફેંકી દીધી. હાલમાં બડોત પોલીસે હત્યાના સનસનીખેજ કેસનો ખુલાસો કરતા ત્રણેય શૂટરની ધરપકડ કરી લીધી છે. હત્યા સમયે ઉપયોગમાં લેવાયેલી ઈકો કાર પણ જપ્ત કરી લીધી છે. ગત ૧૮ તારીખનો આ કિસ્સો છે. ઘટનામાં હાલ પોલીસે ઈમરાનની હત્યાના આરોપમાં ત્રણેય શૂટર રિહાન, દિલદાર અને સાકિબ નામના ત્રણેય યુવકની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ત્રણેય યુવક ભાડાના શૂટર છે. જેમણે મળીને ઈમરાન સાથે પ્રેમિકાના પતિની હત્યા કરવા માટે અઢી લાખમાં સોપારી લીધી હતી. નક્કી કરેલા પ્લાન અનુસાર ઈમરાન સાથે ત્રણેય એક કારમાં બેસીને યુવકની હત્યા કરવા માટે શામલી પહોંચ્યા હતા પણ ત્યાં પૈસાને લઈને વિવાદ થયો. જે બાદ ત્રણેય શૂટરે પહેલા ઈમરાનનું ગળું દબાવ્યું અને બાદમાં ગોળી મારીને હત્યા કરી નાંખી અને લાશને જંગલમાં ફેંકીને ઘરે ભાગી ગયા. આ ત્રણેય શૂટરને પોલીસે હાલમાં જેલમાં બંધ કરી દીધા છે અને ઈકો કાર પણ જપ્ત કરી લીધી છે.

# તેલંગાણા : પાંચ કરોડની અપ્રમાણસર સંપત્તિ રાખવા બદલ કલેક્ટર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો

## ACBના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ACB દ્વારા ઓળખવામાં આવેલી મિલકતોની વાસ્તવિક બજાર કિંમત બજારમાં ઘણી વધારે છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૨

એન્ટિ કરપ્શન બ્યુરો (ACB)ના અધિકારીઓએ અધિક કલેક્ટર, (જમીન મહેસૂલ), રંગા રેડ્ડી સામે આવકના જાણીતા સ્ત્રોતોથી અપ્રમાણસર સંપત્તિ રાખવા બદલ કેસ નોંધ્યો છે. આ કેસને પગલે એસીબીએ અધિકારી એમ. વેંકટભૂપાલ રેડ્ડી, અધિક કલેક્ટર અને તેમના સંબંધીઓના ઘરોની તપાસ કરી અને તેમના અને તેમના સંબંધીઓ અને બેનામી નામે નોંધાયેલ રૂા.૫,૦૫,૭૧,૬૭૬ મળી આવ્યા છે. એસીબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, એસીબી દ્વારા ઓળખવામાં આવેલી મિલકતોની વાસ્તવિક બજાર કિંમત બજારમાં ઘણી વધારે છે.

### શાળાઓમાં બોમ્બની ધમકીથી હડકંપ

# એરલાઈન્સ બાદ હવે CRPFની શાળાઓમાં બોમ્બની ધમકી

## દિલ્હીની CRPF શાળાની પાસે થયેલા બોમ્બ વિસ્ફોટમાં દિલ્હી પોલીસની ખાલિસ્તાન એંગલથી તપાસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

દેશમાં CRPF દ્વારા સંચાલિત ઘણી શાળાઓમાં બોમ્બની ધમકી મળી રહી છે. ધમકી મળી ત્યારથી જ પોલીસ ફોર્સ એલર્ટ છે અને મળેલી તમામ ધમકીઓની તપાસ કરી રહી છે. જે શાળાઓને ધમકી મળી, તેમાંથી બે દિલ્હી અને એક હૈદરાબાદની શાળા છે. નોંધનીય છે કે, દેશમાં હાલ ઘણી એરલાઈન્સને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ મળી રહી છે. જેને લઈને એરલાઈન્સને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પોલીસે જણાવ્યું કે, ઈ-મેઈલ દ્વારા શાળાના સંચાલકોને બોમ્બની ધમકીઓ આપવામાં આવી રહી છે. નોંધનીય છે કે, આ ધમકીઓ દિલ્હીના રોહિણી સ્થિત CRPF શાળાની દીવાલની પાસે થયેલા બોમ્બ વિસ્ફોટના એક દિવસ બાદથી મળી રહી છે. આ બોમ્બ વિસ્ફોટમાં કોઈ જાનહાનિ નથી થઈ, પરંતુ આસપાસની દુકાન અને વાહનોના કાચ તૂટી ગયા હતા. પોલીસ આ બોમ્બ ધમકીઓની તપાસ કરી રહી છે. દિલ્હીની CRPF શાળાની પાસે થયેલા બોમ્બ વિસ્ફોટમાં દિલ્હી પોલીસ ખાલિસ્તાન એંગલથી તપાસ કરી રહી છે. હકીકતમાં સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, CRPF શાળા પાસે થયેલો બોમ્બ ધમાકો ભારતીય એજન્ટ્સ દ્વારા ખાલિસ્તાન સમર્થકોને નિશાનો બનાવવાના જવાબમાં કરવામાં આવ્યો છે. પોલીસને સીસીટીવી કેમેરાની તપાસમાં એક શંકાસ્પદ વ્યક્તિ પણ જોવા મળી, જેની હાલ તપાસ કરવામાં આવી રહી છે.

# આકાશના વાદળોમાં ભારત દેશનો નકશો સર્જાતા લોકોમાં કૂતુહલ



ડભોઇ શહેરમાં આકાશમાં અદભુત ભારતના નકશા જેવું દશ્ય જોવા મળ્યું જેને લઈને લોકો આકાશની તરફ નજારો જોવા ઉમટી પડ્યા હતા. કુદરતની લીલાને કોઈ પહોંચી શકે નહીં. સમગ્ર વિસ્તારના આકાશમાં વાદળો થકી ભારતના નકશા જેવું દશ્ય સર્જાયેલું જોવા મળતા તેને લઈને લોકો ઠેર-ઠેર આકાશમાં જોતાં નજરે પડ્યા હતા. ઘણાં બધાએ આ દશ્ય કેમેરા તથા મોબાઈલમાં કલીક કરી વાયરલ કરવા માંડ્યા હતા.

ગોંડલના ખેડૂતે ફોન પર કરેલ વાત અંગેની ક્લિપ જોરશોરથી વાયરલ

# રાજ્યના ખેડૂતોની કફોડી સ્થિતિ અંગે કૃષિમંત્રીને વાકેફ કરતા ખેડૂત : આત્મહત્યા સિવાય કોઈ માર્ગ નથી

## કુદરતી આફતથી ખેડૂતો મરી જવાના છે, તમે એકવાર તો આવો અહીં...! : ખેડૂત

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૨૨

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી કમોસમી વરસાદ જારી રહેતા સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરના ખેડૂતોને પાયમાલ કર્યા છે. ખેતરમાં તૈયાર પાક પર વરસાદી પાણી ફરી વળતાં આગામી સમયમાં ખેડૂતોને પાકના પૂરતા ભાવ ન મળતાં દિવાળીની ઉજવણી ઝાંખી થશે એવું લાગી રહ્યું છે. જૂનાગઢ અને ગોંડલ જિલ્લામાં ગત વર્ષે સરેરાશ એક વીઘામાં ૧૨ મણ મગફળીનું ઉત્પાદન થતું હતું, ત્યારે આ વર્ષે ભારે વરસાદને પગલે માત્ર ત્રણથી ચાર મણ જ મગફળીનું ઉત્પાદન થયું છે. સરકાર દ્વારા જો યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે તો ખેડૂતોએ આત્મહત્યા કરવા સિવાય કોઈ રસ્તો નથી. આ સ્થિતિ વચ્ચે ગોંડલના એક ખેડૂત અને કૃષિમંત્રી રાઘવજી પટેલનો વાતચીતનો વીડિયો ખૂબ જ વાઈરલ થયો છે, જેમાં ખેડૂતની એક જ માગ છે- સાહેબ, એકવાર અહીં આવીને જુઓ, આમાં તો ખેડૂતો મરી જશે...રાજયમાં કમોસમી વરસાદના લીધે મગફળીના પાકને નુકસાન થયું અને એને લઈને ખેડૂતોની હાલત કફોડી બની છે ખેડૂતો અને મગફળીના વેપારીઓ પાસેથી બજારની તથા ખેડૂતોની સ્થિતિનો તાગ મળ્યો હતો. જેમાં ગોંડલના ખેડૂત ઓમદેવસિંહે રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલ સાથે વાત કરી તેના વાયરલ ઓડિયોમાં તેમણે કૃષિમંત્રીને સતત વરસાદથી સર્જાયેલ સ્થિતિ જોવા બોલાવ્યા હતા અને વધુમાં તેમણે કહ્યું કે, ખેડૂત મરી ગયો છે અને મરી જવાનો છે સુસાઈડ કર્યા વગર ખેડૂતો પાસે અન્ય કોઈ વિકલ્પ નથી. કૃષિમંત્રીએ મદદની વાત કરતા ખેડૂતે બધાને પરિસ્થિતિથી વાકેફ કરવા જણાવ્યું હતું. મેંદરડા ગામના પુરુષોત્તમ ઢેબરિયાએ જણાવ્યું હતું કે હાલમાં સમગ્ર જૂનાગઢ જિલ્લામાં અતિવૃષ્ટિનો વરસાદ પડ્યો છે. ત્યારે વધુ વરસાદ પડવાને કારણે ખેડૂતોનો પાક ધોવાઈ ગયો છે, જેમાં ખેડૂતોએ ખેતરમાં વાવેલા સોયાબીન, મગફળી, કપાસના પાક નિષ્ફળ જતાં ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાયો છે. પાક નિષ્ફળ જતાં ખેડૂતોને વીઘે ૧૫થી ૨૦ હજાર રૂપિયાની નુકસાની થઈ છે. ખેડૂતોએ દેવું કરી પોતાના ખેતરમાં વાવેતર કર્યું હતું, ત્યારે આ આફતના વરસાદે તેમને પાયમાલ કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યારે ખેડૂતો પોતાના માલઢોરને ચારો આપવા માટે પણ મૂંઝવણમાં મુકાયા છે. ત્યારે સરકાર દ્વારા વહેલી તકે સર્વે કરાવી વહેલી તકે વળતર ચૂકવે એવી માગ છે. આ વર્ષે વધુ વરસાદ પડવાને કારણે ખેડૂતોએ ત્રણ-ત્રણ વખત પોતાના પાકમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. મેંદરડા તાલુકાના ખેડૂત ચુનીલાલે જણાવ્યું હતું કે ચોમાસાની સિઝન પૂરી થતાં ખેડૂતોને આશા બંધાઈ હતી કે ખેતરમાં વાવેલો પાક સારો થશે અને રોકેલા રૂપિયાનું વળતર પણ સારું મળશે, પરંતુ અણધાર્યો વરસાદ પડતાં ખેડૂતોના ખેતરમાં પાણી ભરાયાં હતાં અને વાવેલા પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. તણાઈ ગઈ હતી, જેના કારણે ખેડૂતોને માથે રોવાનો વારો આવ્યો છે. સરકાર દ્વારા રહેલી તકે સર્વે કરાવી યોગ્ય વળતર ચૂકવવામાં આવે એવી માગ છે.

પોર્ટની માહિતી લીક કરવાના કેસમાં તપાસ દરમ્યાન પોલીસ એકશન

# ગુજરાત સરકારની મેરીટાઈમ બોર્ડની કચેરીમાં ગાંધીનગર પોલીસના દરોડા !

## તપાસ દરમ્યાન મોડેથી જીએસટી કૌભાંડમાં વધુ ફરિયાદ દાખલ થઈ શકે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૨૨

ગુજરાતમાં ૨૦૦ બનાવટી કંપની ખોલીને કરોડોની ટેક્સચોરી કરવાના કેસમાં ગુજરાત સરકારની મેરીટાઈમ બોર્ડની ઓફિસમાં ગાંધીનગર પોલીસે દરોડા પાડ્યા છે. બંદરો અંગેની માહિતી લીક કરવાના કેસમાં તપાસની કાર્યવાહી થઈ રહી હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી છે. ગાંધીનગર પોલીસની ૬ ટીમે દરોડા પાડ્યા છે. સાંજ સુધીમાં વધુ એક-બે ફરિયાદ દાખલ થાય એવી પણ સંભાવના છે. આ કેસમાં પત્રકાર મહેશ લાંગા સહિત અનેક આરોપીની ધરપકડ થઈ ચૂકી છે. પાંચ દિવસ પહેલાં આ કેસમાં રાજ્યમાં ૨૩ જગ્યાએ ઈડીએ દરોડા પાડ્યા હતા. અમદાવાદ, ભાવનગર, જૂનાગઢ, વેરાવળ, રાજકોટ, સુરત અને કોડીનારમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અમદાવાદ પોલીસના સપાટા બાદ કેન્દ્રીય એજન્સીએ પણ ઝંપલાવ્યું હતું. ઈડીએ નવેસરથી ફરિયાદ દાખલ કરી રેડ કરવાની કાર્યવાહી કરી હતી. ડાયરેક્ટર જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI)એ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને આપેલી માહિતીના આધારે અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા અને ભાવનગર મળીને ૧૪ જગ્યાએ રેડ કરી હતી. એમાં કુલ ૧૨ બોગસ પેઢી બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની અટકાયત કરાઈ હતી. એમાં સૌરાષ્ટ્રના ભાજપના ધારાસભ્ય ભગવાન બારડના પુત્ર અજય બારડ અને પત્રકાર મહેશ લાંગાની પણ પૂછપરછ કરાઈ હતી. પ્રાથમિક તપાસમાં બધાએ ભેગા મળીને સમગ્ર દેશમાં ૨૦૦થી વધુ બોગસ પેઢીઓ દ્વારા કરોડો રૂપિયાનું ઈનપુટ ટેક્સ ક્રેડિટનું કૌભાંડ કરાયું હોવાનું ખૂલ્યું છે. સેન્ટ્રલ GST દ્વારા ક્રાઈમ બ્રાન્ચની ફરિયાદના આધારે અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા, ભાવનગર સહિત રાજયભરમાં ૧૪ સ્થળે ક્રાઈમ બ્રાન્ચ, EOW અને SOGની ટીમો દ્વારા દરોડા અને તપાસ હાથ ધરવામાં આવી હતી. સમગ્ર દેશમાં ૨૦૦થી વધુ છેતરપિંડીથી બનાવેલી કંપનીઓ/એકમો સંગઠિત રીતે કામ કરી રહી છે, જેથી બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી પાસ કરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ પ્રકારની પેઢીઓ બનાવવા માટે બનાવટી ઓળખ અને દસ્તાવેજોનો ઉપયોગ, છેતરપિંડીના રસ્તાઓ અપનાવવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. આવાં બનાવટી બિલિંગ, બનાવટી દસ્તાવેજો અને તથ્યો/દસ્તાવેજોની ખોટી રજૂઆત દ્વારા કરોડો રૂપિયાની આવકને નુકસાન પહોંચાડવા માટે રાષ્ટ્રને નાણાકીય નુકસાન પહોંચાડવા માટે ગુનાહિત કાવતરું કરવા માટે એક મોટું જૂથ કામ કરી રહ્યું છે, જેની હાલ તપાસ ચાલી રહી છે અને કાયદેસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં બોગસ બિલિંગ કૌભાંડનો આંકડો ૫૦ હજાર કરોડને પાર દેશભરમાં ગુજરાત જીએસટી કલેક્શનમાં અગ્ર હરોળમાં રહે છે. એવી જ રીતે કૌભાંડમાં પણ અગ્ર હરોળમાં છે. ગુજરાતમાં હાલ જીએસટી બોગસ બિલિંગ કૌભાંડનો આંકડો ૫૦ હજાર કરોડને પાર થઈ ગયો છે. જુદા જુદા કેસની તપાસ હાલ ચાલી રહી છે.

ગુજરાત વિધાનસભા ખાતે 'લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ તાલીમ કાર્યક્રમ'માં કેન્દ્રીય મંત્રી અમિત શાહનું માર્ગદર્શન

# કાયદા બનાવતા સમયે તેમાં ઉદ્દેશ્યની સ્પષ્ટતા તથા સરળ ભાષાથી ન્યાયતંત્રનો હસ્તક્ષેપ ઘટે છે

## નાગરિકોના પ્રશ્નોને વાચા આપવાનું અને તેમના હિતમાં કાયદો ઘડવો એ જ ધારાસભ્યનું કામ : શાહ

## કાયદા ઘડતરની પ્રક્રિયા સાથે સંકળાયેલાઓની સજ્જતા સરળ અને સ્પષ્ટ કાયદા માટે આવશ્યક : CM

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભા ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને 'લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ તાલીમ કાર્યક્રમ'નો સમાપન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.




કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું હતું કે, લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ એ એક અગત્યની અને મહત્વપૂર્ણ કલા છે. ગુજરાત વિધાનસભા દ્વારા દેશમાં પ્રથમવાર લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ અંગેની તાલીમનું આયોજન કરવાનો નિર્ણય સરાહનીય છે. લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગની કલા એ કોઈપણ કાયદાને ઘડવા માટેનો સૌથી પ્રારંભિક અને મહત્વપૂર્ણ ભાગ છે. ક્ષતિગ્રસ્ત લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગના પરિણામે અનેક જટીલ સમસ્યાઓ ઉદભવે છે અને ન્યાયતંત્રનો હસ્તક્ષેપ વધે છે. લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગ એ કાયદો અને તેના ઉદ્દેશ્યોને સંપૂર્ણ કરવાની એક અનોખી કલા છે, તેમ કહેતા તેમણે ઉમેર્યું હતું કે, ડૉ. બાબા સાહેબ આંબેડકરના માર્ગદર્શન અને પરિશ્રમથી નિર્માણ થયેલું ભારતનું સંવિધાન લેજિસ્લેટીવ ડ્રાફ્ટિંગનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. અનેક મહત્વપૂર્ણ ચર્ચાઓ, સમિતિની બેઠકો અને સામાન્ય જનતા સાથે ખુલ્લા મને કરેલી ૧૬૦૦ જેટલી ચર્ચાઓ બાદ સંવિધાનનું ડ્રાફ્ટિંગ કરવામાં આવ્યું હતું. કાયદો બનાવવા કઈ બાબતોનું ધ્યાન રાખવું તે અંગે પોતાના વિચારો રજૂ કરતા તેમણે ઉમેર્યું હતું કે, કાયદો બનાવતી વખતે તેમાં સ્પષ્ટતા ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને કાયદામાં જે ઉદ્દેશ્ય કરવામાં આવી રહ્યો છે, તેની સ્પષ્ટતા અને સરળ ભાષાથી ન્યાયતંત્રનો હસ્તક્ષેપ ઘટે છે. કાયદાની જોગવાઈઓ પણ અમલ કરનારને રક્ષણ આપતી અને ભંગ કરનારને દંડ કરતી હોય તેવી સ્પષ્ટ રાખવી જરૂરી છે. સાથે જ, કાયદો બનાવતી વેળાએ જે તે વિષયના નિષ્ણાત, સંબંધિત અધિકારીઓ અને નાગરિકોના પ્રતિભાવો અને વિચારોને પણ ગંભીરતાપૂર્વક ધ્યાને લેવા જોઈએ.

ધારાસભ્યોને અનુરોધ કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, વિધાનસભા એટલે વિધેયકો પસાર કરીને નાગરિકોના હિત અને રક્ષણ માટે કાયદાની રચના કરવાની સભા. નાગરિકોના પ્રશ્નોને વાચા આપવાનું અને તેમના હિતમાં કાયદો ઘડવો એ જ ધારાસભ્યોનું મુખ્ય કામ છે. એટલા માટે જ, દરેક ધારાસભ્યે કાયદાની ભાષા વ્યવસ્થિત રીતે સમજવી જોઈએ, ચર્ચાઓમાં સહભાગી થઈને કાયદામાં રહેતી ક્ષતિઓને દૂર કરવા પોતાના સૂચનો રજૂ કરવા જોઈએ.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત આજે વૈશ્વિક આકાંક્ષાઓનું કેન્દ્ર બન્યું છે, જેનું આધાર બિંદુ ગુજરાત છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું કે, અંગ્રેજોના સમયમાં કાયદાની ભાષા અઘરી હતી. જે સામાન્ય માણસ માટે સમજવી મુશ્કેલ હતી. પરંતુ આજે આપણા દેશમાં લોકતંત્ર છે. જેથી પ્રજાતંત્રમાં કાયદાની ભાષા સરળ અને સમજી શકાય તેવી હોવી જોઈએ. કાયદો પ્રજા માટે હોય છે એટલે કાયદાના ડ્રાફટીંગમાં ભૂલ હોય તો તેનાથી પ્રજાની મુશ્કેલી વધે છે. જેથી કાયદાના ડ્રાફટીંગમાં ભૂલ ન હોય તે જરૂરી છે. પ્રજા વચ્ચે કાયદો મુકવાનું અને કાયદાનું ઘડતર કરવાનું કામ પ્રજાના પ્રતિનિધિઓનું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, કાયદાના નિયમોને આધિન શાસન વ્યવસ્થામાં કાયદા ઘડતર સાથે સંકળાયેલા અધિકારીઓની સજ્જતા આવશ્યક છે. કાયદાની ઘડતરની પ્રક્રિયા સાથે જોડાયેલા અધિકારીઓની તાલીમબદ્ધતા સરળ અને સ્પષ્ટ કાયદા-નિયમોનું ઘડતર કરશે. સ્પષ્ટતા વિનાના જટિલ કાયદા ગૂંચવણો ઊભી કરે છે અને કાર્ય નીતિના અમલમાં વિલંબ થાય છે. આ કાયદાઓ જેમણે તૈયાર કરવાના છે તે અધિકારીઓ અને આપણા સૌની જવાબદારી છે કે આપણે બનાવેલા કાયદા સ્પષ્ટ હોય, અમલમાં મુકવા યોગ્ય અને ન્યાય તથા સમાનતા સાથે સુસંગત હોય.

ગુરૂ-શિષ્યના પવિત્ર સંબંધને લાંછન લગાડતી ઘટનાથી ફિટકાર

# હારીજની પ્રાથમિક શાળાના આચાર્યએ ધો.૬ની પાંચ વિદ્યાર્થિની સાથે અડપલાં કરતા ચકચાર

## પોતાની કરતૂતનો ભાંડો ફૂટી જતાં લંપટ આચાર્ય ફરાર; તાત્કાલિક તપાસ ટીમની રચના કરાઈ

પાટણ, તા.૨૨

પાટણ જિલ્લાના હારીજ તાલુકાના દૂનાવાડા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય અને ધો.૬માં હિન્દી વિષય ભણાવતા અરવલ્લી જિલ્લાના નવા ગામના પ્રવિણ ભલાભાઈ પટેલ (ચૌધરી)એ ધો.૬માં અભ્યાસ કરતી પાંચ જેટલી સગીર વયની વિદ્યાર્થિનીઓ સાથે શારીરિક અડપલા કરી છેડતી કર્યાનો શિક્ષણ જગતને શર્મશાર કરતો બનાવ પ્રકાશમાં આવતા ખળભળાટ મચ્યો છે. ગુરૂ-શિષ્યના પવિત્ર સંબંધને લજવતા આ બનાવને પગલે ગામલોકો હારીજ પોલીસ મથકે દોડી આવ્યા હતા અને આ લંપટ આચાર્ય વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જો કે પોતાના કરતૂતોનો ભાંડો ફૂટી જતા આચાર્ય હાલ ફરાર હોવાનું જાણવા મળી રહ્યું છે. શિક્ષણ જગતને કલંકિત કરતા આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નવા ગામનો વતની પ્રવિણ ભલાભાઈ પટેલ

**શાળાના સાહેબો આવી હરકતો કરે તો દીકરીઓને કઈ રીતે ભણાવવી ?**

**એક વિદ્યાર્થિની માતાએ જણાવ્યું હતું કે અમારી છોકરીઓને આચાર્ય રોજ હેરાન કરે છે. આ સાહેબને નોકરીમાંથી કાઢી મૂકો. આને કયાંય નોકરી મળવી ન જોઈએ. સરકાર કહે છે 'દીકરીઓને બચાવો, દીકરીઓને ભણાવો' પણ શાળાના સાહેબો જ આવી હરકતો કરે તો દીકરીઓને કઈ રીતે ભણાવવી ?**

(ચૌધરી) હારીજ તાલુકાના દૂનાવાડા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેમજ ધો.૬માં હિન્દી વિષય લે છે. હિન્દી વિષયના અભ્યાસ દરમ્યાન આચાર્યએ ધો.૬ની કેટલીક સગીર વયની વિદ્યાર્થિનીઓ ઉપર નજર બગાડી હતી. અને પરીક્ષામાં નાપાસ કરવાની ધાક ધમકી આપી વિદ્યાર્થિનીઓના અંગો સાથે શારીરિક અડપલા કરી છેડતી કરતો હતો અને કહેતો હતો કે, આ વાત કોઈને કરશો તો પરીક્ષામાં નાપાસ કરી અને જાનથી મારી નાખીશ.

આચાર્યના આ કરતૂત અને અશ્લીલ હરકતોથી ત્રસ્ત બનેલી એક વિદ્યાર્થિનીએ શાળાએ જવાનું બંધ કર્યું હતું અને બિમાર પડી હતી. આ વિદ્યાર્થિનીને તેના માતા-પિતાએ વિશ્વાસમાં લઈ શાળાએ નહીં જવાનું કારણ પૂછતા તેણે આચાર્ય પ્રવિણ પટેલ (ચૌધરી)ના કાળા કરતૂતોનો ભાંડો ફોડી નાખ્યો હતો. આચાર્યની આવી હરકતનો ધો.૬ની અન્ય વિદ્યાર્થિનીઓ પણ ભોગ બની હોવાની હકીકત સામે આવતા દૂનાવાડાના ગામલોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને શાળામાં જઈ આચાર્ય પાસે ખુલાસો માંગતા લુલો બચાવ કર્યો હતો. આ સમયે એક વાલીએ આચાર્ય પ્રવિણ પટેલ (ચૌધરી)ને લાફા પણ માર્યા



હોવાનું કહેવાય છે. આચાર્યના શારીરિક અડપલા અને છેડતીનો ભોગ બનેલી પાંચથી વધુ વિદ્યાર્થિનીઓ સાથે દૂનાવાડાના ગામજનો હારીજ પોલીસ મથકે ઉમટી પડ્યા હતા જ્યાં આચાર્ય પ્રવિણ ભલાભાઈ પટેલ (ચૌધરી) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ તથા એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ રાધનપુર ડી.વાય.એસ.પી. ડીડી ચૌધરીએ હાથ ધરી છે. તો બીજી તરફ પાટણ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પણ તાત્કાલિક તપાસ ટીમની રચના કરવામાં આવી છે. જો કે આચાર્ય દૂનાવાડા ગામેથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

બંગાળની ખાડીમાં વાવાઝોડું સર્જાવવાની ભીતિ

# ગુજરાતમાં 'આસના' બાદ 'દાના' વાવાઝોડાની આફત

## વાવાઝોડાની અસર ઓછા પ્રમાણમાં થાય તેવી શક્યતાઓ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહમાં કમોસમી વરસાદને લીધે ખેડૂતોને પાયમાલ થવાની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ગુજરાતમાં 'આસના' વાવાઝોડા બાદ 'દાના' વાવાઝોડાની આફત આવી શકે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા બંગાળની ખાડીમાં વાવાઝોડું સક્રિય થઈ શકે છે એવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ અરબસાગરની લો પ્રેશર સિસ્ટમને કારણે ચોમાસાની વિદાય બાદ પણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે ત્યાં આગામી ત્રણ દિવસમાં બંગાળની ખાડીમાં વાવાઝોડું સર્જાઈને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના ભાગોમાં ટકરાવે એવી શક્યતાઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સિસ્ટમ પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ ગતિ કરી રહ્યું છે. જેને કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં તેની હળવી અસર વર્તાઈ શકે છે. ગુજરાતમાં સામાન્ય રીતે નવરાત્રિ આસપાસ ચોમાસું વિદાય લઈ લેતું હોય છે. આ વર્ષે પણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધા બાદ પણ વરસાદી કહેર યથાવત્ છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી સહિતના જિલ્લાઓમાં વરસાદી માહોલ છવાયો છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયાં સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. દિવાળીને હવે ૧૦ દિવસ બાકી રહ્યા છે ત્યારે અનેક જિલ્લામાં વરસેલા ધોધમાર વરસાદે ખેડૂતો અને વેપારીઓની ચિંતા વધારી છે. પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં અંદમાન નિકોબાર પાસે એક લો પ્રેશર સિસ્ટમ સક્રિય છે. જે ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ની સવારે ડિપ્રેશનમાં પરિવર્તિત થાય એવી સંપૂર્ણ શક્યતાઓ દર્શાવવામાં આવી હતી. ત્યારબાદ તે વધુ ને વધુ સક્રિય થઈને પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધતા ૨૪ તારીખ સુધીમાં સાયક્લોનિક સ્ટોર્મના સ્વરૂપે સક્રિય થઈ શકે છે એટલે કે આ ડિપ્રેશન ૨૪ ઓક્ટોબરના રોજ વાવાઝોડામાં પરિવર્તિત થઈને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા તરફ આગળ વધશે.

## ૧૦૦-૧૧૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે

આ વાવાઝોડાને કતાર દેશ તરફથી 'દાના' નામ આપવામાં આવ્યું છે, આ વાવાઝોડું ૨૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ઓરિસ્સામાં પ્રવેશ કરીને તારાજી સર્જી શકે છે તથા ઓરિસ્સાની આસપાસના રાજ્યમાં પણ તેની અસર વર્તાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત દેશના પશ્ચિમ છેડે આવેલું છે તેથી, રાજ્યમાં દાના વાવાઝોડાની અસરો ખૂબ જ ઓછા પ્રમાણમાં થાય એવી શક્યતાઓ છે. મહત્ત્વનું છે કે, 'દાના' વાવાઝોડા પહેલા બંગાળની ખાડીમાંથી જ એક સિસ્ટમ સંપૂર્ણ દેશને પાર કરીને ગુજરાત તરફ આવ્યું હતું. પૂર્વથી પશ્ચિમ સુધી આવીને આસના વાવાઝોડાએ ગુજરાતમાં અત્યંત ભારે વરસાદ વરસાવીને તારાજી સર્જી હતી પરંતુ, દાના વાવાઝોડું પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં સક્રિય થયા બાદ તે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશા તરફ ગતિ કરીને ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં ટકરાશે, જેને કારણે આગામી ૨૨થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ સહિતના રાજ્યમાં વરસાદી માહોલ રહેશે તથા ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ જ્યારે વાવાઝોડું જમીનથી નજીક આવશે ત્યારે ૧૦૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાશે.

ગુજરાત ટુડે

**આગામી દિપોત્સવી વિશેષાંકમાં આપની જાહેરખબર વહેલી તકે મોકલાવો**

**દિપોત્સવી**નો તહેવાર આવી રહ્યો છે આ પ્રસંગે પ્રસિદ્ધ થનાર વિશેષાંકમાં આપની ભાગીદારી અનિવાર્ય છે. હંમેશા ગત ૩૩ વર્ષમાં આપના **'ગુજરાત ટુડે'** એ અનેક સીમાચિહનરૂપ સિદ્ધિઓ હાંસલ કરી છે. સિદ્ધિઓનો આ સિલસિલો ભવિષ્યમાં પણ અવિરતપણે ચાલ્યા કરે તે માટે આપના દૈનિકને વધુ સધ્ધર બનાવવું આવશ્યક છે. આ વાસ્તવિકતાને નજર સમક્ષ રાખીને **'ગુજરાત ટુડે'** દૈનિકના આગામી દિપોત્સવી વિશેષાંકમાં આપ આપના ધંધા વ્યાપાર અને શુભેચ્છાની **જાહેરખબર સત્વરે મોકલી આપીને સહકાર આપશો** જ એવી અપેક્ષા છે **'ગુજરાત ટુડે'**ના વાંચકો ચાહકો અને શુભેચ્છકોને આ માટે ખાસ પ્રયાસ કરવા અમારી હાર્દિક અપીલ છે. આપ આપની જાહેરખબર અમારા સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી ખાતે સીધી પણ મોકલી શકો છો.

**દિપોત્સવી વિશેષાંક ૦૨-૧૧-૨૦૨૪ ને શનિવારે પ્રસિદ્ધ થશે**

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક,૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૦૭૯-૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS